॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રેરિત
સત્સંગ શિક્ષણ શ્રેણીનું પાઠ્યપુસ્તક : ૮

કિશોર સત્સંગ પરિચય

લેખક
સાધુ શ્રીહરિદાસ
(વાચસ્પતિ)

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

KISHORE SATSANG PARICHAY (Gujarati Edition)

(Introduction to Swaminarayan Satsang beliefs, traditions and history)

By Sadhu Shriharidas

A textbook for examination prescribed under the curriculum set by B.A.P.S. Swaminarayan Sanstha.

Inspirer: HH Pramukh Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

12th Edition:
January 2017. Copies: 10,000 (Total Copies: 61,500)

ISBN: 978-81-7526-609-4

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

બારમી આવૃત્તિ : જાન્યુઆરી ૨૦૧૭

પ્રત : ૧૦,૦૦૦ (કુલ પ્રત : ૬૧,૫૦૦)

કિંમત : **રૂા. ૨૫-૦૦** (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત **રૂા. ૩૫-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

કૃપાકથન

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજે સ્થાપેલી અને પોષેલી યુવકપ્રવૃત્તિ ઘણા વેગથી વિસ્તાર પામતી જાય છે. આ યુવકપ્રવૃત્તિમાં જોડાતા યુવકોની આકાંક્ષાઓ અને જ્ઞાનપિપાસાને સંતોષવા અને તેમને ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંત અભિમુખ કરવા બી.એ.પી.એસ. એટલે કે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ અભ્યાસક્રમ નિયત કરેલ છે તેની ક્રમબદ્ધ પુસ્તિકાઓના પ્રકાશનની યોજના સ્વામિનારાયણ અક્ષરપીઠે ઘડી છે.

આ પુસ્તિકાઓ દ્વારા પાઠશાળા ધોરણે સત્સંગનાં બાળકો તથા યુવકોને વ્યવસ્થિત એકધારું અને શુદ્ધ જ્ઞાન સરળ ભાષામાં આપવાનું વિચાર્યું છે. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ આદર્શોના પાલન અને પ્રચાર માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલ આ સંસ્થા, આ પ્રવૃત્તિ દ્વારા એ આદર્શોનો, સંપ્રદાયની એ ભવ્ય પ્રણાલીનો અને તે દ્વારા મહાન હિંદુ ધર્મની સંસ્કૃતિનો પ્રચાર કરશે.

સ્વામિનારાયણ ભગવાનનો એ દિવ્ય સંદેશ જગતને ખૂણે ખૂણે પહોંચાડવાની આ પ્રવૃત્તિની નેમ છે. જુદી જુદી ભાષાઓમાં આ પુસ્તિકાઓનું પ્રકાશન થાય તે માટે યોજના ઘડી છે. આશા છે કે સંપ્રદાયના અને સંપ્રદાયેતર સૌ ધર્મપ્રેમી મુમુક્ષુઓ આ પ્રવૃત્તિને આવકારશે અને તેમાં તન, મન અને ધનથી સંપૂર્ણ સહયોગ આપશે.

બાળકો તથા યુવકોને પ્રોત્સાહિત કરવા આ પુસ્તિકાઓને આધારે પરીક્ષાઓ લઈ તેમને પ્રમાણપત્રો આપવામાં આવશે. આ પુસ્તિકા તૈયાર કરવામાં શ્રીહરિદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, રમેશભાઈ દવે તથા કિશોરભાઈ દવે તથા જેમણે સહકાર આપ્યો છે તે સૌને રૂડા આશીર્વાદ છે.

વસંત પંચમી
સંવત ૨૦૨૮
અટલાદરા

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ)ના
ઘણા જ હેતપૂર્વક
જય શ્રી સ્વામિનારાયણ

નિવેદન

શ્રીજીમહારાજે પ્રવર્તાવેલા વર્તમાન, નિયમો તથા ઉપદેશને સત્સંગીઓમાં પ્રચલિત કરવાની આજે ખાસ જરૂરિયાત છે. આ પ્રથા અને આ દેશને અનુસરવાથી જ સત્સંગીઓનું સાચું જીવનઘડતર થાય છે. તેઓ કુસંગનો ત્યાગ કરીને, આદર્શ સત્સંગી બની શકે છે અને જીવનનું પરમ શ્રેય સાધી શકે છે.

શિક્ષાપત્રીના સામાન્ય નિયમ, સ્વાભાવિક ચેષ્ટા, શ્રી સ્વામિનારાયણ નામનો મહિમા, શ્રી ગુરુભજનસ્તોત્રમ્, સત્સંગ-સત્સંગી-કુસંગી, નિયમ-નિશ્ચય-પક્ષ, ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ સંબંધી સરળ સમજૂતી, કીર્તન, સુભાષિત દૃષ્ટાંતકથા, વચનામૃત તથા સ્વામીની વાતોનું નિરૂપણ અને શ્રીજીમહારાજે વચનામૃતમાં માન્ય કરેલા તથા બીજા પણ ઉત્તમ સંતો અને હરિભક્તોનાં પ્રેરણાદાયી ચરિત્રો આ પુસ્તિકામાં સરળ ભાષામાં રજૂ કર્યાં છે. ઉપરોક્ત સાહિત્ય સત્સંગી વાચકોને ઘણી જ માહિતી અને સમજણ પૂરી પાડશે અને સત્સંગમાં અધિક રુચિ સંપાદન કરાવશે.

સત્સંગ શિક્ષણ પરીક્ષાના અભ્યાસક્રમના એક ભાગરૂપે આ પુસ્તિકાની રચના કરવામાં આવી છે. તૃતીય પરીક્ષા 'સત્સંગ પરિચય' માટેની આ પુસ્તિકા આપના હાથમાં મૂકતાં અમને આનંદ થાય છે.

સ્વામીશ્રીજી તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજને રાજી કરવા સત્સંગી બાળકો, યુવાનો તથા જિજ્ઞાસુઓ આ અભ્યાસક્રમ તૈયાર કરી, સત્સંગની પરીક્ષાઓમાં ઉચ્ચ પ્રમાણપત્રો મેળવે એ જ અભ્યર્થના !

– સંપાદક મંડળ



અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે,
અમે સૌ શ્રીજીતણા યુવક, લડીશું શ્રીજીને માટે.

નથી ડરતા નથી કરતા, અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા.

અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,
અમારા અક્ષરપુરુષોત્તમ, ગુણાતીત ગાનને ગાઈશું.

અમે સૌ શ્રીજીતણા પુત્રો, અક્ષરે વાસ અમારો છે,
સ્વધર્મી ભસ્મ ચોળી તો, અમારે ક્ષોભ શાનો છે.

જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી,
પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી.

અનુક્રમણિકા

૧. શિક્ષાપત્રી

(સામાન્ય નિયમો, વિભાગ – ૨)

કિશોર સત્સંગ પ્રવેશના પુસ્તકમાં શિક્ષાપત્રી વિષેના કેટલાક સામાન્ય નિયમો આપણે જોઈ ગયા. અહીં આગળ મુમુક્ષુને પોતાના અધ્યાત્મ-વિકાસમાં ઉપયોગી એવા કેટલાક અધ્યાત્મ, સંગશુદ્ધિ અને વ્યવહારશુદ્ધિના વિવેક સંબંધી નિયમો આપણે જોઈએ.

અધ્યાત્મ વિવેક

દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા સ્ત્રી, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. કુબુદ્ધિવાળા તથા વર્ણસંકર મનુષ્યો તીર્થોની, પ્રતિમાની તથા શાસ્ત્ર વગેરેની નિંદા કરે છે, તેમના વંશનો જરૂર નાશ થાય છે. આવા મનુષ્યને પાપિષ્ટ, નાસ્તિક અને ચાંડાલ જાણવા ને કોઈ પ્રકારે એનો સંગ રાખવો નહીં – એમ શ્રીજીમહારાજે ‘વચનામૃત’માં પણ આજ્ઞા કરી છે. (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬)

તેથી હાસ્યવિનોદમાં પણ નિંદા ન કરવી અને કદાચ કોઈ અવિનયવાળા પુરુષો નિંદા કરતા હોય તો સાંભળવી નહીં. વેદ શબ્દથી ‘વચનામૃત’, ‘શિક્ષાપત્રી’, ‘સ્વામીની વાતો’ વગેરે સાંપ્રદાયિક શાસ્ત્રો પણ સમજવાં ને તેની નિંદા ન કરવી ને ન સાંભળવી. પતિવ્રતા સ્ત્રીની નિંદા ન કરવી – એવી આજ્ઞા કરીને શ્રીજીમહારાજે સ્ત્રીઓના શીલનું મહત્ત્વ વધાર્યું છે અને ઉત્તમ પ્રકારે તેનું રક્ષણ કર્યું છે.

માર્ગે જતાં શિવાલયાદિક દેવમંદિર આવે તો નમસ્કાર કરવા અને આદરપૂર્વક દર્શન કરવાં. નમસ્કાર પણ બે હાથ જોડીને પ્રીતિપૂર્વક કરવા. અનાદરપૂર્વક દર્શન કરવાથી દેવનો અપરાધ થાય છે. (૨૩)

વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય – એ પાંચ દેવને આદરપૂર્વક માનવા. (૮૪)

જે શાસ્ત્રને વિષે શ્રીજીમહારાજ તથા પૂર્વના અવતારાદિકનું યુક્તિપૂર્વક ખંડન કર્યું હોય, તે કદાપિ માનવું નહીં. યુક્તિપૂર્વક ખંડન શું? તો રામ-કૃષ્ણાદિક અવતારોને મનુષ્ય જેવા જ કહે અથવા રામકૃષ્ણાદિક અવતારો

એક કલ્પનામાત્ર છે એમ કહી તેમના અવતારપણાનું તર્કથી ખંડન કરે. અહીં એક વસ્તુનો ખાસ ખ્યાલ રાખવાનો છે કે શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી અને સર્વ કારણના કારણ છે અને અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી છે. તે ભગવાન સદા દિવ્ય સાકારમૂર્તિ છે, સર્વકર્તા છે ને પ્રગટ છે. તેમાં શ્રીજીમહારાજને અરૂપ (નિરાકાર) અથવા અકર્તા કહેવા અથવા અન્ય અવતાર જેવા કહેવા એ તેમના સ્વરૂપનું ખંડન કર્યું કહેવાય.

શાસ્ત્રના શબ્દો ભ્રમ ઉપજાવનારા છે, તેથી શ્રીજીમહારાજે કહ્યું છે કે – સત્પુરુષના મુખ થકી જ શાસ્ત્રનું શ્રવણ કરવું, તો જ સાચી વાત સમજાય. ભગવાનને જ્યારે જ્યોતિસ્વરૂપ (નિરાકાર) કહ્યા હોય, ત્યારે માયિક કર-ચરણાદિકનો (હાથ-પગ વગેરેનો) નિષેધ કર્યો છે એમ સમજવું, પણ શ્રીહરિ તો સદા દિવ્ય સાકાર છે. તેથી શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિની સર્વ ક્રિયા દિવ્ય છે એમ માનવું. તેવી જ રીતે બીજા જે અવતારો છે તે વંદન કરવા યોગ્ય છે. માટે તેમનું યુક્તિપૂર્વક ખંડન કર્યું હોય તેવાં શાસ્ત્ર માનવાં-સાંભળવાં નહીં. (૨૯)

ગુરુનું અપમાન ન કરવું તથા સદ્‌ગુણોવાળા મોટાપુરુષનું અપમાન ન કરવું. ગુરુ એ ભગવાનનું સ્વરૂપ છે. 'गुरुः साक्षात् परब्रह्म।' ગુરુનું અપમાન આપણા સર્વ ધર્મનો, સત્કર્મનો તથા શ્રેયનો નાશ કરે છે. (૩૫)

ગુરુ, રાજા, વૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી આવે ત્યારે સન્મુખ ઊઠવું, અને એમનું સન્માન કરવું. આ સર્વે માનનીય છે. (૬૯)

ગુરુ, દેવ ને રાજાની સમીપે તથા સભામાં પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું તથા વસ્ત્રથી ઢીંચણને બાંધીને ન બેસવું (શિષ્ટ વર્તન રાખવું), કારણ કે તેમ બેસવાથી દેવ, ગુરુનું અપમાન થાય છે. તે અસભ્ય પણ દેખાય છે. (૭૦)

સ્ત્રીઓ સર્વે નિયમે યુક્ત હોય અને બ્રહ્મ-પરબ્રહ્મને વિષે નિષ્ઠા પામેલી હોય તો પણ તેમના મુખ થકી પુરુષોએ જ્ઞાનવાર્તા ન સાંભળવી. પુરુષોને સ્ત્રીના સંગથી અથવા સ્ત્રીનો સંગ કરતો હોય તેવા પુરુષના સંગથી જેવાં મોહ અને બંધન થાય છે તેવાં અન્ય કોઈ પણ પ્રસંગ થકી થતાં નથી. એટલા જ માટે શ્રીજીમહારાજે સ્ત્રી-પુરુષોની સભા જુદી કરી છે અને 'વચનામૃત'માં કહ્યું છે : બાઈઓ હરિભક્તો છે તેનું માહાત્મ્ય તો ઝાઝું સમજવું નહીં, તેમજ બાઈઓને ભાઈઓનું માહાત્મ્ય સમપણે સમજવું અને

એમ ન સમજે તો મોટું વિઘ્ન છે. (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૪)

મંદિરમાં પુરુષોએ સ્ત્રીઓનો તથા સ્ત્રીઓએ પુરુષનો સ્પર્શ ન કરવો. મંદિરમાંથી નીકળ્યા પછી પોતપોતાની રીતે વર્તવું. સ્પર્શથી નેત્રની ચપળતા વધે છે, તેણે કરીને વિઘ્ન થાય છે. (૪૦)

વિચાર્યા વિના તત્કાળ કાંઈ કાર્ય ન કરવું. વ્યવહારિક કાર્ય કરવાનું હોય તે બુદ્ધિ વડે વિચારીને તથા સત્પુરુષને પૂછીને કરવું; પરંતુ ધર્મ સંબંધી કાર્ય તો તત્કાળ કરવું. 'આ દેહ નાશવંત છે' – એમ સમજી ધર્મસંબંધી કાર્ય કાલે કરવાનું હોય તે આજે કરવું. સાંજે કરવાનું હોય તે હમણાં કરવું, કારણ કે મૃત્યુ અનિશ્ચિત અને અનિવાર્ય છે, એક ધર્મ જ શરીર નાશ પામ્યા પછી જીવની સાથે આવે છે.

પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી, કારણ કે વિદ્યાદાન એ મોટું દાન છે. (૩૬)

ધર્મે રહિત ભગવાનની ભક્તિ કોઈ પ્રકારે ન કરવી, ધર્મે સહિત જ કરવી, એ સર્વે સત્શાસ્ત્રનું રહસ્ય છે. ભક્તિ કે મહિમાનું બળ લઈને ધર્મનો ત્યાગ ન કરવો. કેટલાક ભક્તો મહિમા અને ભક્તિનું નિમિત્ત બતાવીને અધર્માચરણ કરતાં ડરતા નથી. આથી, આસ્તિક મનુષ્યોની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ડગી જાય છે. પોતાના ઈષ્ટદેવને સર્વકારણ ને રક્ષણહાર માનીને અજ્ઞાની મનુષ્યની નિંદાના ભયથી ભગવાનની સેવાનો ત્યાગ કરવો નહીં. (૩૯)

દ્વારિકા આદિક તીર્થની યાત્રા પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી અને પોતાના સામર્થ્ય પ્રમાણે ગરીબો પ્રત્યે દયાવાન થવું. પોતાના ઈષ્ટદેવનો જ્યાં નિરંતર વાસ છે એવાં ગઢપુર, વરતાલ, અમદાવાદ, જૂનાગઢ, છપૈયા, અયોધ્યા વગેરે તીર્થોની યાત્રા કરવી. 'ભગવાન પોતાના અક્ષરધામ સહિત જ પૃથ્વી ઉપર પધારે છે' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧) – એ સિદ્ધાંત પ્રમાણે ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે અક્ષર અને પુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી, બોચાસણ, સારંગપુર, ગોંડળ, અટલાદરા, ગઢપુર, ભાદરા વગેરે મંદિરો બાંધ્યાં. તેને ઉત્તમ તીર્થસ્થાન જાણી તેની યાત્રા કરવી. જંગમતીર્થ જે પરમ ભાગવત સંત તેને વિષે મન દૃઢ રાખવું. (૮૩)

ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે બીજા કોઈ ક્ષુદ્ર દેવનાં સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. (૮૫) વચનામૃતમાં શ્રીહરિએ સ્વામિનારાયણ

મહામંત્રનો જપ કરવાનો આદેશ આપ્યો છે. મહાન સંતો શ્રીજનમંગલ-નામાવલિ કે સર્વમંગલનામાવલિ કે તેનાં સ્તોત્રોનો પાઠ કરવાનો આદેશ આપે છે.

સંગશુદ્ધિ

જેનાં વચન સાંભળવાથી ભગવાનની ભક્તિ ને પોતાના ધર્મ થકી પડી જવાય તેના મુખ થકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી. અર્થાત્ જે વક્તાના જીવનમાં ઈષ્ટદેવ શ્રીજીમહારાજ પ્રત્યેની ભક્તિ ને ધર્મ ન હોય તો તેની વાતો ન સાંભળવી. એનાથી સાંભળનારાનું કલ્યાણ થતું નથી. ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા (જાદુ-મંત્ર) કરીને ઠગનારો તેમજ કૃતઘ્ની(કરેલા ઉપકારને ન જાણે, ઉપકાર પર અપકાર કરે – તેવી વ્યક્તિ)નો સંગ ન કરવો. નીચ માણસોના સંગથી આપણી બુદ્ધિ મલિન થાય છે. (૨૫, ૨૬, ૨૭)

ભક્તિ અથવા જ્ઞાનનું આલંબન લઈને સ્ત્રી, ધન અને રસાસ્વાદમાં અતિશય લોલુપ થકા પાપ કરતા હોય તેનો સંગ ન કરવો. જે અસત્પુરુષ હોય છે તે માહાત્મ્યજ્ઞાનનું આલંબન લે છે કે 'ભગવાન તો અધમોદ્ધારણ છે અને પતિતપાવન છે અને એક વાર પણ સ્વામિનારાયણ નામ લેવાથી સર્વ પાપનો નાશ થઈ જાય છે, કારણ કે આશરો બળવાન છે,' એમ કહી સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદને વિષે આસક્ત રહેતા હોય, તો જેમ સ્ત્રીના સંગથી ભ્રષ્ટ થવાય છે તેવી જ રીતે સ્ત્રીને વિષે આસક્તિવાળાના સંગથી પણ ભ્રષ્ટ થવાય છે, એ સનાતન સિદ્ધાંત છે. જેવી રીતે પુરુષને સ્ત્રીના સંગનો નિષેધ છે, તેવી જ રીતે સ્ત્રીઓ પણ પુરુષના સંગથી ભ્રષ્ટ થઈ જાય છે.

શ્રીજીમહારાજ કહે છે : 'જેને દ્રવ્યાદિકનો લોભ, સ્ત્રીને વિષે બેઠા ઊઠ્યાની વાસના તથા રસને વિષે જીહ્વાની આસક્તિ છે તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહીં.' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૮). તો પછી એનો સંગ કરનારાને પણ ક્યાંથી સુખ થાય ? એટલા જ માટે સત્સંગીએ સ્વધર્મનિષ્ઠ અને ભગવાનના પરમ એકાંતિક સંતનો નિત્ય પ્રત્યે સંગ કરવો. અર્થાત્ દર્શન-પૂજન, વચન-પાલનરૂપ સમાગમ કરવો. તે થકી આ માર્ગમાં શ્રદ્ધા ને ભક્તિ તત્કાળ ઉત્પન્ન થાય છે. (૨૮, ૩૬)

આહાર-વ્યવહાર શુદ્ધિ

શાસ્ત્રોએ જે ખાદ્યપદાર્થનો નિષેધ કર્યો છે તે ભગવાનને ધરાવીને પ્રસાદીના માહાત્મ્યે કરીને પણ ગ્રહણ ન કરવું. સદાચારી ન હોય તેવી વ્યક્તિએ પકવેલું ભોજન-પાણી અગ્રાહ્ય છે. આ સંબંધમાં શ્રીજીમહારાજ કહે છે : પંચવિષયને સમજ્યા વિના ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહીં કરે અને તે નારદ-સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે. તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું. (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮) (૨૦)

લાંચ ન લેવી. કારણ કે અન્યાયથી મેળવેલી સંપત્તિ બુદ્ધિ ભ્રષ્ટ કરે છે ને મૂળે સહિત નાશ પામે છે. (૨૬)

પુરુષોએ સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો, કારણ કે તેમાં અનર્થ થવાનો સંભવ રહે છે. તેવી જ રીતે રાજા તથા રાજાના માણસ કે સરકારી અધિકારી સંગાથે વિવાદ ન કરવો. તથા શ્રેષ્ઠ મનુષ્ય, લોકને વિષે પ્રતિષ્ઠિત, વિદ્વાન તથા શસ્ત્રધારીનું અપમાન ન કરવું. તેમનું અપમાન કરવાથી પોતાના સર્વસ્વનો નાશ થવા સંભવ રહે છે. (૩૪, ૩૫)

કોઈનો વિશ્વાસઘાત ન કરવો. આથી સામેની વ્યક્તિને ઘણું નુકસાન પહોંચે છે. એનો અંતરાત્મા દુખાય છે. તથા પોતે પોતાનાં વખાણ ન કરવાં. કારણ, જે મિથ્યાભિમાની છે તે જ પોતાનાં વખાણ કરે છે, પરંતુ જે ખરેખર ગુણવાન છે, તે અતિ નમ્ર હોય છે, નિર્માની હોય છે, પણ પોતાની પ્રશંસા કરી બીજાને આંજી દેતો નથી કે દબાવતો નથી. (૩૭)

જે મનુષ્ય જેવા ગુણે યુક્ત હોય તેને તેવું કાર્ય વિચારીને જ સોંપવું, પણ જે કાર્યમાં જે યોગ્ય ન હોય તેને તે કાર્ય ક્યારેય ન સોંપવું. (૬૬)

પોતાના સેવકની[1] સામર્થ્ય પ્રમાણે અન્ન-વસ્ત્રે યોગ્ય સંભાવના નિરંતર રાખવી. પોતાના સંબંધીજન તથા સેવકવર્ગ તે સર્વેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન-વસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી. (૬૭)

દરેક વ્યક્તિને ઘટે તેવાં વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય

---

૧. કર્મચારી, મજૂર, નોકર, લાંબી કે ટૂંકી મુદતે નિશ્ચિત ધન અથવા ધાન્ય આપવાના કરાર સાથે રાખેલ માણસ. (શિક્ષાપત્રી અર્થદીપિકા)

બોલાવવી, પણ એથી બીજી રીતે ન બોલાવવી. સામાજિક વિવેક સંબંધી ઉત્તમ વિચારો અહીં શ્રીજીમહારાજ રજૂ કરે છે. (૬૮)

કોઈની પણ ગુપ્ત વાત કોઈ ઠેકાણે જાહેર કરવી જ નહીં, કારણ કે તેમ કરવાથી વિશ્વાસઘાતનું પાપ લાગે છે તથા ગુપ્ત વાત ઉઘાડી પડી જતાં તેના હૃદયને જે આઘાત - દુઃખ થાય છે તેથી પરદ્રોહનું પાપ લાગે છે. સામાના દોષ સુધારવાની ભાવના હોય તો હિતબુદ્ધિથી પ્રેમપૂર્વક એકાંતમાં સૂચન કરવું, પણ તેને ફજેત ન કરવો. વળી, જેનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી રીતે જ સન્માન કરવું પણ સમદૃષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહીં. (૭૫)

૨. કીર્તન

હે હરિ હરિ પ્રભુ કરુણા કરી
નરનારી ઉગારવાને નરતનુ ધરી...
અક્ષરધામી છો બહુનામી, સ્વતંત્ર સર્વાધાર;
કળીમળ બળ જે પ્રબળ થયો, હરિ તેના છો હરનાર... ૧
અસુર અધર્મી મહાકુકર્મી, દેતા જનને દુઃખ;
મૂળથી તેનાં કુળ ઉખાડી, સંતને દીધાં સુખ... ૨
વાદી હરાવ્યા બંધ કરાવ્યા, હિંસામય બહુ યાગ;
દારૂ માટી ચોરી અવેરી, તેહ કરાવ્યા ત્યાગ... ૩
પાજ ધર્મની આજ શું બાંધી, લીધી અરિની લાજ;
ધન ત્રિય ત્યાગી સાધુ કીધા, સર્વોપરી મહારાજ... ૪
વિશ્વવિહારી અજ અવિકારી, અવતારી અલબેલ;
કલ્પતરુ છો સુખ દેવામાં, છોગાળા રંગ છેલ... ૫

૩. ગલુજી

ડડુસર(મહેમદાવાદ પાસે)ના રજપૂત ગલુજી ખેતરેથી આવીને વાળુ કરવાની તૈયારી કરી રહ્યા હતા. તેમની માએ દીવો કરી થાળી પીરસી.

તે જ વખતે ગામ વડથલના હરિભક્ત ધર્મસિંહ શ્રીજીમહારાજનો કાગળ લઈ આવી પહોંચ્યા. કાગળમાં લખ્યું હતું : ‘આ કાગળ વાંચીને તરત

ઘરની તમામ ઘરવખરી ગાડામાં ભરીને, તમારાં માતુશ્રીને ઘેર એકલાં રાખીને તમો વડથલ આવો.'

કાગળ વાંચીને ગલુજીએ શ્રીજીમહારાજની આજ્ઞા માથે ચડાવી, તમામ ઘરવખરી ભેગી કરી રાત્રે શ્રીજીમહારાજ પાસે વડથલ પહોંચી ગયા.

કોઈ જૂની અદાવતને કારણે ગલુજી ઉપર વેર લેવા તૈયાર થયેલા કેટલાક ગરાસિયાઓએ તે રાત્રે ગલુજીના ઘરને ઘેરી લીધું. કેટલાક છાપરા ઉપર ચડ્યા અને નળિયાં ખસેડીને અંદર પેઠા. ગલુજીના ઘરમાં એક દીવો ટમ ટમ બળતો હતો. ખાટલામાં ગલુજીની મા હાથમાં માળા લઈને 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ'ના નામની માળા ફેરવતાં હતાં.

એકાએક અંદર માણસોને ઊતરતાં જોયા એટલે મા ઝબકી ગયાં. તેણે પૂછ્યું : 'કોણ એ ?'

સામેથી સાદ આવ્યો : 'ગલુજી ક્યાં છે ?'

'સ્વામિનારાયણ ભગવાને તેડાવ્યો તે ગલુજી તો કાલે રાતે વાળુ કર્યા વિનાનો જ વડથલ ગયો છે. ઘરની ઘરવખરી પણ બધી ગાડામાં ભરીને ભેગો લઈ ગયો છે.' ડોશીમા બોલ્યાં.

ગરાસિયા ચમક્યા ! ડોશી પાસે તે બધા આવ્યા અને ડોશીને કહ્યું : 'માડી ! તમારા ભગવાન સાચા અને તમારા દીકરા ગલુજી પણ ભગવાનના



ભગત ખરા. આજે અમારે તેને મારી નાખવા હતા, આ ઘર લૂંટી લેવું હતું, પણ તેના ભગવાન તેની વહારે આવ્યા.'

ડોશી તો આ બધું થડક્યા વગર સાંભળતાં જ હતાં. તેને સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ નિશ્ચય હતો. તેણે કહ્યું : 'બાપ ! મારા ગલુજીની રક્ષા કરવા તો મહારાજે તેને કાલે વડથલ તેડાવી લીધો, તમે તેનું વેર મૂકી દ્યો તો તમારી પણ રક્ષા ભગવાન કરે.'

ગરાસિયાઓને આ વાત ખરી લાગી. તેમણે કહ્યું : 'મા ! ખરી વાત છે. આજથી ગલુજીના ભગવાન એ અમારા ભગવાન. અમારે ગલુજી સાથે હવે કાંઈ વેર નથી. ભગવાનના અમને હવે આશીર્વાદ અપાવજો.' એમ કહી માને પગે લાગી તે બહાર નીકળી ગયા.

એક વખત શ્રીજીમહારાજ ડડુસર પધારવાના હતા. તે વખતે ગલુજીનાં માતુશ્રી દેહ મૂકી ગયાં. સર્વ ભાઈઓએ વિચાર કર્યો : 'હવે આપણે શું કરવું ?'

ત્યારે ગલુજી બોલ્યા : 'મહારાજ પધારે છે અને જો આપણે માની દેહક્રિયા કરવા રહેશું તો મહારાજ ચાલ્યા જશે. માટે ડોશીમાના દેહને ઢાંકી, રજોઠિયે (માળિયે) મૂકી દઈએ.' આમ કર્યું પણ મરણપોક પાડી નહીં.

સવારના શ્રીજીમહારાજ સંતમંડળ સહિત પધાર્યા. ત્યારે ગલુજી સાદો પોષાક પહેરીને ઢોલ-ત્રાંસાં લઈને શ્રીજીમહારાજની સામા ગયા. શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કર્યા. ગામના શેઠની ડેલીએ શ્રીજીમહારાજ અને સંતમંડળનો ઉતારો રાખ્યો. બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી, થાળ કરાવીને શ્રીજીમહારાજને તથા સંતમંડળને જમાડ્યા. પછી શ્રીજીમહારાજે કહ્યું : 'આજે અમારે વરતાલ જવાની ઉતાવળ છે. તે ફરી વાર આવીશું ત્યારે તમો કહેશો તેમ કરીશું.'

વાજતે-ગાજતે શ્રીજીમહારાજ તથા સંતમંડળને એક ગાઉ સુધી વળાવવા ગલુજી તથા સૌ હરિભક્તો ગયા. પછી શ્રીજીમહારાજે ગલુજીને ત્યાં ઊભા રાખીને કહ્યું : 'ગલુજી ! તમે હવે ઘેર જાઓ અને તમારું અધૂરું કામ પૂરું કરો.' એમ કહી શ્રીજીમહારાજ આગળ ચાલ્યા.

ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : 'મહારાજ ! ગલુજીનું કયું કામ અધૂરું હતું ?'

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : 'તમને શંકા તો નહીં થાય ને ?' એમ કહી બોલ્યા : 'તેની ડોશી ધામમાં ગયાં હતાં. તેને બાંધી, રજોઠિયે મૂકીને તેણે

આપણને જમાડ્યા. આવું તો ગલુજીથી થાય, બીજાથી બને નહીં.'

આ વાત સાંભળીને શ્રીજીમહારાજની સાથે સંતો-હરિભક્તો હતા તેમણે કહ્યું : 'અહો ! દરબાર ખરેખરા મહિમાવાળા કહેવાય. જેને આવી નિષ્ઠા હોય તે જ લોકલાજનો ત્યાગ કરે, બીજાને ધર્મ આડો આવે; પણ 'ભગવાનના સંબંધથી જ શુદ્ધ થવાય છે' – એવી સમજણવાળાની ભક્તિ ભગવાન બહુ માને છે.' એ પ્રમાણે ગલુજીની બહુ પ્રસંશા કરી.

૪. ભાલચંદ્ર શેઠ (ભાઈચંદભાઈ)

શ્રીજીમહારાજ સુરત પધાર્યા ત્યારે ત્યાંના હરિભક્તોનો ઉત્સાહ સમાતો ન હતો. અતિશય હર્ષપૂર્વક વાજતે-ગાજતે સામૈયું કરીને શ્રીજીમહારાજને પોતાના નગરને વિષે પધરાવ્યા. ભવ-બ્રહ્માદિક દેવતાઓને પણ દુર્લભ એવી પ્રત્યક્ષ શ્રીજીમહારાજની સેવા કરીને આ હરિભક્તો પોતાનો મનુષ્યજન્મ સાર્થક માનવા લાગ્યા. અનેક પ્રકારનાં વસ્ત્રો, આભૂષણો, ચંદન-પુષ્પના હારો તથા બીજા અનેક ઉપચારો વડે તથા વિવિધ પ્રકારનાં પકવાનો ધરાવીને શ્રીજીમહારાજની પ્રેમપૂર્વક ભક્તિ કરી, સુરતના ભાવિક ભક્તોએ શ્રીજી-મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી.

વણિક જ્ઞાતિના ભાઈચંદભાઈ આ તમામ હરિભક્તોમાં મોખરે હતા. તેમનો શ્રીજીમહારાજ પ્રત્યેનો આવો ભક્તિરસ તથા શ્રીજીમહારાજનો પ્રૌઢ પ્રતાપ જોઈને વિરોધીઓની ઉપદ્રવ કરવાની ઈચ્છાઓ મનમાં જ રહી ગઈ, કારણ કે ભાઈચંદભાઈના સમાગમથી સત્સંગી થયેલા શ્રી અરદેશર કોટવાલ પણ શ્રીહરિનું સામૈયું કરવા પધાર્યા હતા.

રાજાના કોટવાલ શ્રી અરદેશર પારસી હોવા છતાં ભાઈચંદભાઈના નિકટના મિત્ર હતા. તેમણે એક વખત ભાઈચંદભાઈને પૂછ્યું : 'ભાઈચંદભાઈ ! આપણે સંભારીએ અને તત્કાળ મદદ કરે એવો કોઈ ભગવાન અત્યારે પૃથ્વી ઉપર પ્રગટ છે ?'

ભાઈચંદભાઈએ કહ્યું : 'હાલમાં તો સ્વામિનારાયણ – મારા ઈષ્ટદેવ એવા ભગવાન છે. જ્યારે તમોને મુશ્કેલી આવે ત્યારે 'સ્વામિનારાયણ'ને સંભારજો, જરૂર તમારી રક્ષા કરશે.'

એ અરસામાં બીજાના રાગ-દ્વેષનો ભોગ બની જતાં અરદેશરની

કોટવાલની પદવી રાજાએ છીનવી લીધી. અરદેશર નિરાશ થઈ ગયા. એક વખત રાત્રે સૂતા હશે ત્યાં અચાનક ભાઈચંદભાઈના શબ્દો સાંભરી આવ્યા.

'હે ભાઈચંદભાઈના ભગવાન સ્વામિનારાયણ ! મારી રક્ષા કરો ને લાજ રાખો,' એ પ્રમાણે વારંવાર ઉચ્ચ સ્વરે પ્રાર્થના કરવા લાગ્યા. એમ ચિંતવન કરતાં કરતાં ઊંઘ આવી ગઈ. સ્વપ્નામાં શ્રીજીમહારાજે દર્શન દીધાં. તેમના કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો ને કહ્યું : 'સવારના રાજા તમને સૂબાગીરી પાછી આપશે.' સવારમાં જ્યારે અરદેશર જાગ્યા ત્યારે દર્પણમાં જોતાં પોતાના કપાળમાં કુંકુમનો ચાંદલો જોઈ તેમને ઘણું જ આશ્ચર્ય થયું.

શ્રીજીમહારાજના વચન પ્રમાણે સવારે રાજાએ બોલાવી સૂબાગીરી માનપૂર્વક પાછી સોંપી. તેમણે ભાઈચંદભાઈને આ વાત કરી અને 'જ્યારે શ્રીજીમહારાજ સુરત પધારે ત્યારે ભવ્ય સ્વાગત કરવું છે તથા દર્શન-સમાગમનો લાભ લેવો છે' એવી ઇચ્છા પ્રગટ કરી.

જ્યારે શ્રીજીમહારાજ સુરત પધાર્યા ત્યારે સ્વાગત કરવા શ્રી અરદેશર કોટવાલ હરિભક્તો સાથે ઠેઠ અશ્વિનીકુમારના ઘાટ સુધી ગયા ને ધામધૂમથી શ્રીજીમહારાજનું સ્વાગત કર્યું. શ્રીજીમહારાજે બહુ જ રાજી થઈ પોતાની પાઘ અરદેશરને સ્મૃતિરૂપે ભેટ આપી, જે હજી પણ તેમના વારસોએ પ્રસાદીનો મહિમા જાણી, જતન કરી સાચવી રાખી છે.



ભાઈચંદભાઈનું આવું ધર્મપરાયણ જીવન, નિષ્કામ ભક્તિ તથા ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની દૃઢ નિષ્ઠા જોઈ ઘણા લોકો તેમના સમાગમે કરી શ્રીજીમહારાજના અનન્ય સત્સંગી થયા હતા.

શ્રીજીમહારાજ સુરતમાં બિરાજતા હતા તે વખતે કથાવાર્તાના પ્રસંગમાં શ્રીજીમહારાજે વાત કરી કે 'જેણે પોતાનું કલ્યાણ ઇચ્છવું હોય, તેણે ધર્મે સહિત જ ભક્તિ કરવી.'

તે વખતે ભાઈચંદભાઈ ત્યાં બેઠા હતા. તેમણે પ્રશ્ન પૂછ્યો કે 'હે મહારાજ ! જન્મ-મરણના ફેરા ટાળી, અખંડ આપની સેવાના અધિકારી બનાવે એવી ભક્તિનું શું સ્વરૂપ છે ? આ ભક્તિને દૃઢપણે આશરેલા હોય તેવા ભક્તનું શું લક્ષણ છે ? અને ભક્તને ભગવાનમાં કેવી પ્રીતિ હોય ? તથા ભગવાનને પોતાના આશ્રિત ભક્તમાં કેવી પ્રીતિ હોય ?' એ પ્રમાણે ભક્તિ સંબંધી ચાર પ્રશ્નો પૂછ્યા.

ભાઈચંદભાઈ એવી ભક્તિના પાત્ર હતા, તેથી તેમના મુખેથી આ પ્રશ્નો સાંભળી શ્રીજીમહારાજ ઘણા જ રાજી થયા, કારણ કે શાસ્ત્રોના ભણેલા હોય પણ જો પાત્ર ન હોય તો આ પ્રશ્નોના ઉત્તર તેને રુચે-પચે નહીં.

પછી શ્રીજીમહારાજે ભાઈચંદભાઈને નિમિત્ત બનાવીને ઘણા વિસ્તારથી આ ચારે પ્રશ્નોના જવાબ આપીને સભામાં બેઠેલા તમામ હરિભક્તોને ભક્તિરસમાં તરબોળ કરી દીધા. પોતાને વિષે ભાઈચંદભાઈ વગેરેની આવી પરાભક્તિ જોઈ શ્રીજીમહારાજ ઘણા જ પ્રસન્ન થયા.

ભાઈચંદભાઈ શ્રીજીમહારાજને વિષે આવી ભક્તિ-નિષ્ઠાથી જોડાઈ ગયા હતા. તેથી જ્યાં જ્યાં મોટા ઉત્સવ સમૈયા થતા, ત્યાં ત્યાં ભાઈચંદભાઈ પોતાના સ્નેહી હરિભક્તો-મિત્રમંડળ સહિત પહોંચી જતા ને સેવા કરી શ્રીજીમહારાજને રાજી કરતા.

૫. મૂર્તિપૂજા

મૂર્તિ એટલે આકાર. તે આકારમાં ભાવ આરોપ કરવામાં આવે એટલે તે મૂર્તિ બને; તેની પૂજા થાય તે મૂર્તિપૂજા. ભારતીય સંસ્કૃતિમાં – વૈદિક સંસ્કૃતિમાં મૂર્તિપૂજા એ જીવન વિકાસનું મહાન સાધન મનાયું છે. કાષ્ઠ-પાષાણની નિર્જીવ મૂર્તિમાં મનુષ્યને તારવાની શક્તિ નથી, પરંતુ જ્યારે

પ્રત્યક્ષ ભગવાન અથવા બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ દ્વારા તેની વેદવિધિ અનુસાર પ્રાણપ્રતિષ્ઠા થાય છે ત્યારે તેમાં સાક્ષાત્ પરમેશ્વરનો આવિર્ભાવ થાય છે અને પછી તે પથ્થર કે કાષ્ઠ ન રહેતાં મુમુક્ષુઓ માટે મુક્તિનું દ્વાર બની જાય છે.

જેમ ચલણી નોટ કાગળ હોવા છતાં તેના ઉપર રાજ્યની મહોર છાપ લાગે છે ત્યારે તે કિંમતી નાણું બની જાય છે. તેમજ મૂર્તિ પણ સત્પુરુષના પ્રતાપે ભગવત્ભાવને પામી જાય છે. તેથી જ ભક્તો મૂર્તિમાં પથ્થર કે કાગળની ભાવના ન લાવતાં તેને સાક્ષાત્ પરમાત્મા માની તેની ભક્તિ કરે છે, પૂજે છે, વંદે છે, પ્રાર્થના કરે છે. જેને અંતરમાં પરમાત્માને જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે તે મૂર્તિમાં પણ પરમાત્માને સાક્ષાત્ દેખે છે. તે માટે મુમુક્ષુઓએ સત્પુરુષ અને સત્શાસ્ત્રના વચનમાં વિશ્વાસ રાખી, શ્રદ્ધાપૂર્વક મૂર્તિમાં એવી દૃઢ ભાવના કરવી જોઈએ.

મૂર્તિમાં પરમાત્મા સાક્ષાત્ નિવાસ કરીને રહ્યા છે. જો એકલવ્ય – ભીલ બાળકે દ્રોણાચાર્યની પ્રતિમા બનાવીને તે પ્રતિમાને વિષે ગુરુની સાક્ષાત્ ભાવના કરી, બાણવિદ્યા તેની પાસેથી શીખ્યા, તો બાણવિદ્યામાં અર્જુન કરતાં પણ તે અધિક નિપુણ થઈ ગયા. ધ્રુવજીએ પણ નારદજીના ઉપદેશથી મૂર્તિ-પૂજા કરી તો છ માસમાં જ પરમાત્માનાં દર્શન થયાં.

નરસિંહ મહેતાને દામોદરજી સાક્ષાત્ દર્શન દેતાં. વરતાલમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ રામપ્રતાપભાઈ સાથે વાતો કરતી. સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામીને ગોપીનાથજીની મૂર્તિ રોજ હાર આપતી. સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીને ગોપીનાથજીની મૂર્તિમાં શ્રીહરિએ દર્શન આપ્યાં હતાં.

આવશ્યકતા

મનને વિષય-વાસનાથી રહિત કરવું ઘણું કઠણ છે. ઘણા અનુભવ પછી મહર્ષિ પતંજલિએ કહ્યું કે 'यथाभिमतध्यानाद्वा' જેને જે અભિમત - પ્રિય હોય તેના ધ્યાનથી મન શાંત થાય છે. મન સ્થિર કરવાને માટે કોઈ ભૌતિક સાધનને 'પ્રતીક' બનાવવાની ખાસ જરૂરિયાત રહે છે. ગીતામાં પણ કહ્યું છે કે 'अव्यक्ता हि गतिर्दुःखम्' અવ્યક્ત વસ્તુમાં મન સ્થિર કરવું ઘણું કઠણ છે. એટલે કોઈ પ્રતીક હોવું જોઈએ. પતંજલિનો અનુભવ એ સૌનો અનુભવ છે. પ્રિય હોય તે જ 'પ્રતીક' બની શકે. ભગવાન અને સંત એ સૌના પ્રિય છે,

કારણ કે એ નિર્દોષ છે. એ ભગવાનની મૂર્તિમાં મનના ભાવો નવધા ભક્તિ-રૂપે જ્યારે ભક્ત ઠાલવે છે ત્યારે તેનું મન સ્થિર થાય છે.

પંચરાત્ર શાસ્ત્રમાં કહ્યું છે : જે મનુષ્યોને ભગવાનની પ્રતિમામાં પાષાણ, ધાતુ, કાષ્ઠ કે ચિત્રાદિકની બુદ્ધિ છે અને પોતાના ગુરુને વિષે મનુષ્યબુદ્ધિ છે તથા ભગવાનના ભક્તમાં જાતિબુદ્ધિ છે, તે મનુષ્યો અપરાધી અને નાસ્તિક બુદ્ધિવાળા છે.

શ્રીજીમહારાજ કહે છે કે જેને ભગવાનની મૂર્તિને વિષે નાસ્તિકપણું આવશે, તેને સંતને વિષે અને ભગવાનને વિષે પણ નાસ્તિકપણું આવશે.

પરમાત્મા સર્વવ્યાપક છે. જડ અને ચેતનમાં પણ છે. છતાં પ્રતિષ્ઠા કરેલી મૂર્તિમાં સર્વ પ્રકારે રહેલા છે. તેથી મન અને ઇન્દ્રિયોને સ્થિર કરવાનું અને પરમાત્માની પ્રાપ્તિ કરવાનું મૂર્તિપૂજા એક સાધન છે.

૬. શ્રી સ્વામિનારાયણ નામનો મહિમા

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારાં સ્મૃતિમાં અનેક, સર્વોપરી આ જ ગણાય એક... ૧
જો સ્વામિનારાયણ એક વાર, રટે બીજાં નામ રટ્યાં હજાર;
જપ્યા થકી જે ફળ થાય તેનું, કરી શકે વર્ણન કોણ એનું... ૨
ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે... ૩
ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ, જાણે જ જેનો મહિમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય, આ કાળમાં જો જપ એ જ થાય... ૪
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ જાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે... ૫
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાસી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે... ૬
ષડક્ષરો છે ષટ્‌શાસ્ત્ર સાર, તે ઉતારે ભવસિન્ધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વ ક્રિયામાં સમરો સદાયે... ૭
પવિત્ર દેહે અપવિત્ર દેહે, આ નામ નિત્ય સ્મરવું સનેહે;
જળે કરીને તનમેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય... ૮

જેણે મહાપાપ કર્યાં અનંત, જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનું સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતા... ૯
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહે જ તેનું... ૧૦

૭. મિત્રભાવ

એક હતો રાજકુમાર. તેને પ્રધાનપુત્ર સાથે ગાઢ મિત્રતા હતી. એક વખતે બંને શિકાર કરવા સાથે ગયા. રસ્તો ભૂલવાથી જંગલમાં બહુ ચાલીને થાકી ગયા. એટલે ઝાડ નીચે રાજકુમાર સૂઈ ગયો. તેનું રક્ષણ કરવા માટે પ્રધાનપુત્ર જાગતો બેઠો.

થોડી વારમાં એક મોટો સાપ ત્યાં ફૂંફાડા મારતો રાજકુમારની પાસે ડંખવા માટે આવ્યો. પ્રધાનપુત્રે સાપને જોતાં મારવા માટે તલવાર ઉગામી. સાપને વાચા થઈ. તેણે કહ્યું : ‘આ રાજકુમાર મારો પૂર્વજન્મનો વેરી છે. તેના ગળાનું લોહી હું પીશ ત્યારે જ મને શાંતિ થશે. માટે મને મારીશ નહીં.’

પ્રધાનપુત્રે કહ્યું : ‘હું તને તેના ગળાનું લોહી આપું છું પણ તારે એને કરડવું નહીં.’

સાપ આ સાંભળી સ્તંભી ગયો. પ્રધાનપુત્રે પાનનો પડિયો બનાવ્યો



અને રાજકુમારની છાતી ઉપર ચડીને ગળા ઉપર છરી વડે નાનો કાપો પાડ્યો. રાજકુમારે ચમકીને આંખો ખોલી. જોયું તો તેની છાતી ઉપર પ્રધાન-પુત્ર બેઠો હતો. તેણે તરત જ આંખો બંધ કરી દીધી.

પ્રધાનપુત્રે તેના ગળાનું લોહી પડિયામાં ભરીને સર્પને આપ્યું. સાપ તો લોહી પીને સડસડાટ ચાલ્યો ગયો. પ્રધાનપુત્રે રાજકુમારના ગળે વનસ્પતિની ઔષધી લગાડીને પાટો બાંધી દીધો.

થોડી વાર પછી રાજકુમાર જાગ્યો, છતાં જાણે કાંઈ જ બન્યું નથી તેમ તે કાંઈ પણ બોલ્યો નહીં અને બંને આગળ ચાલ્યા.

એમ જંગલમાં ફરતાં ફરતાં બે દિવસ થઈ ગયા, પણ રાજકુમારે કાંઈ પૂછ્યું નહીં. તેથી પ્રધાનપુત્રની ધીરજ ન રહી. તેણે પૂછ્યું : 'તું સૂતો હતો ત્યારે હું છરી લઈને તારી છાતીએ ચડી બેઠો હતો અને તારે ગળે છેકો માર્યો હતો. જો તારે ગળે આ પાટો બાંધેલો છે. છતાં પણ તું મને કેમ કાંઈ પૂછતો નથી ?'

તરત જ રાજકુમારે કહ્યું : 'તું મારો મિત્ર છે, તેથી તેં જે કર્યું હશે તે સારું જ કર્યું હશે – એમ માનીને હું કાંઈ પૂછતો નથી.'

આ જગ્યાએ બીજો કોઈ હોય તો તેને જરૂર શંકા થાય કે મારાં કિંમતી ઘરેણાં લેવા કે સોનામહોરો લેવા આ ચડ્યો હશે ? એવી અનેક શંકા-કુશંકા થાય; પણ રાજકુમારને સાચો મિત્રભાવ હતો અને અખૂટ વિશ્વાસ હતો કે મિત્ર મારું કાંઈ ખરાબ કરશે જ નહીં.

શ્રીજીમહારાજે કહ્યું છે કે જે મિત્ર હોય તે હિતનું વચન દુઃખ લગાડીને કહે તો પણ ખોટું ન લગાડે તે જ સાચો મિત્રભાવ કહેવાય. આવો મિત્રભાવ ભગવાન ને ભગવાનના સંત તથા હરિભક્તને વિષે દરેકે કરવાનો છે.

૮. નાજા જોગિયા

ભોંયરાના ગામધણી વાસુરખાચરના ત્રાસથી નાજા ભક્તની શ્રીજી-મહારાજે રક્ષા કરી. તે પછી તેની દૃઢ ભક્તિ જોઈ, તેને ગઢપુર બોલાવી પોતાની સમીપે રહેવાની શ્રીજીમહારાજે આજ્ઞા કરી.

એક વખત પ્રાગજી પુરાણી ગીતાની કથા કરતા હતા, અર્જુનને વિશ્વ-રૂપ દેખાડ્યું તે વાત આવી. નાજાને શંકા થઈ : 'વિશ્વરૂપ કેવું હશે ?'

શ્રીજીમહારાજે દયા કરીને તેને તરત જ સમાધિ કરાવી. પોતાના સ્વરૂપમાં ચૌદ લોક દેખાડ્યાં અને તેને હાથે ઝાલી અધ્ધર કર્યો. વળી, વિશ્વરૂપ પણ દેખાડ્યું, પણ નાજાની ધીરજ ખૂટી ગઈ. તેથી તરત જ તેને સમાધિમાંથી બહાર લાવ્યા.

નાજા જોગિયા એક વખત ગાડી હાંકતા હતા ને શ્રીજીમહારાજ અંદર સૂતા હતા. તે વખતે જીવાખાચરના બે કાઠી સવારે, ગાડી પાસે આવીને નાજા જોગિયાને પૂછ્યું : 'ગાડીમાં કોણ સૂતું છે ?'

નાજા જોગિયા તેમને બહારવટિયા જાણી મનમાં ગભરાયા ને બોલ્યા : 'એ તો મહેમાન છે ! તેમને મૂકવા સારુ જાઉં છું.'

ત્યારે એ કાઠીએ પૂછ્યું : 'એ સ્વામિનારાયણ તો નથી ને ?'

તે સાંભળી શ્રીજીમહારાજ મોં ઉપરથી લૂગડું ખસેડી લઈને બોલ્યા : 'હું સ્વામિનારાયણ છું. તારે શું કામ છે ?'

એટલે કાઠી રાજી થયા. અંદર અંદર કહેવા લાગ્યા : 'દાદાખાચરનો ગુરુ હાથ આવ્યો, તે બરછીએ મારો.' એમ કહી બંને જણાએ ગાડાની બેય બાજુએ આવીને બરછીઓ ઊંચી કરી, ત્યારે શ્રીજીમહારાજે હાકોટો માર્યો. તે બેય કાઠીના હાથ બરછીઓ સાથે ઊંચા ને ઊંચા રહ્યા.

પછી શ્રીજીમહારાજે નાજા જોગિયાને કહ્યું : 'હવે ગાડી હાંકો.'



પછી નાજા જોગિયા ગાડી હાંકતાં જાય ને પાછું જોતાં જાય. છેટે ગયા તોય તે કાઠી સવાર એમ ને એમ બરછીઓ ઊંચી કરીને ઊભા રહ્યા હતા. એવી રીતે નાજા જોગિયાને શ્રીજીમહારાજે પોતાનો પ્રતાપ દેખાડ્યો.

એક વાર શ્રીજીમહારાજ ઝીંઝાવદરમાં અલૈયાખાચરને ત્યાં છાના રહેતા હતા. નાજા જોગિયા સાથે હતા. ત્યાં એક દિવસ નાજા જોગિયા સાથે શ્રીહરિએ કુસ્તી કરવા માંડી. તે રમતમાં ચાર વાર નાજા જોગિયાને મોભારા (છત) સુધી ઊંચા ઉછાળી ઉછાળીને હેઠા પાડ્યા, પણ નાજા જોગિયાને કાંઈ વાગ્યું નહીં.

ત્યારે નાજે કહ્યું : 'હે મહારાજ ! આ ચાર-ચાર વાર હું મોભારા સુધી ઊછળીને હેઠો પડ્યો ને પૃથ્વી ઉપર બહુ પછડાટ ખાધા પણ મને તો સહેજ પણ વાગ્યું નહીં. એ કેમ થયું ?'

ત્યારે શ્રીજીમહારાજ કહે : 'તને વાગે તો તારાં હાડકાં ભાંગી જાય, તો અમારી સાથે ફરીને કોણ રમે ? તે સારુ તને વાગવા દીધું નહીં અને તારી રક્ષા કરી.'

શ્રીજીમહારાજ ધામમાં પધાર્યા બાદ નાજા જોગિયાએ આચાર્ય રઘુવીરજી મહારાજ પાસે ત્યાગીની દીક્ષા લીધી ને ઘનશ્યામદાસ નામ ધારણ કર્યું. પોતે વરતાલ રહેતા, પરંતુ સમૈયા પ્રસંગે જૂનાગઢ પધારતા.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની અંગ્રેજના લોઢા (હથિયાર) જેવી તીક્ષ્ણ વાતોથી તેમને ચોટ લાગી ગઈ. આથી, તેઓ જૂનાગઢમાં રહેવા લાગ્યા.

એક વખતે સભામંડપમાં ઘનશ્યામદાસ ધ્યાન કરતા હતા ત્યારે ગુણાતીતાનંદ સ્વામી પાસે બેઠા હતા. તેમણે ઘનશ્યામદાસને કહ્યું : 'ધ્યાન કરો છો કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંસને માથે હાથ ફેરવો છો ?'

ઘનશ્યામદાસ તો કાંઈ બોલી શક્યા નહીં, કારણ કે ધ્યાનમાં પોતે ગઢડા પહોંચી ગયા હતા ને ધોળા તલકાવાળી ભેંસ ઉપર હાથ ફેરવતા હતા.

તેઓ સ્વામીનાં ચરણોમાં પડી ગયા અને બોલ્યા : 'સ્વામી ! હું તમને ખંડિયા સમજતો હતો પણ આજે નિશ્ચય થયો કે તમે ખરા ચક્રવર્તી છો અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો. હવે તમે અક્ષર સાચા.'

પછી તો ઘનશ્યામદાસ પોતાના હેતવાળા તમામ શિષ્યોને કહેતા : ''આ સ્વામી મૂળ અક્ષરનો અવતાર છે. માટે ઓળખી લેજો. અમે મહારાજ


ભેગા રહેલા, તેથી અમે એમ સમજતા જે, 'અમારે કાંઈ કરવાનું બાકી નથી, પૂર્ણકામ થઈ ગયા છીએ,' પરંતુ અમારી ખોટ આજે ખબર પડી. સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર ને ભગવાનને રહેવાનું ધામ છે – એમ મેં ઘણી વાર શ્રીજીમહારાજના મુખેથી સાંભળ્યું છે, પરંતુ અક્ષરનો યથાર્થ મહિમા તો અહીં જૂનાગઢમાં સમજાયો.'' એમ ઘણી વાતો કરતા.

૯. મોટાં રામબાઈ

મોટાં રામબાઈ જેતપુરના જીવા જોષીનાં દીકરી હતાં. તેમનું પ્રથમનું નામ કડવીબાઈ હતું. તેમને તે જ ગામમાં પરણાવ્યાં હતાં, પરંતુ પૂર્વના સંસ્કારને લઈને તેમને શ્રીજીમહારાજનું અખંડ ભજન થતું.

તેમના સાસરે કોઈને આ ગમતું નહીં. તેમનો ધણી તો આસુરી બુદ્ધિવાળો હતો, તેથી તે પણ તેમને ભજન કરતાં જોઈ અત્યંત ત્રાસ આપતો. રાતે સૂઈ જાય ત્યારે કડવીબાઈની છાતી ઉપર ખાટલાનો પાયો મૂકીને તે સૂતો. પરંતુ કડવીબાઈને તો ભજનનું અંગ હતું, તેથી ભજન કરતાં થાકતાં નહીં અને ધણીના ત્રાસની બીક પણ રાખતાં નહીં.

'તેડી જાઓ તો અમારાં મન ઠરે.' એ કીર્તન એક વખત તેઓ બોલતાં હતાં ત્યાં અંતરીક્ષમાંથી અવાજ સંભળાયો : 'જેને ભજન કરવું હોય તેણે ચૂડી કે બલોયાં ન પહેરાય અને માથે વાળ પણ ન રખાય.'



કડવીબાઈ આ સાંભળી આશ્ચર્ય પામ્યાં. પછી પોતે પોતાના ભાઈ શિવરામ જોડે પીઠવડી તેમના સગાને ત્યાં ગયાં. કડવીબાઈ અહીં ફરી કીર્તન બોલ્યાં કે *'તેડી જાઓ તો અમારાં મન ઠરે.'* ત્યારે શ્રીજીમહારાજે અંતરીક્ષમાંથી ફરી એ જ શબ્દો કહ્યા.

શિવરામે કડવીને કહ્યું : 'બહેન ! આ તો મહારાજના શબ્દો છે.'

પછી કડવીએ શિવરામને કહ્યું : 'ચાલ, આપણે ગઢડા જઈએ.'

ભાઈ-બહેન ગઢડે આવ્યાં અને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. કડવીના ચિત્તની વૃત્તિ શ્રીજીમહારાજના સ્વરૂપમાં તણાઈ ગઈ અને શ્રીહરિના સર્વોપરી સ્વરૂપનો તેને નિશ્ચય થઈ ગયો.

પછી તેઓ જેતપુર આવ્યાં. કડવીને ભજનનો વેગ લાગ્યો હતો એટલે સાસરામાં પણ કામકાજ કરતાં કીર્તન બોલ્યાં જ કરતી.

એક દિવસ તેના ધણીને તેના ઉપર ગુસ્સો આવ્યો. તેણે તેને કહી દીધું : 'જા, આજથી તું મારે મા-બેન છો.'

કડવીને તો આ જોઈતું હતું. તેણે તરત જ તેને સામું કહ્યું : 'તું પણ આજથી મારે ભાઈ-બાપ જેવો છું.' એમ કહી બલોયા ભાંગી નાંખ્યા, માથેથી કેશ ઉતારી લીધા અને તેના ધણીનું તેણે સ્નાન કરી લીધું.

આથી, ન્યાતીલા બ્રાહ્મણો રોષે ભરાયા. તેમણે કડવીને મારી નાંખવા નક્કી કર્યું, પરંતુ ઉન્નડખાચર – ત્યાંના દરબાર – તે સત્સંગી હતા, તેમને આ ખબર પડી એટલે તેઓ ઉઘાડી તલવાર લઈને કડવીબાઈ પાસે આવીને ઊભા રહ્યા. તેમને જોઈને બ્રાહ્મણો ડરીને ભાગી ગયા.

તે જ રાત્રે શ્રીજીમહારાજે કડવીને દર્શન આપ્યાં અને કહ્યું : 'ફિકર કરીશ મા. કાલ ઉપરવાસ સારો વરસાદ થશે ને ભાદર નદીમાં પાણીનું પૂર આવશે. ત્યારે તું ત્યાં આવીને, અમારી મૂર્તિ સંભારીને પાણીમાં પડતું મૂકજે. અમારી મૂર્તિ તને તે વખતે પાણીમાં દેખાશે એટલે એ મૂર્તિની પાછળ પાછળ સામે કાંઠે આવી જજે.' એટલું કહીને શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા.

બીજે દિવસે બપોરે કડવીએ તેની સાસુને કહ્યું : 'હું નદીએથી પાણી ભરી આવું.' એમ કહી માટીના બે દેગડા લઈ સાસુના જવાબની રાહ જોયા વિના કડવી નદી કાંઠે આવી.

ઉપરવાસના પુષ્કળ વરસાદને લઈને ભાદર બે કાંઠામાં ભરપૂર હતી.

કડવીએ તો શ્રીજીમહારાજને યાદ કર્યા ત્યાં તેને શ્રીજીમહારાજની મૂર્તિ દેખાણી. તરત જ તેણે પાણીમાં ઝંપલાવ્યું. કાંઠે ઊભેલા ઘણા માણસોએ તેને પાણીમાં તણાતી દીઠી પણ તે તો શ્રીજીમહારાજની મૂર્તિને વળગીને સામે નીકળી ગઈ. ત્યાં શ્રીજીમહારાજના બે પાર્ષદો વેલડુ લઈને તેની રાહ જોતા હતા. તે વેલડામાં બેસીને તે ગઢપુર પહોંચી ગઈ.

શ્રીજીમહારાજ તેને જોઈને બહુ જ રાજી થયા. શ્રીજીમહારાજે તેનું નામ 'રામબાઈ' રાખ્યું. રામબાઈ જીવુબા ભેળા જ ગઢડામાં રહ્યાં અને હજારો બાઈઓને સત્સંગ કરાવ્યો.

સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ તેના પ્રસંગ ઉપરથી કીર્તન બનાવ્યું : *'મેરો કંગન નિકારી ગયો રે...'*

શ્રીજીમહારાજે આ સાંભળી પ્રેમાનંદ સ્વામીને ઠપકો આપતાં પૂછ્યું : 'એવું અમે ક્યારે કર્યું છે ?'

ત્યારે મોટીબાએ રામબાઈને બતાવ્યાં. તેમને જોઈ શ્રીજીમહારાજ મંદ મંદ હસવા લાગ્યા.

રામબાઈએ પોતાના દેહપર્યંત ગઢપુરમાં મોટીબા સાથે રહીને ભજન કર્યું.

૧૦. મંદિરો

શ્રીજીમહારાજે 'વચનામૃત'માં જણાવ્યું છે કે 'પરમેશ્વરની ઉપાસના રહેવા સારુ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં મંદિર કરાવ્યાં છે. તેમાં જો થોડો ત્યાગ રહેશે તો પણ ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણાં જીવનાં કલ્યાણ થશે.'

પૃથ્વી ઉપર પ્રગટ થવાના શ્રીજીમહારાજના છ હેતુમાંનો એક હેતુ એ પણ હતો કે 'પોતાના સર્વોપરી સ્વરૂપની, પોતાની ભક્તે સહિત ઉપાસના તથા જ્ઞાનમાર્ગનું રૂડી રીતે સ્થાપન કરવું.'


આ હેતુની સિદ્ધિ માટે તથા કાળાંતર સુધી સંપ્રદાયની પુષ્ટિ માટે શ્રીજીમહારાજે વરતાલ, ગઢપુર, જૂનાગઢ, અમદાવાદ, ભુજ, ધોલેરા વગેરે સ્થળોએ મહામંદિરો રચી, તેમાં લક્ષ્મીનારાયણાદિ દેવની મૂર્તિઓ પધરાવી, ભક્તજનો માટે ભક્તિમાર્ગની સ્થાપના કરી.

અમદાવાદ

શ્રીજીમહારાજે સૌપ્રથમ મંદિર અમદાવાદમાં બંધાવ્યું. પેશ્વાના રાજ્ય-પતન બાદ તરત જ અંગ્રેજોનું રાજ આવ્યું. અનેક દ્વેષીઓએ સ્વામિનારાયણ ધર્મનો પ્રચાર અમદાવાદમાં ન થાય તેવી તકેદારી રાખી હતી. તે વખતે અમદાવાદના કલેક્ટર સર એન્ડ્રયુ ડનલોપ, એરણ સાહેબ તથા બીજા ઉપરી અધિકારી જનરલ ગોર્ડન સાહેબને શ્રીજીમહારાજ સંતો તથા પાર્ષદો સાથે મળ્યા.

કેટલાંક વર્ષો પહેલાં એક વખત એરણ સાહેબ શિકાર કરવા ગયા હતા. વાઘનો શિકાર કરતી વખતે બંધૂકમાં એક જ ગોળી હતી તે વાઘનો કાન વીંધીને નીકળી ગઈ. તે વખતે વાઘ કૂદ્યો પણ શ્રીજીમહારાજે દિવ્ય સ્વરૂપે આવી એરણ સાહેબને હવામાં અધ્ધર ઊંચકી લીધા. એ વર્ષો પહેલાંની વાતનું તેમને આજે સ્મરણ થયું. શ્રીજીમહારાજનાં દર્શનથી તેમને ખાતરી થઈ કે આમણે જ મારી રક્ષા કરી હતી. તેથી તેમને અંતરમાં શ્રીજીમહારાજ પ્રત્યે ખૂબ ભાવ થયો અને શ્રીજીમહારાજની મરજી પ્રમાણે મંદિર કરવા સારુ જમીન આપવા વચન આપ્યું. શ્રીજીમહારાજ તેઓની ભાવનાથી પ્રસન્ન થયા.

શ્રીજીમહારાજે મંદિરના બાંધકામની જવાબદારી સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી તથા સદ્ગુરુ આનંદાનંદ સ્વામીને સોંપી. બ્રહ્માનંદ સ્વામીએ પોતાની વ્યવહાર-કુશળતાથી આ જમીનનો 'યાવત્ચંદ્ર દીવાકરૌ' પાકો લેખ કરાવી લીધો. આનંદાનંદ સ્વામી બધી દેખરેખ રાખતા. બ્રહ્માનંદ સ્વામી જેવા ચતુર અને કાબેલ પુરુષના માર્ગદર્શન હેઠળ આ મંદિરનું બાંધકામ બહુ થોડા સમયમાં પૂર્ણ થયું.




ત્રણ શિખરના ઉત્તરાદા બારના (ઉત્તર દિશાના) આ મંદિરમાં ભરત-ખંડના રાજા શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા શ્રીજીમહારાજે સંવત ૧૮૭૮ ફાગણ સુદ ત્રીજને દિવસે વેદોક્ત-વિધિથી કરી. અમદાવાદમાં મંદિર થયા પછી શ્રીજીમહારાજ ઘણી વખત ત્યાં રહેલા છે. 'વચનામૃત'ની વાણીનો

લાભ મુમુક્ષુઓને આપ્યો છે. બીજી પણ અનેક વસ્તુઓ અહીં પ્રસાદીની છે.

ભુજ

કચ્છમાં શ્રીજીમહારાજે અનેક વખત પધારી અનેક લીલાઓ કરીને પોતાના આશ્રિતોને અપાર સુખ આપ્યું છે. આ ગામના મુખ્ય હરિભક્તો સુંદરજીભાઈ, હીરજીભાઈ તથા ગંગારામ મલ્લ પ્રથમ રામાનંદ સ્વામીના શિષ્યો હતા. શ્રીજીમહારાજના સમાગમથી તેમને અનન્ય નિશ્ચય થયો. તેમના



અતિશય આગ્રહથી શ્રીજીમહારાજે ભુજમાં મંદિર બાંધવા વિચાર્યું ને તે કામ માટે સદ્‌ગુરુ વૈષ્ણવાનંદ સ્વામીને મોકલ્યા.

અહીં ત્રણ શિખરનું ભવ્ય મંદિર બંધાયું. શ્રીજીમહારાજે અહીં મધ્ય મંદિરમાં નરનારાયણ દેવની મૂર્તિઓ સંવત ૧૮૭૯ના વૈશાખ સુદ પાંચમના રોજ વેદોક્તવિધિથી પ્રાણપ્રતિષ્ઠા કરી પધરાવી. કચ્છમાં શ્રીજીમહારાજનાં પ્રસાદીનાં સ્થળો અનેક છે.

વરતાલ

અમદાવાદનું મંદિર પૂરું થયા પછી થોડા જ વખતમાં શ્રીજીમહારાજે સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી કે 'તમે વરતાલ જઈ મંદિર શરૂ કરો. નાનું મંદિર કરજો.' બ્રહ્માનંદ સ્વામીએ તો વરતાલ જઈ જોબન વડતાલો, વાસણ સુથાર, નારાયણગિરિ બાવો, કુબેરભાઈ, રણછોડભાઈ વગેરે સ્થાનિક હરિભક્તોને મળી, જગ્યા જોઈ, તેનો પાકો લેખ કરાવી લીધો. જોબન પગીએ ઈંટો પાડી આપવાનું માથે લીધું. બ્રહ્માનંદ સ્વામીએ ઝોળી માગી તમામ કારીગરોને જમાડવાનું માથે લીધું અને બ્રહ્માનંદ સ્વામીના સંતમંડળમાં રહેતા અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિના સર્વોપરી સ્વરૂપની સૌને અખંડ વાતો કરવાનું માથે લીધું.

શ્રીજીમહારાજની એક શિખરની આજ્ઞા છતાં બ્રહ્માનંદ સ્વામીએ મોટું

મંદિર બાંધવાની શરૂઆત કરી. તે પ્રમાણે પાયા ખોદાવ્યા. શ્રીજીમહારાજે તો પોતાની પહોંચ જોઈ-વિચારી કાર્ય કરવાની આજ્ઞા આપી, પણ શ્રીહરિના હૃદગત અભિપ્રાય જાણનારા બ્રહ્માનંદ સ્વામીએ કહેવડાવ્યું કે 'આપને પ્રતાપે લક્ષ્મીના તો ઢગલા થશે.'

શ્રીજીમહારાજે રાજી થઈને સંમતિ આપી અને આશીર્વાદ પાઠવ્યા.

બ્રહ્માનંદ સ્વામીએ મોટું કમળાકારનું ત્રણ શિખરનું ઉગમણા બારનું (પૂર્વ તરફનું) મનોહર અને નાજુક મંદિર તૈયાર કર્યું. શ્રીજીમહારાજે સંવત ૧૮૮૧ના કાર્તિક સુદ ૧૨ના રોજ વેદોક્ત-વિધિથી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. ત્યારબાદ પાસેના દેરામાં રાધાકૃષ્ણદેવની મૂર્તિ તથા બાજુમાં જ પોતાની મૂર્તિ 'હરિકૃષ્ણ મહારાજ'ના નામે પધરાવી.



ધોલેરા

સમુદ્ર કિનારે વસેલું આ ગામ ધંધુકાથી અઢાર માઈલ દૂર છે. આ મંદિરના બાંધકામમાં તમામ પ્રકારની દોરવણીનું કાર્ય શ્રીજીમહારાજની આજ્ઞાથી વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ કર્યું. આ મંદિરના બાંધકામ માટે દરબાર શ્રી પુંજાજીભાઈએ જમીન કૃષ્ણાર્પણ કરેલી. પાંચ શિખરનું ભવ્ય આકૃતિવાળું આ મંદિર ઉત્તરાદા બારનું છે.

શ્રીજીમહારાજે સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ ૧૩ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા કરી મધ્ય મંદિરમાં મદનમોહન દેવની મૂર્તિઓ પધરાવી છે.

નિષ્કુળાનંદ સ્વામીએ અહીં રહી સત્સંગનો પ્રચાર કર્યો અને ઘણા ગ્રંથોની રચના કરી.




જૂનાગઢ

શ્રીહરિએ પોતાના પરમ ભક્ત પંચાળાના શ્રી ઝીણાભાઈને કોલ આપ્યો હતો કે અમો અહીં મોટું મંદિર કરીશું. તે પ્રસાદીના સ્થાન જૂનાગઢમાં શ્રીહરિ પધાર્યા ત્યારે ત્યાંના નવાબ હામદખાનજી પ્રત્યે આકર્ષાયા અને શ્રીહરિની ઈચ્છાથી મંદિર બાંધવા માટે જરૂરી તમામ અનુકૂળતા કરી આપી. મંદિર માટે ઝીણાભાઈના ભાઈ દાદાભાઈએ પોતાની વેચાણ વાડી શ્રીહરિને અર્પણ કરી.

અહીં મુસલમાની રાજ્ય હતું અને નાગરો વહીવટકર્તા હતા. નાગરોને સ્વામિનારાયણ સંપ્રદાય તરફ અતિ દ્વેષભાવ હતો. તેથી અહીં મંદિર બાંધવા, સામા પ્રવાહમાં પણ કાર્ય કરી શકે તેવા બ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિએ મોકલ્યા. સાથે ગુણાતીતાનંદ સ્વામીને કથાવાર્તા કરી નાગરોને વશ કરવા મોકલ્યા.

ગોપાળાનંદ સ્વામીની વિનંતીથી આ મંદિરનું ખાતમુહૂર્ત ગુણાતીતાનંદ સ્વામીએ સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ ૩ના રોજ કર્યું.

બાંધકામ ચાલુ થયા પછી પણ નાગરો તરફથી ઘણી જ ઉપાધિ આવતી. રાજ્યના મુખ્ય વહીવટકર્તા રંગીલદાસને મંદિરનું થયેલું બાંધકામ તોડી પાડવા નાગરોએ ચડાવ્યા. સૌ હરિભક્તો મૂંઝાયા. ગોપાળાનંદ સ્વામી પાસે સર્વેએ દીનભાવે પ્રાર્થના કરી. સ્વામી બોલ્યા : ‘લે આ તારો રંગીલદાસ,’ એમ કહી કાખમાંથી મોવાળો કાઢીને સ્વામીએ ફેંક્યો. તે વખતે બહારગામથી પાછો ફરતો રંગીલદાસ ઘોડી ઉપરથી પડીને પોતાની જ બરછી પેટમાં વાગતાં મૃત્યુ પામ્યો હતો. ત્યારપછી ગોપાળાનંદ સ્વામીને સાથે લઈ બ્રહ્માનંદ સ્વામી



નવાબના દરબારમાં પધાર્યા હતા ને તે વખતે ગોપાળાનંદ સ્વામીએ નવાબને સમાધિ કરાવી અને પૈગમ્બર શ્રીહરિની સ્તુતિ કરે છે એવાં દર્શન કરાવ્યાં હતાં. નવાબને ખૂબ જ ભાવ પ્રગટ થયો ને મંદિરના કાર્યમાં જે વિઘ્નો હતાં તે દૂર થઈ ગયાં.

ઢોલ-નગારાં અને શરણાઈના મીઠા સૂરના વાતાવરણમાં ધામધૂમથી

રાધારમણદેવની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા શ્રીજીમહારાજે સંવત ૧૮૮૪ના વૈશાખ વદ ૨ના રોજ કરી. ત્યારબાદ નવાબને આપેલ કોલ 'હમ સરીખા ફકીર રખેંગે' મુજબ, પોતાના સ્વરૂપરૂપ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને શ્રીજીમહારાજે મહંતાઈ સોંપીને જૂનાગઢ મોકલ્યા.

ગઢપુર

શ્રીજીમહારાજના પુનિત હસ્તે થયેલું આ છેલ્લું મંદિર છે. શ્રીજીમહારાજ ૨૫ વરસ દાદાખાચરના દરબારમાં એકધારું રહ્યા અને પોતાનો અપાર રાજીપો દાદાખાચર અને એમના કુટુંબ ઉપર બતાવ્યો. ઘેલા નદીને કાંઠે ટેકરા ઉપર મંદિર કરવાની શ્રીજીમહારાજની અતિશય ઇચ્છા હતી, પણ જીવાખાચરે 'ના' પાડતાં શ્રીજીમહારાજ અતિશય ઉદાસ થઈને સારંગપુર ચાલ્યા ગયા.

આ ખબર મળતાં લાડુબા, જીવુબા, દાદાખાચર વગેરે તરત સારંગપુર આવ્યાં. અતિશય આગ્રહ કરી શ્રીજીમહારાજને પાછા ગઢપુર તેડી લાવ્યા ને પોતાનો એકનો એક દરબાર મંદિર માટે અતિ હર્ષથી સમર્પણ કર્યો.

આ મંદિરના બાંધકામમાં શ્રીજીમહારાજે બહુ ઊંડો રસ લીધો છે. 'ઘેલા નદીમાં સર્વે સંતો-હરિભક્તો સ્નાન કરવા જાય ત્યારે પાછા વળતાં સૌએ એક પથરો ઊંચકી લાવવો' – એવી શ્રીજીમહારાજની આજ્ઞા હતી અને શ્રીજી-મહારાજ પોતે પણ માથે સોનેરી તારવાળી પાઘ ઉપર પથરો ઊંચકી લાવતા. જોતજોતાંમાં ત્રણ શિખરનું બે માળનું ભવ્ય મંદિર તૈયાર થઈ ગયું.

શ્રીજીમહારાજે સંવત ૧૮૮૫ના આસો સુદ ૧૨ના રોજ ગોપીનાથ મહારાજની મૂર્તિઓની અહીં પ્રાણપ્રતિષ્ઠા કરી. અહીં લક્ષ્મીવાડી, ઘેલા નદી, દાદાખાચરનો દરબાર, રાધાવાવ વગેરે ઘણાં સ્થળો શ્રીજીમહારાજની પ્રસાદીનાં છે.



'શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી છે' એવી તેમનાં ચરિત્રો તથા ઉપદેશ પરથી સૌને સહજ પ્રતીતિ થાય છે, પરંતુ પોતાના સ્વરૂપમાં મનુષ્યને એવો ભાવ તરત

ન બેસે, તેથી શ્રીજીમહારાજે મંદિરો કરી અવતારોની મૂર્તિઓ પધરાવી. વરતાલમાં પોતાની જ મૂર્તિ પધરાવવાનો વિચાર હતો, પણ તેમાં ઘણો વિરોધ થયો તેથી તે મૂર્તિને 'હરિકૃષ્ણ' નામ આપીને પધરાવી. આ સંજોગોને લઈને પોતાના સર્વોપરી પુરુષોત્તમ સ્વરૂપની અને પોતાના અનાદિ ભક્ત ધામ-સ્વરૂપ અક્ષરબ્રહ્મની મૂર્તિઓ પધરાવવાનો સંકલ્પ પણ ક્યાંથી થઈ શકે ?

ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષરબ્રહ્મનો અવતાર છે ને શ્રીજીમહારાજને રહેવાનું ધામ છે. સહજાનંદ સ્વામી સર્વોપરી ભગવાન છે. આ શુદ્ધ ઉપાસનાનો વૈદિક માર્ગ છે. એ અક્ષર અને પુરુષોત્તમનાં સાકાર સ્વરૂપોની પ્રતિષ્ઠા દ્વારા જ સંપ્રદાયમાં ઉપાસનાની શુદ્ધિ થઈ શકે. આ શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન માટે અક્ષર-પુરુષોત્તમ – બ્રહ્મ-પરબ્રહ્મની સર્વોપરી યુગલ સ્વરૂપોની ધાતુની મૂર્તિઓ પધરાવી શાસ્ત્રીજી મહારાજ - યજ્ઞપુરુષદાસજીએ ભવ્ય મંદિરો કર્યાં છે.

બોચાસણ

'અહીં મોટું મંદિર થશે ને અમે અમારા ધામ સહિત બિરાજીશું' એવો કોલ શ્રીજીમહારાજે કાશીદાસને સંવત ૧૮૬૫માં આપ્યો હતો. તે જગ્યાએ શાસ્ત્રીજી મહારાજે બરાબર સો વર્ષ પછી ભવ્ય મંદિર કર્યું. વિરોધીઓ તરફથી અનેક વિઘ્નો આવ્યાં પણ જ્યાં શ્રીહરિની જ મંદિર કરવાની ઈચ્છા હતી ત્યાં કોણ રોકી શકે ?

જોબન પગીની યાદ અપાવે એવા હીરાભાઈ મુખીનું સ્વામીએ ચમત્કારિક રીતે હૃદયપરિવર્તન કર્યું. તેમને માળા ફેરવતા કર્યા. હીરાભાઈ આ કાર્યમાં ભળ્યા, તેથી વિરોધીઓનાં વિઘ્નો નાખવાના સંકલ્પો શમી ગયા.



સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ ૧૦ના દિવસે અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિમાઓની ધામધૂમથી પ્રાણપ્રતિષ્ઠા વિધિ થઈ. ભગવાન સ્વામિનારાયણના સંકલ્પે સર્વત્ર જય જયકાર થઈ ગયો.

સારંગપુર

'અમે અહીં મોટા મંદિરનું ખાત કરીએ છીએ' – એમ કહી શ્રીજી-મહારાજે આ જગ્યાએ ઘોડો ફેરવ્યો હતો અને અહીં મંદિર કરી, પોતાના ભક્તે સહિત આ મંદિરમાં બિરાજવાનો કોલ શ્રીજીમહારાજે સારંગપુરના જીવાખાચરને આપ્યો હતો. તે જ જગ્યાએ લીંબડીના દીવાન પાસેથી સ્વામીએ ચોવીસ એકર જમીન મેળવીને ભીમા શેઠ, નાગજી શેઠ, રૂખડખાચર વગેરે સ્થાનિક હરિભક્તોના સહકારથી ગગનચુંબી મંદિર કર્યું.

'નાણાં વગર મંદિર શી રીતે કરશે?' એવું કહેનારા જોઈ રહ્યા ને લક્ષ્મીનો પ્રવાહ ચાલુ જ રહ્યો.

મંદિર પૂરું થયું. કેટલાક દ્વેષીઓએ લીંબડીના ઠાકોર સાહેબને ચડાવ્યા ને મધ્ય મંદિરમાં રાધાકૃષ્ણની મૂર્તિ પધરાવવા કહ્યું.

તે વખતે શાસ્ત્રીજી મહારાજ દિવ્યભાવમાં બોલી ગયા: 'ઠાકોર સાહેબ ! અક્ષરપુરુષોત્તમ સારુ મુંડાવ્યું છે ને તેમના સારુ દુઃખો સહન કર્યાં છે.'



સૌના મનનું સમાધાન થઈ ગયું ને સંવત ૧૯૭૨ના વૈશાખ સુદ ૬ના દિવસે મધ્ય મંદિરમાં શ્રીજી-મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા ગુજરાત અને કાઠિયાવાડના અસંખ્ય હરિભક્તોની હાજરીમાં ધામધૂમથી થઈ.

ગોંડળ

'અક્ષર દેરી' ઉપર મોટું મંદિર કરવાના મનોરથો મોટા મોટા જૂનાગઢી સદ્‌ગુરુઓના હતા. કેવળ શ્રીજીમહારાજની ઇચ્છાથી જ વીરસદના દીવાન શ્રી ઝવેરભાઈ અમીનના પુત્ર શ્રી હરિભાઈ દ્વારા આ તમામ જમીન મળી. ફક્ત સવા બે વર્ષના ટૂંકા ગાળામાં 'અક્ષર મંદિર' જેવું ભવ્ય મંદિર શાસ્ત્રીજી



મહારાજે લોકો સમક્ષ ખડું કરી દીધું. ગુજરાતથી હરિભક્તોએ સેવાનો પ્રવાહ વહેવડાવ્યો ને સ્વામીની સામર્થીનો સૌને અનુભવ થયો.

સંવત ૧૯૯૦ના વૈશાખ સુદ ૧૦ના શુભ દિવસે અક્ષરપુરુષોત્તમની ધાતુની મૂર્તિઓની વેદવિધિથી પ્રાણ-પ્રતિષ્ઠા થઈ.

શાસ્ત્રીજી મહારાજે પોતાના હૃદય સમા યોગીજી મહારાજની આ 'અક્ષર મંદિર'ના પ્રથમ મહંત તરીકે વરણી કરી.

અટલાદરા

શ્રીજીમહારાજના પાદસ્પર્શથી પવિત્ર થયેલી મૂળુ મેતર અને કૃષ્ણ માળીની આ જગ્યા ઉપર શાસ્ત્રીજી મહારાજે મંદિર કરવાનો સંકલ્પ કર્યો.

અટલાદરા ગામના મુખી મથુરભાઈ મકનદાસ પટેલ જગતના અનેક રંગોથી રંગાયેલા હતા. શાસ્ત્રીજી મહારાજે તેમનું એકાએક પરિવર્તન કર્યું. તેમણે શાસ્ત્રીજી મહારાજને તેડાવ્યા અને અટલાદરામાં મંદિર કરવા વિનંતી કરી. પોતે પણ સારો સહકાર આપવા વચન આપ્યું.

કાનમ તથા વાકળ પ્રદેશના હરિભક્તો આ મંદિરની પ્રવૃત્તિ જોઈ, બહુ જ રાજી થયા. તન, મન, ધનથી સૌએ સેવા કરી.



સંવત ૨૦૦૧, અષાઢ સુદ ૩ના દિવસે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે સ્વામીના હસ્તે શ્રીજી-મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી – એ ત્રણ સ્વરૂપોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા ધામધૂમથી થઈ.

ગઢપુર

સત્સંગ વિકાસની સાથે સાથે મંદિર-નિર્માણનું કાર્ય પૂરજોશમાં ચાલતું હતું. ગઢપુરમાં જે ટેકરા ઉપર શ્રીજીમહારાજે જાતે માપ લઈ મંદિર કરી, ભક્તે સહિત ભગવાનની મૂર્તિ પધરાવવાનો સંકલ્પ કર્યો હતો, તે હવે પૂરો થવા આવ્યો હતો. શાસ્ત્રીજી મહારાજે ભાવનગરના કલેક્ટર શ્રી ગોવિંદસિંહ ચૂડાસમા તથા નગરશેઠ શ્રી મોહનલાલ મોતીચંદના સહકારથી આ ટેકરાની જમીન મેળવી. ભાણખાચર તથા દાદાખાચર વગેરે દાદાખાચર અને જીવા-ખાચરના વારસોના સહકારથી અહીં અજોડ એવું આરસનું સુંદર મંદિર જોતજોતાંમાં તૈયાર થઈ ગયું.

શાસ્ત્રીજી મહારાજે સ્વધામ પધારતાં પહેલાં ગઢડા પધારી, મૂર્તિઓની આરતી ઉતારી કહ્યું : 'હવે પ્રતિષ્ઠાની આરતી જોગી ઉતારશે.' એવી રીતે સંપ્રદાયની બધી જ જવાબદારી (ધર્મધુરા) યોગીજી મહારાજને સોંપી, સંવત ૨૦૦૭ના વૈશાખ સુદ ૪ના દિવસે પોતે અંતર્ધાન થયા.

શાસ્ત્રીજી મહારાજની આ વસમી વિદાયનું સૌના અંતરમાં અપાર દુઃખ હતું, પરંતુ ગઢડા મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પચાસ હજાર હરિભક્તોની હાજરીમાં આનંદ ઉત્સવ, મંગળ ગીતના નાદ, વેદમંત્રોચ્ચાર વચ્ચે યોગીજી મહારાજે, સંવત ૨૦૦૭, વૈશાખ સુદ ૧૦ના દિવસે, શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરી. સૌના અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ.



અમદાવાદ

શાહીબાગમાં સ્વામી શાસ્ત્રીજી મહારાજે મંદિરની જગ્યા પસંદ કરી. તેઓ કહેતા કે શ્રીજીમહારાજ સાબરમતીમાં સ્નાન કરવા આ શાહીબાગના

રસ્તે પધારતા અને અહીં વાડી હતી તેમાં બેસતા. તે જ પ્રસાદીની જગ્યાએ તેમના સંકલ્પ પ્રમાણે મોટું શિખરબદ્ધ મંદિર તૈયાર થયું.

શ્રીપુરના સત્સંગીઓના અપાર ઉત્સાહથી આ મંદિરનું કાર્ય જોતજોતાંમાં પૂરું થયું ને સંવત ૨૦૧૮ના વૈશાખ સુદ ૭ના રોજ શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીની આરસની પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા યોગીજી મહારાજના વરદ હસ્તે થઈ. ગુજરાતના પાટનગર અમદાવાદમાં અક્ષર-પુરુષોત્તમનો ડંકો વાગ્યો.

વર્તમાનકાળે આપણી સંસ્થાનું મધ્યસ્થ કાર્યાલય અહીં કાર્યરત છે.

ભાદરા - ગુણાતીતનગર

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જ્યાં પ્રગટ થયા એ જન્મસ્થાન ઉપર એક શિખરનું સુંદર મંદિર યોગીજી મહારાજે તૈયાર કરાવ્યું. ગુજરાત, કાઠિયાવાડના તમામ હરિભક્તોએ ઉત્સાહથી સેવા કરી. સંવત ૨૦૨૫, વૈશાખ સુદ ૬ના રોજ શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીની આરસની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વેદવિધિપૂર્વક યોગીજી મહારાજના વરદ હસ્તે થઈ. હાલાર દેશના હરિભક્તોનાં મન આનંદથી હિલોળે ચઢ્યાં.

પ્રમુખસ્વામી મહારાજે ત્યારબાદ આ જ પ્રાસાદિક જન્મભૂમિ પર, મૂળ જન્મસ્થાનને યથાતથા જાળવીને, બાજુમાં કલાત્મક ભવ્ય શિખરબદ્ધ મંદિરની રચના કરી, સન ૨૦૧૦, સંવત ૨૦૬૬, વૈશાખ સુદ ૬ના રોજ ધામધૂમથી પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરી છે.

સાંકરી

સુરત જિલ્લામાં બારડોલી તાલુકામાં સાંકરી ગામ છે. ત્યાંના પ્રેમી-પ્રતિષ્ઠિત હરિભક્ત શ્રી સોમાભાઈ નારણભાઈ પટેલે આ ગામના સહકારથી એક નાનું મંદિર બનાવ્યું. આ મંદિરમાં યોગીજી મહારાજને પ્રસન્ન કરવા અક્ષરપુરુષોત્તમની પ્રતિમાઓ પધરાવવા તેમણે સંકલ્પ કર્યો. ગામના ભક્તો પણ રાજી થયા. અચાનક યોગીજી મહારાજ સ્વધામ પધાર્યા, પરંતુ યોગીજી મહારાજે કહ્યું હતું કે ‘હું સાંકરી આવીશ ને તમને સુખ આપીશ.’ તેથી પ્રમુખસ્વામી મહારાજ દ્વારા યોગીજી મહારાજ સાક્ષાત્ પધાર્યા છે એવો સૌને

અનુભવ થયો. તેમના વરદ હસ્તે સંવત ૨૦૨૭, જેઠ સુદ ૧૦ના મંગલ દિવસે અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા લક્ષ્મીનારાયણ દેવની આરસની પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા વેદોક્તવિધિથી થઈ.

પ્રમુખસ્વામી મહારાજે ત્યારબાદ આ જ તીર્થધામમાં ભવ્ય શિખરબદ્ધ મંદિરની રચના કરી, સન ૨૦૦૧, સંવત ૨૦૫૭, વૈશાખ વદ ૧૦ના રોજ ધામધૂમથી પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરી.

આ ઉપરાંત, પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે મુંબઈ, મહેસાણા, સુરત, સુરેન્દ્રનગર, નડિયાદ, નવસારી, રાજકોટ, મહેળાવ, તીથલ (વલસાડ), આણંદ, ધોળકા, ભરૂચ, ભાવનગર, જૂનાગઢ, ગોધરા, બોડેલી, નાગપુર, હિંમતનગર, કોલકાતા, મહુવા, જામનગર, ધારી વગેરે સ્થળોએ પણ ભવ્ય, કલાત્મક શિખરબદ્ધ મંદિરો રચાયાં છે.

ઈંગ્લેન્ડમાં લંડન ખાતે ભવ્યાતિભવ્ય શિખરબદ્ધ મંદિર રચીને સ્વામીશ્રીએ વિશ્વભરમાં સૌને આશ્ચર્યચકિત કર્યા છે. લંડનના મંદિરને તો વિશ્વની અજાયબી તરીકે જાહેર કરવામાં આવ્યું છે. વીસમી સદીની વિશ્વની અજાયબી તરીકે આ એકમાત્ર હિંદુ મંદિરે હિંદુ ધર્મનું વિશ્વમાં ગૌરવ વધાર્યું છે.

અમેરિકામાં પણ પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લૉસ એન્જલસ, રોબિન્સવિલમાં તેમજ કેનેડા ખાતે ટોરોન્ટોમાં ભવ્ય શિખરબદ્ધ મંદિરો નિર્માણ પામ્યાં છે.

પૂર્વ આફ્રિકામાં નૈરોબી (કેન્યા) ખાતે પણ સ્વામીશ્રીના વરદ હસ્તે ભવ્ય શિખરબદ્ધ મંદિર રચાયું છે. આફ્રિકાના અંધારિયા ખંડમાં આ શિખરબદ્ધ મંદિર આધ્યાત્મિકતાનાં અજવાળાં પાથરશે.

આપણે ત્યાં મંદિરો બે પ્રકારનાં છે : શિખરબદ્ધ મંદિર અને હરિમંદિર. તેમાં ઉપર ગણાવ્યાં તે શિખરબદ્ધ મંદિરો છે. શિખરબદ્ધ મંદિરોમાં ધાતુની અથવા આરસની મૂર્તિઓ પધરાવવામાં આવે છે, જ્યારે હરિમંદિરોમાં મૂર્તિઓ ધાતુ, પાષાણ કે ચિત્રની હોઈ શકે છે, પરંતુ તેનાં વિધિવિધાનો શિખરબદ્ધ મંદિર કરતાં અલગ હોય છે. હરિમંદિરની પૂજાવિધિ ગૃહસ્થ પૂજારી ભક્તો કરી શકે છે, શિખરબદ્ધ મંદિરમાં બ્રહ્મચારી સંતો જ પૂજાવિધિ કરી શકે છે. હરિમંદિરો વિશેષતઃ ગામડે ગામડે તેમજ દેશ-વિદેશમાં મહા-નગરોનાં પરાંઓમાં પણ સ્થપાયાં છે. શિખરબદ્ધ મંદિરોમાં પાંચ ટાણાંની

આરતી થાય છે, તેમજ ઠાકોરજીને જુદા જુદા શણગાર અને થાળ ધરાવવામાં આવે છે. જ્યારે હરિમંદિરોમાં બે ટાણાંની આરતી થાય છે.

११. गुरुभजनस्तोत्रम्

भवसंभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनम् ।
व्रतदानतपःक्रियाफलं सहजानन्दगुरुं भजे सदा ॥ १ ॥

સંસારના જન્મ-મૃત્યુની બીક ટાળનાર; સુખ, સંપત્તિ અને કરુણાના મૂળ સ્થાન; વ્રત, દાન, તપાદિ ક્રિયાના ફળસ્વરૂપ સહજાનંદ ગુરુને હું નિરંતર ભજું છું. (૧)

करुणामय-चारुलोचनं शरणायात-जनार्तिमोचनम् ।
पतितोद्धरणाय तत्परं सहजानन्दगुरुं भजे सदा ॥ २ ॥

જેનાં સુંદર નેત્રો કરુણાથી ભર્યાં છે, શરણે આવેલાનાં દુઃખને જે દૂર કરે છે, પતિત અને અધમના ઉદ્ધાર માટે જે સદાય તત્પર રહે છે, તે સહજાનંદ ગુરુને હું ભજું છું. (૨)

निजतत्त्वपथावबोधनं जनतायाः स्वत एव दुर्गमम् ।
इति चिन्त्य गृहीतविग्रहं सहजानन्दगुरुं भजे सदा ॥ ३ ॥

પોતાના સ્વરૂપનું તત્ત્વજ્ઞાન સામાન્ય જનસમૂહને સ્વપ્રયાસથી સમજવું કઠણ છે, તે તેને સુલભ થાય એ રીતે આપવાનો સંકલ્પ કરીને જેણે નરાકૃતિ ધરી છે, તે સહજાનંદ ગુરુને હું ભજું છું. (૩)

विधिशंभुमुखैरनिग्रहं भवपाथोधिपरिभ्रमाकुलम् ।
अपिधार्य मनो नरप्रभं सहजानन्दगुरुं भजे सदा ॥ ४ ॥

સંસારરૂપી સમુદ્રમાં ભ્રમણને લીધે આકુળ થયેલા બ્રહ્મા, શિવ વગેરે દેવતાઓથી પણ કાબૂમાં નહીં કરાયેલા એવા મનને જેણે કાબૂમાં કર્યું છે, એવા મનુષ્યદેહધારી સહજાનંદ ગુરુને હું ભજું છું. (૪)

निजपादपयोजकीर्तनं सततं स्याद् भवजीवगोचरम् ।
इति यः कुरुते क्रतूत्सवं सहजानन्दगुरुं भजे सदा ॥ ५ ॥

પોતાનાં ચરણકમળનું કીર્તન-ભજન સંસારના જીવોને સતત થાય એ શુભ આશયથી જેણે મહાયજ્ઞોના ઉત્સવો કર્યા તે સહજાનંદ ગુરુને હું ભજું છું. (૫)

बहिरीक्षणलोकमानुषं निजदत्ताम्बकदर्शिनां हरिम् ।
भजनीयपदं जगद्गुरुं सहजानन्दगुरुं भजे सदा ॥ ६ ॥

ચર્મચક્ષુથી (શ્રીહરિને) જોનારને મનુષ્યરૂપ અને પોતે આપેલી દિવ્ય દૃષ્ટિવાળા પુરુષને પરમાત્મારૂપે દર્શન દેતા એવા, જેનાં ચરણકમળ ભજવા યોગ્ય છે એવા, જગતના ગુરુ સહજાનંદ ગુરુને હું ભજું છું. (૬)

शरणागतपापपर्वतं गणयित्वा न तदीयसद्गुणम् ।
अणुमप्यतुलं हि मन्यते सहजानन्दगुरुं भजे सदा ॥ ७ ॥

શરણે આવેલા જનોના પર્વત જેવડા પાપના પુંજને જે ગણતા નથી, પણ તેનામાં રહેલા અણુ જેવડા સદ્‌ગુણને મહાન ગણે છે, તે સહજાનંદ ગુરુને હું ભજું છું. (૭)

भववारिधिमोक्षसाधनं गुरुराजप्रकटस्वसंगमम् ।
प्रकटीकृतवान् कृपावशः सहजानन्दगुरुं भजे सदा ॥ ८ ॥

અનેક જીવોને ભવસિંધુમાંથી મોક્ષ કરવાના સાધનરૂપ ઉત્તમોત્તમ સાક્ષાત્ પોતાના સમાગમને કૃપાવશ થઈ પ્રગટ કર્યો, એવા ગુરુરાજ સહજાનંદ ગુરુને હું ભજું છું. (૮)

भगवन् कृपया त्वया कृतं जनतायामुपकारमीदृशम् ।
क्षमते प्रतिकर्तुमत्र कः कुरुते दीनजनस्ततोऽञ्जलिम् ॥ ९ ॥

હે ભગવાન ! આપે કૃપા કરીને જનસમૂહ પર તેના કલ્યાણ કરવા રૂપ ઉપકાર કર્યો છે. આ ઉપકારનો બદલો આપવા અહીં કોઈ સમર્થ છે નહીં, એટલા માટે હું દીનાનાથ ભટ્ટ બે હાથ જોડી આપને નમસ્કાર કરું છું. (૯)

૧૨. લક્ષ્મીચંદ શેઠ

કારિયાણીમાં સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે આઠ-દસ વર્ષના એક નાના બાળક નથુના તરફ આંગળી ચીંધી શ્રીજીમહારાજે રામાનુજાનંદ સ્વામી તથા નાના ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું : ‘આમને ઓળખો છો ?’


સંતોએ ઓળખાણ આપી કે ‘ફલાણા હરિભક્તના દીકરા છે.’

ત્યારે શ્રીજીમહારાજે ફરી પૂછ્યું : ‘આ ઓળખાણ નહીં, પૂર્વની ઓળખાણ. તમે પહેલાં ક્યારેય આમને મળ્યા છો ?’

ત્યારે સંતો કહે : 'ના.'

શ્રીજીમહારાજ કહે : 'આ બાળક તો વૃંદાવનના લક્ષ્મીચંદ શેઠ છે. આપની અને અમારી સેવા કરી હતી, તે પુણ્યના પ્રતાપે આજે અમારો સંબંધ થયો છે. બહુ જ પુણ્યશાળી આત્મા છે.'

આ લક્ષ્મીચંદ શેઠ વૃંદાવનના ધનાઢ્ય અને મોટા દાનવીર ભગવદ્-ભક્ત હતા. તેમણે વૃંદાવનમાં શ્રીરંગજીનું મંદિર બંધાવ્યું અને તેના ચોકમાં ઊંચો થાંભલો ઊભો કરી બાવીસ મણ સોનાનાં પતરાંથી તે મઢાવ્યો. ભગવાનને પ્રસન્ન કરવા આટલી બધી સેવા કરી હોવા છતાં પોતે જાતે



નિર્માનીપણે સવારથી બપોર સુધી ભિક્ષુકોને અન્નદાન આપતા. આ સેવા કીર્તિ કે યશની પ્રાપ્તિ માટે નહીં પણ જીવના કલ્યાણ માટે તેઓ કરતા.

એક વાર શ્રીજીમહારાજના સંત સુખાનંદ સ્વામી ફરતાં ફરતાં વૃંદાવન જઈ ચડ્યા. શેઠ સદાવ્રત આપી રહ્યા હતા. સંત થોડા છેટા ઊભા હતા. જ્યારે બધા જ અન્નાર્થીઓની કતાર પૂરી થઈ, ત્યારે તે સંત નજીક આવ્યા ને સદાવ્રતનો સ્વીકાર કર્યો.

તે વખતે શેઠે પૂછ્યું : 'અત્યાર સુધી છેટા કેમ ઊભા હતા ?'

ત્યારે સંતે જવાબ આપ્યો, 'અમે સ્વામિનારાયણના આશ્રિત છીએ ને સ્ત્રી-ધનના ત્યાગી છીએ. સ્ત્રીનો સ્પર્શ થાય તો અમારે ઉપવાસ કરવો પડે, તેથી અત્યાર સુધી દૂર ઊભા હતા.'

શેઠ આ સાંભળી બહુ જ રાજી થયા.

તે વખતે બે સંન્યાસી ભાઈઓ, રામાનુજાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી ત્યાં ભિક્ષા સારુ આવ્યા હતા. આ સંન્યાસીઓને સુખાનંદ સ્વામી સાથે વાતચીત થઈ. સુખાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયાની ને તેમનાં અપાર ઐશ્વર્ય-સામર્થીની વાતો કરી. આ બધી વાતો શેઠે પણ સાંભળી. શેઠને પહેલાં ઊંઘ નહોતી આવતી પણ સ્વામિનારાયણ ભગવાનનો વિચાર કરતાં તે રાત્રે તેમને તરત જ ઊંઘ આવી ગઈ. તેથી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે વિશેષ આદર થયો કે જરૂર આ કોઈ મોટાપુરુષ હોવા જોઈએ.

આ અરસામાં તે સંત તો વૃંદાવનમાં જ દેહ મૂકી ગયા. શેઠને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાની તાલાવેલી લાગી. રામાનુજાનંદ સ્વામીને સોનાના થાંભલાવાળા મંદિરની ગાદી સોંપવા શેઠે તત્પરતા બતાવી પણ તેમણે સવિનય ના પાડી. 'અમે તો જીવના કલ્યાણ માટે પ્રગટ ભગવાનની શોધમાં નીકળ્યા છીએ. તેથી ગાદીને શું કરીએ ?' એમ કહી બંને સંન્યાસીઓ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાં કાઠિયાવાડ તરફ આવવા તૈયાર થયા.

તે વખતે લક્ષ્મીચંદ શેઠે કહ્યું : 'આ સોનું લો અને મારા વતી સ્વામિનારાયણ ભગવાનને અર્પણ કરજો.'

ત્યારે સંન્યાસીઓ કહે : 'સોનું રાખીએ તો રસ્તામાં લૂંટાવાનો કે મરવાનો ભય લાગે, માટે તે અમારે જોઈતું નથી.'

છેવટે લક્ષ્મીચંદ શેઠે ઉત્તમ અત્તરની એક શીશી આપી ને કહ્યું : 'લ્યો,

આ અત્તરની શીશી. મારા વતી સ્વામિનારાયણ ભગવાનને ભેટ ધરજો ને તેમને સંતમંડળ સહિત વૃંદાવન પધારવા અતિ આગ્રહપૂર્વક વિનંતી કરજો. હું તમામ ખર્ચ આપીશ ને મારાથી બનતી સેવા કરીશ.'

આ પ્રમાણે લક્ષ્મીચંદ શેઠનો સંદેશો લઈ પગપાળા ચાલતાં બંને સંન્યાસીઓ ગઢડા પહોંચ્યા. શ્રીજીમહારાજનાં દર્શનથી અતિશય પ્રભાવિત થયા ને શ્રીજીમહારાજને પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન જાણી ભાગવતી દીક્ષા અંગીકાર કરી તેમની પાસે રહ્યા. તેમણે શ્રીજીમહારાજને અત્તરની શીશી આપી ને લક્ષ્મીચંદ શેઠનો સંદેશો કહ્યો કે 'શેઠ ખરા મુમુક્ષુ છે ને તેમને આપનાં દર્શનની બહુ જ ઇચ્છા છે, જેથી આપને સંતમંડળ સાથે ત્યાં તેડાવ્યા છે.'

શ્રીજીમહારાજે અત્તરની શીશીમાંથી અત્તર લઈ સર્વ સંત-હરિભક્તોને નાકે અત્તરના ચાંદલા કર્યા ને કહ્યું : 'તમારાં નાક (આબરૂ) રહેશે ને બીજાનાં નહીં રહે.' એમ કહી સંતોને કહ્યું : 'લક્ષ્મીચંદ શેઠને આ દેહે અમારાં દર્શન થાય એવાં પુણ્ય નથી, પણ આ સેવા કરી છે તેને પ્રતાપે કરી બીજે જન્મે સત્સંગમાં દેહ ધરશે અને તે વખતે અમારાં દર્શન થશે.'

આ બાજુ લક્ષ્મીચંદ શેઠે ત્રણ-ચાર માસ સુધી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શનની આતુરતાપૂર્વક રાહ જોઈ. પછી ધીરજ ખૂટી ગઈ. તેથી જાતે કાઠિયાવાડમાં દર્શન કરવાં આવવાનો સંકલ્પ કર્યો. ઘોડા ઉપર બેસી કાઠિયાવાડ તરફ આવવા નીકળ્યા. રસ્તામાં રાત્રે એકાએક ઘોડાએ કૂદકો માર્યો. તે ઘોડા પરથી પડી જવાથી મૃત્યુ પામ્યા. શ્રીહરિની અને સંતોની સેવાના પુણ્ય પ્રતાપે લક્ષ્મીચંદ શેઠ કારિયાણીમાં નથુ પટેલ તરીકે જન્મ્યા ને શ્રીજીમહારાજના અનન્ય ભક્ત થયા. નથુ પટેલને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો યોગ થયો ને તેમના સમાગમથી શુદ્ધ સમજણને પામ્યા.

૧૩. દામોદરભાઈ

અમદાવાદના પાટીદાર દામોદરભાઈ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. રામાનંદ સ્વામી ધામમાં ગયા બાદ શ્રીજીમહારાજનો અલૌકિક પ્રતાપ તેમણે જોયો અને શ્રીજીમહારાજના સર્વોપરીપણાનો પાકો નિશ્ચય તેમને થયો.

એક વખત દામોદરભાઈને નથુ ભટ્ટ સાથે વિવાદ થયો. દામોદરભાઈ શ્રીજીમહારાજને સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ માનતા, જ્યારે નથુ ભટ્ટ 'શ્રીકૃષ્ણ ભગવાન સર્વોપરી છે' એમ સમજતા.

બંને શ્રીજીમહારાજ પાસે આવ્યા ને પ્રાર્થના કરી ને પૂછ્યું : 'હે મહારાજ ! અમારા બંનેનો વિવાદ ચાલે છે તેમાં કોની વાત સાચી છે ?'

તે વખતે શ્રીજીમહારાજે નથુ ભટ્ટને સમાધિ કરાવી ને સમાધિમાં અનંત મુક્ત, અનંત અવતાર તથા રામાનંદ સ્વામી સર્વને પોતાની સેવામાં બતાવ્યા ને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો.

પછી નથુ ભટ્ટને સમાધિમાંથી જગાડ્યા ત્યારે તેમણે દામોદરને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ને શ્રીજીમહારાજને કહ્યું : 'મહારાજ ! મને જો દામોદરે તમારા સ્વરૂપના નિશ્ચયની વાત ન કરી હોત, તો કલ્યાણમાં બહુ ફેર રહી જાત.'

એક પ્રસંગે એક સંત સાથે વાતચીતમાં દામોદરભાઈને વિવાદ થયો. તે વખતે સાધુએ દામોદરભાઈને ધોલ મારી દીધી, તો પણ દામોદરભાઈ કાંઈ બોલ્યા નહીં તેમજ ક્રોધ પણ કર્યો નહીં. શ્રીજીમહારાજે આ વાત જાણીને સાધુને બહુ ઠપકો આપ્યો. ત્યારે દામોદરભાઈએ કહ્યું : 'હે મહારાજ ! સાધુ તો અમારા બાપ છે. તે કોઈ વખત બાપ તો દીકરાને મારે પણ ખરા.'

તે સાંભળી શ્રીજીમહારાજ બોલ્યા : 'દીકરાને પણ ધન્ય છે ને બાપને પણ ધન્ય છે !'

એવી રીતે દામોદરભાઈને શ્રીજીમહારાજના સંતને વિષે અતિશય આત્મબુદ્ધિ હતી.

દામોદરભાઈ શ્રીજીમહારાજના સમાગમમાં રહી, અનન્ય સેવાભાવી ભક્ત થયા હતા. સાંસારિક સર્વ પદાર્થોમાંથી તેમણે આસક્તિનો ત્યાગ કર્યો હતો અને પોતાનો અમૂલ્ય સમય શ્રીજીમહારાજની સેવામાં વિતાવતા હતા. દામોદરભાઈનો વ્યવહાર માંડ માંડ ચાલતો, તેથી અતિ દયાળુ સ્વભાવને વશ થઈ શ્રીજીમહારાજ ઘણી વખત પોતાના અંગ પર ધારણ કરેલું કિંમતી ઘરેણું કોઈ ન જાણે તેમ દામોદરને આપી દેતા.

શ્રીજીમહારાજ જ્યારે દંઢાવ્યમાં ફરવા જતા, ત્યારે દામોદર ભક્ત શ્રીજીમહારાજની અંગત સેવા કરવા સાથે રહેતા. શ્રીજીમહારાજની મરજી જાણી તેઓ સેવા કરતા. એક વખત શ્રીજીમહારાજને ઉધરસ આવી ને ગળે કફનો ગળફો આવ્યો, એટલે શ્રીજીમહારાજ સભામાં થૂંકવા ઊભા થતા હતા.



ત્યારે દામોદરભાઈએ એકદમ પોતાની પાઘડી શ્રીજીમહારાજ સામે ધરીને કહ્યું : ‘હે મહારાજ ! આ પાત્રમાં થૂંકો.’ તરત જ શ્રીજીમહારાજ પાઘમાં થૂંક્યા.

ધન્ય છે તેમની સેવાને કે પોતાની અમૂલ્ય વસ્તુ પણ શ્રીજીમહારાજની પ્રસન્નતા માટે તેમણે તુચ્છ કરી નાખી હતી.

શ્રીજીમહારાજના સ્વધામ પધાર્યા પછી દામોદરભાઈનાં પત્ની ધામમાં ગયાં, તેથી તેઓ ફરી પરણ્યા. તે વાતની રામપ્રતાપભાઈને ખબર પડી.

જ્યારે દામોદરભાઈ નરનારાયણ દેવનાં દર્શન કરીને રામપ્રતાપભાઈ પાસે દર્શને ગયા, ત્યારે ભાઈ લાકડી લઈને ઊભા થયા ને બોલ્યા : ‘વર્તમાન ધારીને સત્સંગી થયો ત્યારે પોતાની પત્ની સિવાયની બીજી તમામ સ્ત્રીઓને મા, બહેન ને દીકરી સમાન ગણી હતી અને આ પરણીને બેઠો તે સ્ત્રી કયા બ્રહ્માંડમાંથી લાવ્યો ? માટે તારે મને મુખ ન દેખાડવું અને મારી પાસે ન આવવું.’ એમ નિરંતર ઠપકો આપતા અને તિરસ્કાર કરતા. તો પણ દામોદરભાઈને કોઈ પ્રકારનો સત્સંગનો અભાવ આવ્યો નહીં. તેમજ નર-નારાયણ દેવનાં દર્શન કરવાનો તથા રામપ્રતાપભાઈ પાસે દર્શન કરવા જવાનો નિયમ કાયમ રાખ્યો. આવા એ શ્રીજીમહારાજને વિષે અનન્ય નિષ્ઠાવાળા નિર્માની ભક્તરાજ હતા.

૧૪. સત્સંગ

આત્યંતિક કલ્યાણનું અર્થાત્ જન્મ-મરણથી રહિત થઈ, દેહ છતાં અક્ષરધામનું સુખ અનુભવવું, તે માટેનું એકમાત્ર સાધન સત્સંગ છે.

સત્સંગનો મહિમા અપાર છે. ભગવાન જેવા અષ્ટાંગયોગ, સાંખ્યવિચાર, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ, યાગાદિ સાધન વડે રાજી થતા નથી તેવા સત્સંગે કરીને વશ થાય છે. તેથી સર્વ સાધનના ફળરૂપ આ સત્સંગ છે.

વસિષ્ઠ અને વિશ્વામિત્ર ઋષિના સંવાદની વાત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

વિશ્વામિત્ર કહે : 'મારું સાઠ હજાર વર્ષનું તપ અધિક.'

જ્યારે વસિષ્ઠ કહે : 'એ તપ કરતાં લવ સત્સંગનું ફળ અધિક.'

બંને જણ ન્યાય કરાવવા બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ પાસે ગયા, પરંતુ 'બેમાંથી એકનું પણ સાચું કહીશું તો બીજાને ખોટું લાગશે ને શાપ આપશે,' એવી બીકથી તેમણે સહસ્રમુખવાળા શેષજી પાસે તેમને મોકલ્યા.

શેષજી કહે : 'મારે માથે પૃથ્વીનો ભાર છે, તે તમારા તપના ફળથી હળવો કરો તો ન્યાય કરી શકું.'

વિશ્વામિત્રે તપ મૂકી સંકલ્પ કર્યો પણ પૃથ્વી ઊંચી થઈ નહીં. વસિષ્ઠ મુનિએ લવ સત્સંગનું ફળ મૂકી સંકલ્પ કર્યો, તરત જ પૃથ્વી એક હાથ ઊંચી થઈ. શેષજી કહે : 'હવે મારે કહેવાની જરૂર નથી. ન્યાય થઈ ગયો.'

આમ, સત્સંગનો મહિમા સ્પષ્ટ સમજાય છે.

ભાગવતમાં અનેક આખ્યાનો છે. વૃત્રાસુર, પ્રહ્‌લાદ, વૃષપર્વા, બળિરાજા, બાણાસુર, વિભીષણ, સુગ્રીવ, કુબ્જા, ગજેન્દ્ર, જટાયુ પક્ષી, તુલાધાર વાણિયો, વ્રજની ગોપીઓ, ઋષિપત્નીઓ વગેરે અનેક સત્સંગથી ભગવાનને પામ્યાં છે. શ્રીજીમહારાજના સમયમાં કાઠી, કોળી, કણબી વગેરેએ શાસ્ત્રપઠન, તપ, વ્રત, દાનાદિક સાધન નહોતાં કર્યાં, છતાં સત્સંગે કરીને તેમનું આત્યંતિક કલ્યાણ થયું. લીમલીનો સગરામ વાઘરી, જેતલપુરની વેશ્યા, ભાલની બીબડી, જોબન પગી, માનસિંહ રાજા વગેરેનાં જીવનમાં સત્સંગના પ્રતાપથી સમૂળું પરિવર્તન થઈ ગયું.

તો સત્સંગ શું હશે ? સત્સંગ એટલે કેવળ સારા કે નીતિમાન માણસનો સમાગમ જ નહીં, પરંતુ,

सच्छब्देन परब्रह्म साधवश्च तदाश्रयाः।
प्रोक्तस्तदीयो धर्मश्च शास्त्रमेतत् त्रिकाश्रयम् ॥

સત્ શબ્દ એટલે (૧) પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદા દિવ્ય સાકારમૂર્તિ પ્રત્યક્ષ ભગવાન શ્રીજીમહારાજ, (૨) ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્યે સહિત ભક્તિ એ ચારે ગુણે યુક્ત એવા પરમ એકાંતિક સાધુ, (૩) ભગવાન અને ભગવાનના પરમ એકાંતિક સંતે પ્રતિપાદન કરેલો સદાચારરૂપી ધર્મ અને (૪) એ ત્રણનો મહિમા સમજાવતું શાસ્ત્ર જે હોય તે સત્શાસ્ત્ર – એ ચારનો સંગ કરવો તેનું નામ સત્સંગ. (સત્સંગિજીવન : ૩-૨૨-૪)

ભગવાનના પરમ એકાંતિક સંત – જેને શ્રીજીમહારાજ સાથે મનથી - વૃત્તિથી અખંડ સંબંધ છે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારે ગુણે પરિપૂર્ણ છે અને પોતાના શરણે જે આવે તેનું પણ એવી જ જાતનું હિત ઇચ્છે કે ‘આ મારો સંગી છે તેને પણ જગતની વાસના - ઇચ્છા છૂટી જાય ને ભગવાનનો સંબંધ થઈ જાય.’ એવા સંતનો મન, કર્મ, વચને સંગ કરવો તે જ સત્સંગ. મને કરીને તેમને નિર્દોષ જાણવા, કર્મે કરીને સેવા કરવી તથા વચને કરીને તેમના ગુણ ગાવા. આવા સંતના વચનમાં શાસ્ત્રનો આજ્ઞારૂપી સત્સંગ પણ સહેજે આવી જાય.

બીજા અનેક ઉપાયો કરે પણ સંત-સમાગમરૂપી સત્સંગ વિના વાસના - ઇચ્છા ટળતી નથી. એટલા જ માટે શાસ્ત્રકારો સત્સંગને કલ્પતરુ તથા ચિંતામણિ કરતાં પણ અધિક કહે છે, કારણ કે ચિંતામણિની પ્રાપ્તિ થવાથી દારિદ્રય દૂર થાય, પણ જન્મ-મરણ અને મોહરૂપી બંધનથી છુટાય નહીં. તેને માટે સત્સંગ જ જરૂરી છે.

આવા દુર્લભ સત્સંગની પ્રાપ્તિનું ફળ શું ?

તો શ્રીજીમહારાજ કહે છે :

‘જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે (પ્રગટ સત્પુરુષને વિષે) આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે. અને જ્યારે આવો સંત-સમાગમ થયો ત્યારે દેહ મૂકીને જેને (ભગવાનને) પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે; માટે જેને પરમ પદ કહીએ, મોક્ષ કહીએ, તેને છતે દેહે જ પામ્યો છે.’ (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨)

સત્સંગી

આગળ જણાવ્યા પ્રમાણે 'સત્સંગ'રૂપી સાધનને મુખ્ય રાખી શ્રીજીમહારાજે આ લોકમાં 'સંપ્રદાય'ની સ્થાપના કરી. એટલે તો સ્વામિનારાયણ ભગવાનના 'આશ્રિત - સેવક'ને સૌ 'સત્સંગી' કહે છે. જે મુમુક્ષુ સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરીને વર્તમાન ધારણ કરે છે તે જ સત્સંગી કહેવાય છે. આ વર્તમાન એટલે કે વર્તવાના નિયમો શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં લખ્યા છે, તેના સારરૂપે પંચવર્તમાનની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે : (૧) દારૂ ન પીવો, (૨) ચોરી ન કરવી, (૩) માંસ ન ખાવું, (૪) વ્યભિચાર ન કરવો અને (૫) વટલવું નહીં તથા વટલાવવું નહીં.

'વચનામૃત'માં શ્રીજીમહારાજે સત્સંગી કોને કહેવાય ? પાકો સત્સંગી કેવો હોય ? વગેરે સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ છે, સગાં-વહાલાંને વિષે મમત્વબુદ્ધિ છે, જળને વિષે તીર્થની બુદ્ધિ છે અને મૂર્તિને વિષે પૂજ્યપણાની બુદ્ધિ છે, તેવી ચાર પ્રકારની બુદ્ધિ – આત્મબુદ્ધિ, મમત્વબુદ્ધિ, તીર્થબુદ્ધિ ને પૂજ્યબુદ્ધિ – એકાંતિક સંતને વિષે જેને થઈ છે તે સાચો સત્સંગી છે. તેણે જ અષ્ટાંગયોગ, તપ, વ્રત, દાનાદિક સાધન કરતાં પણ સત્સંગને અધિક જાણ્યો કહેવાય.

તેમજ વિષય ભોગમાંથી જેની ઇન્દ્રિયોની વૃત્તિ નીકળીને એક ભગવાનમાં વળગે એ જ સત્સંગી છે. સત્યરૂપ એવો જે આત્મા (ભગવાનને અખંડ ધારી રહેલા ગુણાતીત સ્વરૂપ, પ્રગટ સત્પુરુષ આપણો આત્મા છે) તથા સત્યરૂપ એવા જે ભગવાન - પરમાત્મા, તેનો જેને સંગ થયો તે સત્સંગી છે.

વળી, શ્રીજીમહારાજે કહ્યું છે કે જેનામાં નિયમ, નિશ્ચય ને પક્ષ – એ ત્રણ વાનાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય.

વળી, જેનો સત્સંગ દૃઢ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેવું સત્સંગમાં અપમાન થાય પણ તેનું મન કોઈ રીતે સત્સંગમાંથી પાછું પડે નહીં; જેમ ભગતજી મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજનું સત્સંગમાં હદ ઉપરાંતનું અપમાન થયું. શ્રીજીમહારાજ કહે છે : 'આ જ દૃઢ સત્સંગી વૈષ્ણવ છે. આ જ અમારે તો સગાંવહાલાં છે અને આ જ અમારી નાત છે. ને આ દેહે કરીને પણ આવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે.'

કુસંગ

એક વખત વલ્લભાચાર્ય અને ચૈતન્ય મહાપ્રભુનો મેળાપ થયો. વલ્લભાચાર્યજીએ સત્સંગનો અદ્‌ભુત મહિમા કહ્યો. પછી એમણે ચૈતન્ય મહાપ્રભુને કુસંગને વિષે પૂછ્યું. ત્યારે તેણે કહ્યું કે 'ગાયના સીંગની ટોચ ઉપર સરસવનો દાણો જેટલો સમય સ્થિર રહે તેટલો જ સમય જો કોઈ કુસંગ કરે તો તેના જન્મોજન્મનાં એકઠાં થયેલાં પુણ્યનો નાશ થાય છે.'

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પણ તેમની વાતોમાં કહ્યું કે પાપીનો વાયરો આવે તો સાઠ હજાર વરસનું પુણ્ય બળીને ભસ્મ થઈ જાય. આ છે કુસંગનો પ્રભાવ. જેમ અમૃત જેવું દૂધ હોય અને તેમાં સર્પની લાળ પડે તો તે ઝેર થઈ જાય છે; તેમ શ્રીજીમહારાજ કહે છે કે કુસંગ મળે ને કુસંગીના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો વૈરાગ્ય, વિવેક, સ્વધર્મ આદિ સર્વે ગુણ તે નાશ પામી જાય છે અને કામ, ક્રોધ, લોભ, મોહ આદિક વિકાર આવે છે. માટે ભગવાનના ભક્ત હોય તેને કોઈ દિવસ કુસંગ ન કરવો.

કુસંગની વ્યાખ્યા કરતાં શ્રીજીમહારાજ કહે છે કે સર્વ કુસંગથી અધિક કુસંગ તે કયો છે ? તો જેને પરમેશ્વરની ભક્તિ નથી અને ભગવાનની કોરનો જેના હૈયામાં વિશ્વાસ નથી. એવા બે મત છે : એક તો નાસ્તિકનો અને બીજો શુષ્ક વેદાંતીનો; કારણ નાસ્તિક છે તેને મતે કોઈ અનાદિ પરમેશ્વર નથી, કર્મે કરીને જ કલ્યાણ માને છે. અને શુષ્ક વેદાંતી માને છે કે 'હું બ્રહ્મ છું,' એમ માનીને પાપ કરતાં બીતા નથી. એવાનો જે સંગ તેનું જ નામ કુસંગ છે. અજ્ઞાની એવા જે શુષ્ક વેદાંતી તેના સંગથી કોઈ મોટું પાપ નથી. માટે જેને કલ્યાણને ઇચ્છવું તેને નાસ્તિક તથા શુષ્ક વેદાંતીનો સંગ કરવો જ નહીં.

વળી, સ્વામીની વાતોમાં પણ ત્રણ પ્રકારનો કુસંગ વર્ણવ્યો છે : (૧) બહારનો કુસંગ, (૨) અંતરનો કુસંગ અને (૩) સત્સંગનો કુસંગ.

જે અધર્મનું આચરણ કરતો હોય એવા અધર્મી તથા ભગવાન ને સંતની નિંદા કરતો હોય એવા વિમુખ મનુષ્યની સોબત કરવી તે બહારનો કુસંગ છે.

મન તથા ઇન્દ્રિયોને પંચવિષયને માર્ગે ચાલવા દેવાં તથા ભગવાન ને સંતને વિષે મનુષ્યભાવ જોવો તે અંતરનો કુસંગ.


શ્રીજીમહારાજ ને બીજા અવતારોને સરખા કહે, એકાંતિક ને સામાન્ય

સંતને સરખા કહે, ભગવદીયમાં દોષ દેખાડે અને આજ્ઞામાં ગૌણપણું બતાવે તે સત્સંગનો કુસંગ. આ ત્રણ પ્રકારના કુસંગનો ત્યાગ કરવો.

૧૫. વિષ્ણુદાસ

'મહારાજ ! આટલું સીધું પૂરું નહીં થાય.' સીધાં-સામગ્રી બહુ ઓછી જણાતાં વિષ્ણુદાસે શ્રીજીમહારાજને કહ્યું. પાસે ઊભેલા સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા કે 'જો સીધું ખૂટશે ને લાજ જશે તો લક્ષ્મીની જશે, આપણે શું ચિંતા ?'

આ બંને ભક્તોની પોતાના તરફ આવી દૃઢ નિષ્ઠા જોઈ, તરત જ તેલ, ઘી, ગોળ, ઘઉં, ચોખા વગેરેની મોટી કોઠીઓ હતી તેને શ્રીજીમહારાજે પોતાની છડી અડાડી, ત્યાં જ બધાં પાત્ર ભરાઈ ગયાં.



ડભાણના આ ભક્તરાજને શ્રીજીમહારાજ વશ વર્તતા હતા. ડભાણમાં જે જે મોટા યજ્ઞો કરેલા તે શ્રીજીમહારાજે વિષ્ણુદાસ પટેલના નામથી કરાવેલા.

વિષ્ણુદાસ શ્રીજીમહારાજના અતિ લાડીલા અને એકાંતિક ભક્તરાજ હતા. શ્રીજીમહારાજની કૃપાદૃષ્ટિથી પોતે નિરાવરણ સ્થિતિને પામ્યા હતા. શ્રીજીમહારાજ જ્યાં વિચરણ કરતા, તે પોતે ઘેર બેઠાં બેઠાં દેખતા ને બીજા હરિભક્તોને પણ કહેતા કે ‘આજે મહારાજ આ ગામમાં બિરાજે છે, આ લીલા કરે છે...’ પોતાના ઈષ્ટદેવને વિષે કેવળ દિવ્યદૃષ્ટિવાળા આ ભક્ત-રાજને અખંડ જ્ઞાનસમાધિ રહેતી.

શ્રીજીમહારાજ ડભાણિયા આંબાની બહુ પ્રશંસા કરતા. આ આંબાની કેરીઓ શ્રીજીમહારાજને બહુ જ ભાવતી. તેથી વિષ્ણુદાસભાઈ શ્રીજી-મહારાજને તથા સંત-હરિભક્તોને જમાડવા ડભાણથી ગાડાં ભરીને કેરીઓ ગઢડા લઈ જતા. વિષ્ણુદાસભાઈની આવી શ્રદ્ધા અને ભક્તિ જોઈ શ્રીજી-મહારાજ તેમને મળતા અને પોતાના બેઉ હાથ તેમના માથા ઉપર મૂકતા અને છાતીમાં ચરણારવિંદ પણ આપતા. પછી રસ-રોટલીની રસોઈ કરાવીને શ્રીજીમહારાજ પોતે જમતા અને સંત-હરિભક્તોની પંક્તિમાં જાતે પીરસીને સૌને આગ્રહપૂર્વક જમાડતા.

શ્રીજીમહારાજના દિવ્ય ચરિત્રને વિષે તો સૌને આશ્ચર્ય ને અહોભાવ સહજ જ જણાય, પણ મનુષ્યચરિત્ર - અસમર્થપણા જેવું બતાવે તેવા પ્રસંગે પણ અખંડ દિવ્યભાવ રહેવો એ બહુ જ કઠણ છે. વિષ્ણુદાસ એમ જ સમજતા કે ‘જે સદા દિવ્ય સાકારમૂર્તિ - સર્વ સામર્થીએ યુક્ત શ્રીજીમહારાજ અક્ષરધામમાં બિરાજે છે, તે જ શ્રીજીમહારાજ તેવાં જ ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થીએ યુક્ત મને આજ પ્રત્યક્ષ મળ્યા છે.’

આવી રીતે પ્રત્યક્ષ શ્રીજીમહારાજના સ્વરૂપને ઓળખી નિશ્ચય કર્યો હતો, પણ કોઈ દિવસ શ્રીજીમહારાજની શુભ-અશુભ ક્રિયા દેખીને તેમાં મોહ કે કુતર્ક તેમને થયો નથી. તેથી તેમના ઉપર શ્રીજીમહારાજ અખંડ પ્રસન્ન રહે તેમાં શું આશ્ચર્ય કહેવાય ?

૧૬. હિમરાજ શાહ

સુંદરિયાણામાં મોઢ વણિક જ્ઞાતિના હિમરાજ શાહ રહે. વૈષ્ણવ

સંપ્રદાયના આગેવાન હરિભક્ત અને વલ્લભ સ્વામીનું ભજન કરે. ગોંસાઈજીના અનન્ય સેવક. તેથી ગોંસાઈજી પાસે ધંધુકા દર એકાદશીએ પોતાના ગામથી ચાલીને જાય. ફળાહાર પણ કરે નહીં.

તેમના ત્રણ પુત્રોમાં સૌથી મોટા વનાશાને સત્સંગ થયો. વનાશા ઘણી વાર પિતાશ્રીને સ્વામિનારાયણના મહિમાની વાત કરે, ત્યારે હિમરાજ શાહ કહે : ‘સ્વામી તો એક વલ્લભ સ્વામી જ; બીજા બધા દેવતુલ્ય.’ એવી દૃઢ ટેકવાળા હિમરાજભાઈ હતા.

એક વખતે યોગમૂર્તિ ગોપાળાનંદ સ્વામી સુંદરિયાણામાં પધાર્યા. હિમરાજભાઈ સ્વામી પાસે કોઈ રીતે આવે તેમ નહોતા, પરંતુ વૈદકમાં નિષ્ણાત એવા હિમરાજભાઈ પરોપકાર ભાવનાથી સાધુ-સંતોની સેવા પ્રેમથી કરતા. ‘ગોપાળાનંદ સ્વામીની તબિયત નરમ છે’ એમ કહી, નાડી જોવાના બહાને વનાશાએ પોતાના પિતાને મંદિરમાં આવવા કહ્યું. તરત જ તેઓ સ્વામીની તબિયત જોવા પધાર્યા.

ગોપાળાનંદ સ્વામી સૂતા હતા તેમની પાસે બેસી હિમરાજભાઈએ નાડી



જોવા કાંડું પકડ્યું. ક્યાંય નાડી હાથમાં આવી નહીં. હાથ, પગ, કંઠ, સાથળ જ્યાં નાડી પકડવા જાય ત્યાંથી ખેંચાઈ જાય પણ તેમના હાથમાં નાડી ન આવે. ગોપાળાનંદ સ્વામીનું શરીર અતિશય તેજસ્વી હતું. આથી, તેમને ઘણું જ આશ્ચર્ય થયું ને મનોમન વિચાર કરવા લાગ્યા કે 'આ કોઈ સામાન્ય મનુષ્ય નથી પણ તેમણે અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો હોય તેમ લાગે છે. તેથી વલ્લભ સ્વામી જેવા તો આ ગોપાળાનંદ સ્વામી છે. ત્યારે તેમના ગુરુ સ્વામિનારાયણ તો ભગવાન હોવા જ જોઈએ.'

પોતે ગોપાળાનંદ સ્વામીનાં ચરણોમાં એકાએક મસ્તક ઝુકાવી દીધું ને મનમાં દૃઢ નિશ્ચય કરી, વર્તમાન ધરાવી સત્સંગી થયા.

ત્યારપછી તેઓ પ્રગટ પુરુષોત્તમ શ્રીજીમહારાજનું ભજન કરવા લાગ્યા. તેમનાં સગાં-સંબંધીઓથી આ સહન ન થયું. તેઓ કહેવા લાગ્યા કે 'બાપ-દાદાનો ધર્મ કેમ છોડી દીધો ?'

ત્યારે હિમરાજભાઈ મક્કમતાથી સૌને જવાબ આપતા કે 'સહજાનંદ સ્વામી એ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમનો અવતાર છે. વિઠ્ઠલનાથજી પ્રગટ થયા ત્યારે જેમ મોઢ વાણિયાઓએ બાપ-દાદાનો ધર્મ છોડીને વિઠ્ઠલનાથજીનો આશરો કર્યો હતો, તેમ મેં પણ હવે સહજાનંદ સ્વામીનો આશરો કર્યો છે પણ કાંઈ ખોટું કર્યું નથી.'

આથી, ધંધુકાથી ગોંસાઈજી પણ ખાસ સુંદરિયાણા પધાર્યા. હિમરાજભાઈને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો, પણ તેઓ ડગ્યા નહીં. પ્રસાદ-મીઠાઈના આઠ કરંડિયા ગોંસાઈજીને મોકલાવ્યા પણ હિમરાજભાઈએ તે પ્રસાદી પણ પાછી મોકલાવી.

આથી, ગોંસાઈજી ભોંઠા પડી ગયા. 'સ્વામિનારાયણે તેમને વશીકરણ વિદ્યાથી વશ કર્યા છે, પણ સમય આવ્યે તેમને નાતબહાર મૂકવા,' – એવો મનોમન નિર્ણય તેમણે કર્યો.

ધંધુકા આવી સૌને ઉશ્કેર્યા કે 'હિમરાજભાઈ સાથે કોઈએ વ્યવહાર ન રાખવો. તેમના કોઈ પ્રસંગમાં જમવા પણ ન જવું. જો સત્સંગી હોય ને સગો ભાઈ હોય, તો પણ તેનો સંબંધ ન રાખવો.'

જ્યારે ઘણાએ વિનંતી કરી કે 'જોર જુલમથી ધર્મ નથી પળાવી શકાતો.' ત્યારે ગોંસાઈજી કહે : 'ધર્મભ્રષ્ટ ઉપર દયા ન રખાય.'

તે વખતે લોકોને ધર્મગુરુઓનો ડર ઘણો હતો, તેથી સૌ ચૂપ રહ્યા.

એમ છ વરસ પસાર થઈ ગયાં. હિમરાજભાઈનો અંતકાળ નજીક આવ્યો. પોતાના ત્રણ દીકરાઓ વનાશા, પુંજાશા, જેઠાશા તથા ભત્રીજા ભગાભાઈ એ ચારેયને બોલાવીને શિખામણ આપી કે 'આ સંસાર તો નાશવંત છે. માટે ધીરજ રાખી અને બીજાથી ડર્યા વગર સત્સંગની ટેક તો દૃઢપણે રાખવી. શ્રીજી રીઝે એમ કરવું.' એટલું કહી શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં હિમરાજભાઈએ દેહ મૂકી દીધો.

પછી નાતના રિવાજ પ્રમાણે કારજ કરવાનો પ્રસંગ આવ્યો. હિમરાજભાઈની શાખ મોટી, તેથી દીકરાઓએ ગામોગામ કંકોતરી લખી. ઘી, ખાંડ, ગોળ વગેરે મોટા પ્રમાણમાં સીધું-સામગ્રી ખરીદીને તૈયાર કર્યું.

બરાબર લાગ જોઈને સત્સંગ મુકાવવા ધંધુકાથી ગોંસાઈજીનો સંદેશો લઈ શેઠિયાઓ આવ્યા અને કહ્યું કે 'સત્સંગ રાખશો તો સૌ તમને નાતબહાર મૂકશે અને વૃદ્ધ ડોસાનું કારજ બગડશે. માટે સ્વામિનારાયણની કંઠી તોડી નાખો, તો સૌ જમવા આવશે.'

ત્યારે વનાશા કહે : 'મચ્છરના ભયથી કોઈ હવેલીનો ત્યાગ કરતું નથી. તેમ નાતનો ડર રાખી સ્વામિનારાયણને નહીં મૂકીએ અને કંઠી નહીં તોડીએ. એ તો શિર સાટે છે.'

છેવટે 'કારજના દિવસ પૂરતી કંઠી તોડી નાખવી, અરે ! લોકો જમી રહે ત્યાં સુધી ઓરડામાં આ ભાઈઓએ છુપાઈ રહેવું' વગેરે ઘણી શરતો કંઠી મુકાવવા શેઠિયાઓએ મૂકી, પણ આ ભાઈઓ મક્કમ હતા કે 'પૃથ્વી રસાતળ જાય તો પણ સત્સંગ છોડવો નથી.'

શેઠિયાઓએ ધંધુકા જઈ ગામોગામ પત્રો લખી નાખ્યા કે 'હિમરાજભાઈના કારજમાં જે જમવા જશે તે નાતબહાર છે.'

આ સમાચાર મળવાથી વનાશાએ ભગાભાઈ તથા પોતાના દીકરા હીરાભાઈને ગઢપુર મોકલ્યા. બંને ભાઈઓએ શ્રીહરિને બધી પરિસ્થિતિની જાણ કરી અને સંતમંડળ સહિત સુંદરિયાણા પધારવા અંતરથી વિનંતી કરી.

'આ ભાઈઓએ આપણા માટે નાતનો ત્યાગ કર્યો અને આવી દૃઢ ટેક રાખી !' તે જાણી શ્રીહરિની આંખમાં હર્ષાશ્રુ આવી ગયાં, બહુ રાજી થયા અને તરત જ સંતો-હરિભક્તો સાથે સુંદરિયાણા પધારવા તૈયાર થયા.

શ્રીહરિ સંત-હરિભક્તો સહિત સુંદરિયાણા પધાર્યા. જેઠાશાની મેડીમાં શ્રીહરિનો ઉતારો હતો. બીજા સંતો તથા હરિભક્તોનો પણ અલગ અલગ ઉતારો હતો. દરરોજ નવી નવી રસોઈ કરાવી ત્રણે ભાઈઓએ શ્રીહરિ અને સંત-હરિભક્તોને પ્રેમથી જમાડ્યા. શ્રીહરિ પણ સંતોની પંક્તિમાં પીરસી આગ્રહપૂર્વક જમાડતા. વળી, સંતમંડળ સાથે રાસ રમ્યા, અદ્ભુત વાતો કરી. એમ અનેક પ્રકારે શ્રીહરિએ સૌને ખૂબ સુખ આપ્યું.

વસંત પંચમી આવી ત્યારે સૌ સંત-હરિભક્તો સાથે શ્રીહરિ રંગે રમ્યા અને પોતાનાં રંગભીનાં પ્રસાદીનાં વસ્ત્રો દરેક ભાઈને અતિશય રાજી થઈને આપ્યાં. તેમાં વનાશાને પાઘ, પુંજાશાને સુરવાળ, જેઠાશાને અંગરખું તથા ભગાભાઈને ખેસ આપ્યો.[૨]

આ પ્રમાણે પાંચ દહાડા રહી શ્રીહરિએ સૌને ખૂબ સુખ આપ્યું. જ્યારે શ્રીહરિએ નીકળવાની તૈયારી કરી, ત્યારે વનાશાએ શ્રીહરિને રોકાઈ જવા બહુ તાણ કરી, કારણ કે સીધું ઘણું વધ્યું હતું. વનાશા અને એમના આખા કુટુંબે આટલા દિવસો સુધી ખૂબ સેવા કરી હતી, હવે વધુ રોકાવું વાજબી ન હતું, તેથી શ્રીહરિએ જવાની રજા માગી. વનાશાએ આખા સંઘના દરેક હરિભક્તને બબે લાડુનું ભાથું બંધાવી આપ્યું. ત્યારબાદ શ્રીહરિ ગઢપુર પધાર્યા.

હિમરાજ શાહ તથા તેમના દીકરાઓએ જ્ઞાતિનો સખત વિરોધ સહન કરીને પણ સત્સંગ શિર સાટે રાખ્યો, તેથી શ્રીજીમહારાજ બહુ પ્રસન્ન થયા. આપણે પણ સૌએ આવી ટેવ રાખવી જોઈએ.

૧૭. વચનામૃત

ગઢડા પ્રથમ પ્રકરણ - ૮

ઇંદ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખ્યાનું

સંવત ૧૮૭૬ના માગશર સુદી ૧૧ એકાદશીને દિવસે શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

---

૨. આજે પણ આ પ્રસાદીનાં વસ્ત્રો સુંદરિયાણામાં એમના કુટુંબમાં મોજૂદ છે.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ઇન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે અને અનંત કાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે. અને જો ઇન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે. માટે શાસ્ત્રમાં જે રીતે વિષય ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા, પણ શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંઘન કરીને ભોગવવા નહીં. અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો. અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહનાં સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે. ॥ **ઇતિ વચનામૃતમ્** ॥

નિરૂપણ

પરમ કૃપાળુ પરમાત્મા શ્રીહરિએ મનુષ્યમાત્રને બુદ્ધિ, ઇન્દ્રિયો, મન વગેરે સર્જી આપ્યાં છે, તે નિયમમાં રહીને વિષય ભોગવવા તથા પોતાના જીવના કલ્યાણને માટે છે, એવું શ્રીમદ્‌ભાગવતમાં વ્યાસજીએ કહ્યું છે. નાક, કાન, આંખ વગેરે ઇન્દ્રિયો જો ભગવાનની સેવામાં જોડી દઈએ તો આપણું અંતઃકરણ શુદ્ધ થાય છે.

આંખે કરીને ભગવાન તથા સંત તથા ભગવાનની મૂર્તિનાં દર્શન કરવાં, કાને કરીને ભગવદ્‌વાર્તા જ સાંભળવી, જિહ્‌વાએ કરીને ભગવાન અને સંતના ગુણ ગાવા અને એમને ધરાવેલો પ્રસાદ જ જમવો, નાકે કરીને એમને ચઢ્યાં એવાં જે પુષ્પ તેની જ સુગંધ લેવી અને ત્વચાએ કરીને ભગવાન અને સંતનો જ સ્પર્શ ગમે, એમ ઇન્દ્રિયોની તમામ ક્રિયા ભગવાન સંબંધી જ કરવી, તેથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને ભગવાન અને સંતની અખંડ સ્મૃતિ થાય છે.

પરંતુ આ પરમ પુરુષાર્થની સિદ્ધિ મેળવવામાં આપણા મોક્ષમાર્ગમાં જે વિઘ્નરૂપ છે તેનો પણ વિચાર કરવો જરૂરી છે. સર્વ દુઃખનું મૂળ 'અહં-મમત્વ' કહેતાં હું અને મારું છે. દેહને વિષે 'હું'પણાનો ભાવ અને દેહના સંબંધી વિષે 'મારા'પણાનો ભાવ આપણને પરમાત્માથી દૂર લઈ જાય છે. 'હું અને મારું'

એ જ માયા છે. તે દૂર કરવા માટે શ્રીજીમહારાજે આ વચનામૃતમાં ઉપાય બતાવ્યો છે કે નિયમમાં રહીને વિષય ભોગવવા. નદી જ્યાં સુધી બે કિનારાની મર્યાદામાં રહે છે ત્યાં સુધી સર્વને સુખ આપે છે, પણ નદીમાં જ્યારે પૂર આવે છે અને બે કાંઠાની મર્યાદા બહાર તે જાય છે ત્યારે સર્વને દુઃખરૂપ થઈ જાય છે. તેવી રીતે શાસ્ત્રની મર્યાદા તોડીને વિષય ભોગવવાથી પોતાને તો અધોગતિરૂપ નુકસાન થાય પણ બીજાને પણ તેનાથી નુકસાન થાય છે.

નિયમમાં યથાર્થ રહેવાય અને અહં-મમત્વની નિવૃત્તિ થાય તે માટે સાધુનો સંગ રાખવો. સાચા સાધુનો સમાગમ અને સેવા એ જ જીવને મોક્ષ-માર્ગમાં વૃદ્ધિ પામવાનો એકમાત્ર ઉપાય છે.

શ્રીજીમહારાજ કહે છે કે કુસંગનો ત્યાગ કરવો. સાધુનો સમાગમ જેમ આવશ્યક છે તેવી જ રીતે કુસંગનો ત્યાગ પણ અત્યંત જરૂરી છે. જેમ અગ્નિનો એક જ તણખો દારૂના ઢગલાનો નાશ કરી નાંખે છે, તેવી રીતે ગમે તેટલો સત્સંગ કર્યો હોય પણ થોડો કુસંગ લાગી જાય તો સત્સંગ નિષ્ફળ જાય છે. માટે કુસંગથી દૂર રહી જ્યારે ભગવાનના ભક્ત એવા જે પરમ એકાંતિક સંત તેનો મન, કર્મ, વચને જીવ સમાગમ કરે છે ત્યારે તેના અહં-મમત્વના ભાવ દૂર થાય છે અને ભગવાનને વિષે તેને અસાધારણ પ્રીતિ થાય છે. અખંડ ભગવાનના સુખના આનંદનો તેને અનુભવ થાય છે. વળી, ભગવાન વિના અન્ય પદાર્થને વિષે વૈરાગ્ય પણ ઉત્પન્ન થાય છે. તેને ભગવાન ને ભગવાનના ભક્ત વિના જગતમાં બધું જ ખોટું જણાય છે.

ગઢડા પ્રથમ પ્રકરણ - ૧૬

વિવેકનું

સંવત ૧૮૭૬ના માગશર વદિ ૪ને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, 'જે ભગવાનના ભક્તને સત્-અસત્નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક

અવગુણ પોતાને ભાસતો હોય તો તેનો ત્યાગ કરી દે અને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે. અને પરમેશ્વરને વિષે તો તેને કોઈ અવગુણ ભાસે જ નહીં. અને ભગવાન અને સંત તે જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને, પણ તે વચનને વિષે સંશય કરે નહીં. અને સંત કહે જે, 'તું દેહ, ઈન્દ્રિય, મન, પ્રાણથી જુદો છું અને સત્ય છું અને એનો જાણનારો છું, અને એ દેહાદિક સર્વે અસત્ય છે,' એમ વચન કહે તેને સત્ય માનીને તે સર્વથી જુદો આત્મરૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહીં. અને જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવા જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે અને તેના બંધનમાં આવે નહીં. અને સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે અને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે. એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે, તેને વિવેક છે. ॥ **ઈતિ વચનામૃતમ્** ॥

નિરૂપણ

શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૬માં 'જે પોતાનો અવગુણ જુએ તે જ વિવેકી છે અને બીજાનો અવગુણ જુએ તે જ અવિવેકી છે' એમ સમજાવ્યું. જેને સત્સંગમાં આગળ વધવું હોય તે તો પોતાના જ અવગુણ જુએ અને તેનો વિચાર કરીને ત્યાગ કરી દે. કેટલાક પોતાના દોષને ઓળખે ખરા પણ ટાળવાનો પ્રયત્ન ન કરે; પણ પોતાનો અવગુણ ટાળવાનો પ્રયત્ન કરવો તે પણ વિવેક છે. કારણ, પોતાનો ગુણ જોવાથી દેહાભિમાન દૃઢ થતું જાય છે અને પરમેશ્વરમાં અથવા સંતમાં કોઈ અવગુણ છે જ નહીં, તેમ છતાં પોતાની દોષ જોવાની દૃષ્ટિએ કરીને અવગુણ ભાળે છે. જે વિવેકી ભક્ત છે તે પોતાના ઈષ્ટદેવ એવા જે ભગવાન અને સંત તેમાં કદી દોષ દેખતો નથી.

એ સિવાય પરમેશ્વર તથા સંત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને. ભગવાન અથવા સંતના વચનમાં થોડો પણ અવિશ્વાસ રહે તો તે પણ મોટો અવિવેક છે. લૌકિક કાર્યોમાં પણ આપણે અનુભવી પુરુષોમાં વિશ્વાસ રાખીએ છીએ, તો આ લોકનું કાર્ય સરળ થઈ જાય છે. આ મોક્ષના માર્ગમાં આપણને જે ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ છે તેને આપણી પાસેથી એવો કોઈ સ્વાર્થ સાધવો નથી, પણ કેવળ આપણા જીવના રૂડા સારુ આપણને

ઉપદેશ દે છે, દોષ બતાવે છે. 'તેઓ આપણને કોઈ દિવસ અવળે માર્ગે ચડાવશે નહીં,' એવો તેમનામાં દૃઢ વિશ્વાસ રાખીને સત્સંગ કરવો તો અવિવેક ટળી જાય છે.

'આ દેહ તારું સ્વરૂપ નથી. કારણ દેહ, ઈન્દ્રિય આદિક નાશવંત છે, તારો જે આત્મા છે તે જ તારું સાચું સ્વરૂપ છે,' સત્પુરુષની આ આજ્ઞા માનીને વિવેકી ભક્ત મનની ઈચ્છાઓ પ્રમાણે તણાઈ જતો નથી પણ આત્મારૂપે વર્તે છે. કહેતાં ભગવાન અને સંતની આજ્ઞા પ્રમાણે વર્તે છે, પણ પોતાને બંધન થાય એવા જગતના - પંચવિષયના પદાર્થોમાં લોભાતો નથી. કુસંગને ઓળખીને તેનાથી દૂર રહે છે. વિઘ્નરૂપ હોય એવા અવળા વિચારોનો ત્યાગ કરે છે. મોક્ષમાર્ગમાં ઉપયોગી એવા સવળા વિચારોને જ ગ્રહણ કરે છે, ત્યારે સાચો વિવેક આવે છે.

૧૮. રાજબાઈ

ગામ વાંકિયાનાં રાજબાઈ શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત હતાં. ગઢપુરનાં જીવુબાઈનાં તેઓ માશિયાઈ બહેન હતાં. શ્રીજીમહારાજનાં ગઢડામાં પ્રથમ દર્શન કર્યાં એટલામાં જ શ્રીજીમહારાજની મૂર્તિમાં ચિત્ત તણાઈ ગયું અને 'મહારાજ સર્વોપરી ભગવાન છે' તેવો નિશ્ચય તેમને થઈ ગયો.

તેમને લગ્ન કરવાની ઈચ્છા ન હતી. 'આ દેહે કરીને વિષય સુખનો ત્યાગ કરીને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય અખંડ પાળી શ્રીજીમહારાજની સેવામાં રહેવું,' એવો નિશ્ચય કરી લીધો હતો.

તેમની સગાઈ કરવાની હતી પરંતુ તેમણે ના પાડી. છતાં સાસરેથી ચૂંદડી ને નારિયેળ આવ્યાં. તે તેની માએ કોઠલા ઉપર મૂક્યાં. રાજબાઈને ચૂંદડી બતાવી કહ્યું : 'રાજુ ! આ ચૂંદડી જો.'

ત્યારે રાજબાઈએ રીસમાં કહ્યું : 'બળી તારી ચૂંદડી.' એટલામાં તો ચૂંદડી ભડભડ બળી ગઈ. છતાં તેમની સગાઈ તો કરી.

લગ્નના દિવસે જાન આવી અને વર તોરણે આવ્યો, ત્યારે રાજબાઈ શ્રીજીમહારાજને સંભારીને સમાધિમાં ચાલ્યાં ગયાં. તેમનું શરીર જડવત્ બની ગયું. લગ્ન મંડપમાં તેમની જગ્યાએ દાસીને બેસારી. જાન વળાવી ત્યારે રાજબાઈને ગાડે બેસાર્યાં. રાજબાઈ શ્રીજીમહારાજનું ભજન કરતાં કરતાં

સાસરે આવ્યાં. તે જ રાતે પોતાના ઓરડામાં પલંગ ઉપર બેસીને શ્રીજી-મહારાજનું ધ્યાન કરતાં હતાં. તે વખતે તેમના પતિ ઓરડામાં દાખલ થયા. તેમના પતિને પલંગ ઉપર સિંહ બેઠો છે એવું ભયંકર સ્વરૂપ દેખાયું. તે જોઈને ચીસ પાડી ને તે બહાર નીકળી ગયા અને પોતાની માને કહ્યું : 'મારે આ બાઈ ન જોઈએ.' એમ કહી કાગળ લખી આપી તેમને ગઢડે મોકલી દીધાં.

એક વખત શ્રીજીમહારાજ લીંબતરુ નીચે સભા ભરીને બિરાજમાન હતા, તે વખતે રાજબાઈનાં સગાંવહાલાંઓ શ્રીજીમહારાજ પાસે આવ્યાં ને વિનંતી કરી : 'હે મહારાજ ! રાજબાઈને આજ્ઞા આપો કે ઘેર આવે.'

ત્યારે સ્ત્રીઓની સભામાં બેઠેલાં રાજબાઈને શ્રીજીમહારાજે કહેવરાવ્યું : 'તમે સસરાને ઘેર જાઓ.'

આ વાક્ય સાંભળતાં જ રાજબાઈને મૂર્છા આવી ગઈ. રુંવાડે રુંવાડે લોહીના ટશિયા ફૂટ્યા ને બેહોશ થઈ ગયાં. રાજબાઈનો દેહ રહેશે નહીં એવું સૌને જણાયું, તેથી સર્વ સંબંધીઓએ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી : 'હે મહારાજ ! રાજબાઈ અતિશય વૈરાગ્યવાળાં છે. માટે તેમના શરીરે સારું થાય એવી કૃપા કરો.'



તરત જ શ્રીજીમહારાજ રાજબાઈના દેહ પાસે આવીને બોલ્યા : 'હે રાજબાઈ ! તમે અખંડ બ્રહ્મચર્ય રાખી અહીં રહો અને અમારી સેવા કરો.'

આ સાંભળી રાજબાઈના દેહને વિષે ચેતન આવ્યું. બેઠાં થઈ શ્રીજીમહારાજને પગે લાગ્યાં. શ્રીજીમહારાજે પૂછ્યું : 'તમને કેમ વસમું લાગ્યું ?'

રાજબાઈએ કહ્યું : 'હે મહારાજ ! પંચવિષય કયા દેહે નથી ભોગવ્યા ? જેટલું આ સમુદ્રમાં પાણી છે, તેટલું આ જીવે માતાનું દૂધ પીધું છે. એટલી વાર જન્મ ધરી વિષયભોગ ભોગવ્યા છે. માટે આ દેહે તો બ્રહ્મચર્ય પાળી, આપની દૃઢ ભક્તિ જ કરવી છે – એવો મેં નિશ્ચય કર્યો છે. આપે જ્યારે સાસરે જવાનું કહ્યું ત્યારે મનમાં વિચાર થયો જે, જો આપની આજ્ઞા નહીં પાળું તો વચનદ્રોહી કહેવાઈશ. તેથી મને ખૂબ વસમું લાગ્યું. પરંતુ જ્યારે તમે અખંડ બ્રહ્મચર્ય રાખી સેવા કરવાનું કહ્યું ત્યારે હું બહુ રાજી થઈ છું.'

શ્રીજીમહારાજ એક સમયે વાસુદેવ નારાયણના ઓરડાની પૂર્વ તરફ વંડી પાસે બિરાજ્યા હતા. ઉનાળો હોવાથી સંતોએ જળ છાંટી પૃથ્વી ભીની કરી હતી. તે વખતે રાજબાઈએ શ્રીજીમહારાજને રસ-રોટલીનો થાળ જમાડ્યો. પછી દાદાખાચર દ્વારા મહારાજનું પૂજન કરાવ્યું ને વસ્ત્ર તથા અલંકાર અર્પણ કર્યાં.

તે વખતે શ્રીજીમહારાજની ઇચ્છાથી રાજબાઈને સમાધિ થઈ. અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર બિરાજેલા અતિશય પ્રકાશમાન દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજને જોયા. બ્રહ્માદિક દેવોએ શ્રીજીમહારાજ ઉપર અને રાજબાઈ ઉપર ચંદન અને પુષ્પની વૃષ્ટિ કરી.

શ્રીજીમહારાજ બોલ્યા : 'આજે રાજબાઈએ કેરીનો મીઠો રસ જમાડ્યો છે, તેથી ઉનાળાનો તડકો નાશ પામી ગયો છે.'

આવી રાજબાઈની અપાર ભક્તિ હતી.

રાજબાઈની ભક્તિ અને ઉત્કૃષ્ટ નિશ્ચય જોઈ તેમના સર્વ સંબંધીઓ પણ શ્રીજીમહારાજના આશ્રિત થયા અને 'શ્રીજીમહારાજ સાક્ષાત્ ભગવાન છે' એવો નિશ્ચય કર્યો.

રાજબાઈને વૈરાગ્ય અતિશય હતો. તેઓ પુરુષથી વીસ હાથ દૂર રહેતાં, જાડાં વસ્ત્ર પહેરતાં અને પૃથ્વી ઉપર જ સૂતાં. તેઓ મિતાહારી હતાં.

તેમનું બ્રહ્મચર્ય વ્રત એવું અખંડ હતું કે તેમણે દેહ મૂક્યો ત્યારે

દાદાખાચરે તેમનો અગ્નિસંસ્કાર કરવા માટે ચિતામાં ઘણું ઘી નાખ્યું, પરંતુ અગ્નિ પ્રકટ્યો નહીં. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'અગ્નિને કહો કે સતી તો ચાલ્યાં ગયાં છે અને હવે તો ફક્ત દેહ છે, માટે સ્પર્શ કરવામાં વાંધો નથી.'

ગોપાળાનંદ સ્વામીના આ વચનથી અગ્નિ પ્રજ્વલિત થયો. શ્રીજીમહારાજ પ્રત્યેની અપૂર્વ ભક્તિથી આવું અસિધારાવ્રત પાળીને રાજબાઈ શ્રીજીમહારાજના અનન્ય ભક્તોમાં ગણાતાં હતાં.

૧૯. સુંદરજી સુથાર

'કોણ આવ્યું ?'

'મહારાજ ! આપનો દાસ.'

આ સાંભળી શ્રીજીમહારાજ હસ્યા અને પૂછ્યું : 'દાસનું શું લક્ષણ ?'

'કહે તેમ કરે.'

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : 'દાસ હો તો વસ્ત્ર-ઘરેણાં ઉતારી સાધુ થાઓ.'

તે જ વખતે સુંદરજીભાઈએ વસ્ત્ર-ઘરેણાં ઉતારી નાખ્યાં ને દાઢી-મૂછ મૂંડાવી દીક્ષા લઈ લીધી.

આ સુંદરજી સુથાર કચ્છના રાજાના કારભારી હતા. રામાનંદ સ્વામીના ભક્ત હતા પણ રામાનંદ સ્વામીએ તેમને શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો હતો, તેથી તે શ્રીજીમહારાજના અનન્ય ભક્ત બન્યા હતા.

એક પ્રસંગે તેઓ ભુજના રાજાનું ખાંડુ (જાન) લઈને ગોંડળ આવ્યા. ત્યાં સમાચાર મળ્યા કે 'મહારાજ બંધિયા બિરાજે છે' એટલે તરત જ રખેવાળોને જાનની ભલામણ કરી પોતે શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારુ બંધિયા આવ્યા. અહીં મૂળુખાચરને ત્યાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા. તે વખતે દાસની પરીક્ષા કરવા સારુ સુંદરજીભાઈને ઉપર પ્રમાણે શ્રીજીમહારાજે વાત કરી, ત્યાગીની દીક્ષા આપી. પછી તરત જ તેમને કાશીની જાત્રા કરવા મોકલ્યા. સુંદરજીભાઈ પણ દૃઢ નિશ્ચયવાળા હતા. તેમને શ્રીજીમહારાજના વચનમાં કાંઈ સંશય ન થયો.

શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને આ વાત કરતાં કહ્યું : 'અમે કેવાં સારાં કામ કર્યાં કે રાજાના કારભારીને મૂંડ્યા !!'

ત્યારે મુક્તાનદ સ્વામીએ કહ્યું : 'શું સારું કામ કર્યું ? કાઠિયાવાડમાં

મતવાદીઓ રંજાડતા તેથી ઘણી મુશ્કેલી હતી, પણ કચ્છમાં શાંતિ હતી. હવે કચ્છમાં જગજીવન કારભારી સત્સંગનો દ્વેષી છે, તે જાણશે તો વિશેષ ઉપાધિ કરશે. હવે ત્યાં પણ રોટલા મળશે નહીં. વળી, સુંદરજીભાઈને ખાંડાના અધિપતિ કરી પાલખી આપી મંગળ કાર્ય માટે મોકલ્યા છે. તે આ વાતની જ્યારે રાજાને ખબર પડશે ત્યારે તેને પણ ખોટું લાગશે જે, મારા મંગળ કાર્યમાં સ્વામિનારાયણે વિઘ્ન કર્યું.'

મુક્તાનંદ સ્વામીની આ વાત સાંભળી શ્રીજીમહારાજે કહ્યું : 'તેમને બોલાવો પાછા.'

મૂળજી બ્રહ્મચારીને મોકલી સાધુવેષધારી સુંદરજીભાઈને પાછા બોલાવ્યા. તેઓ શ્રીજીમહારાજ પાસે આવ્યા ને દંડવત્ કરી ઊભા રહ્યા.

મહારાજે પૂછ્યું : 'કોણ આવ્યું ?'

'દાસ આવ્યો.'

શ્રીજીમહારાજ હસ્યા અને બોલ્યા : 'દાસ હો તો લૂગડાં-ઘરેણાં પહેરી ઢાલ-તલવાર લઈને રાજાના કુંવરને પરણાવવા જાઓ.'

મહારાજની આજ્ઞાથી સાધુવેષધારી સુંદરજીભાઈએ વસ્ત્ર-ઘરેણાં તો



પહેરી લીધાં પણ દાઢી-મૂછ ક્યાંથી લાવે ? પછી જ્યારે ખાંડામાં આવ્યા ત્યારે સર્વેએ પૂછ્યું : 'મંગળ કાર્યમાં આ અમંગળ શું કર્યું ?'

ત્યારે સુંદરજીભાઈએ કહ્યું : 'અમારી કુળદેવીનાં દર્શન કરવા ગયો હતો, ત્યાં બ્રાહ્મણોએ કહ્યું કે 'દાઢી-મૂછ ઉતરાવ્યાં વિના માનતા નહીં ફળે.' તેથી મેં દાઢી, મૂછ ને વાળ કઢાવી નાખ્યાં.' આમ જવાબ આપ્યો તેથી જાનના માણસોને શાંતિ થઈ.

આ પ્રમાણે જેને ભગવાનનો યથાર્થ નિશ્ચય હોય તે ભગવાન અને સંતને અર્થે શું ન કરે ? લોકલાજનો ત્યાગ કરવો કઠણ, છતાં સુંદરજીભાઈએ કરી બતાવ્યું. પરંતુ સુંદરજીભાઈને આ વાતનો ગર્વ થયો. તેમણે શ્રીજી-મહારાજને કહ્યું : 'મહારાજ ! બીજાની આવી આકરી કસોટી કરશો નહીં. બીજાથી આવું થાય નહીં.'

શ્રીજીમહારાજ તો તે સમયે કાંઈ બોલ્યા નહીં, પણ પછી શ્રીજીમહારાજ જ્યારે ભાદરા પધાર્યા ત્યારે ત્યાંથી અઢાર હરિભક્તો ઉપર પત્ર લખ્યો, અને તેમને જેતલપુર ભાઈરામદાસ સ્વામી પાસે જઈ, ત્યાગી થઈ ભુજ આવવા જણાવ્યું.

આ અઢારે ભક્તો જ્યારે ત્યાગી થઈ ભુજ આવ્યા ત્યારે શ્રીજીમહારાજ તેમને સૌને અતિશય રાજી થઈને ભેટ્યા. પછી સુંદરજીભાઈને સૌની ઓળખાણ કરાવી. બધા ગામધણી ને મોટા ગરાસદારો હતા. તેમને જોઈ સુંદરજીભાઈનો ગર્વ ગળી ગયો.

ભુજનગરમાં જગજીવન નામે નાગર બ્રાહ્મણ પણ ત્યાંના રાજાનો બીજો દીવાન હતો (ભુજના રાજાને આઠ દીવાન હતા). તેને શ્રીજીમહારાજ ઉપર ઘણી ઈર્ષા હતી, પરંતુ જગજીવનની પત્ની ભક્તરાજ હતી. શ્રીજીમહારાજ ભુજમાં સુંદરજીભાઈને ત્યાં પધારતા ત્યારે તેઓ સત્સંગનો શિર સાટે પક્ષ રાખી શ્રીજીમહારાજની સેવા કરતાં. આવાં એ અનન્ય ભક્ત હતાં.

૨૦. લીલાચિંતામણિ

શ્રીજીમહારાજનાં દૈનિક લીલાચરિત્રોનું વર્ણન પ્રેમાનંદ સ્વામીએ સ્વાભાવિક ચેષ્ટાનાં પદોમાં સુંદર રીતે કર્યું છે. શ્રીજીમહારાજનાં ચરિત્રોનું નિત્ય સ્મરણ કરવા, રાત્રે સૂતા પહેલાં આ પદોનું ગાન કરવાનો દરેક

સત્સંગીને આદેશ છે. એ હેતુથી આ પદો અહીં આપેલાં છે :

સ્વાભાવિક ચેષ્ટા : રાગ - ગરબી

પદ : ૧

પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું,
નૌતમ લીલા રે, નારાયણની ગાવું. ૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને,
જેને કાજે રે, સેવે જઈ વનને. ૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે,
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે. ૩
સહજ સ્વાભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની,
સૂણતાં સજની રે, બ્હીક મટાડે જનની. ૪
ગાવું હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી,
પાવન કરજ્યો રે, પ્રભુજી બુદ્ધિ મારી. ૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે,
તુળસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે. ૬
રમૂજ કરતાં રે, રાજીવનેણ રૂપાળાં,
કોઈ હરિજનની રે, માગી લઈને માળા. ૭
બેવડી રાખી રે, બબે મણકા જોડે,
ફેરવે તાણી રે, કોઈક માળા તોડે. ૮
વાતો કરે રે, રમૂજ કરીને હસતાં,
ભેળી કરી રે, માળા કરમાં ઘસતાં. ૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી,
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી. ૧૦

પદ : ૨

સાંભળ સહિયર રે, લીલા નટનાગરની,
સૂણતાં સુખડું રે, આપે સુખસાગરની. ૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડાં ક્યારે,

ધ્યાન ધરીને રે, બેસે જીવન બા'રે. ૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતા જાગે,
જોતાં જીવન રે, જન્મ-મરણ દુઃખ ભાગે. ૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે,
સંત હરિજન રે, સામું જોઈ રહે છે. ૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે,
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે. ૫
સાધુ કીર્તન રે, ગાયે વજાડી વાજાં,
તેમને જોઈ રે, મગન થાય મહારાજા. ૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય,
સંત હરિજન રે, નીરખી રાજી થાય. ૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી,
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી. ૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે,
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે. ૯
પોતે વારતા રે, કરતા હોય બહુ નામી,
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી. ૧૦

પદ : 3

મનુષ્યલીલા રે, કરતા મંગળકારી,
ભક્તસભામાં રે, બેઠા ભવભયહારી. ૧
જેને જોતાં રે, જાયે જગ આસક્તિ,
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ. ૨
તે સંબંધી રે, વાર્તા કરતા ભારી,
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી. ૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત,
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત. ૪
ક્યારેક હરિજન રે, દેશ દેશના આવે,
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે. ૫

જાણી પોતાના રે, સેવકજન અવિનાશી,
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશિ. ૬
ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ,
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ. ૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને,
દેહમાં લાવે રે, પ્રાણ ઇન્દ્રિય મનને. ૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ,
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ. ૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન,
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન. ૧૦

પદ : ૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી,
આનંદ આપે રે, સૂણતાં ન્યારી ન્યારી. ૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે,
ગુચ્છ ગુલાબનાં રે, ચોળે છે બે હાથે. ૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી,
તેને રાખે રે, આંખ્યો ઉપર દાબી. ૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોયે,
વાતો કરે રે, કથા વંચાય તોયે. ૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે,
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે. ૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે,
તેના ઉપર રે, બહુ ખીજી રિસાવે. ૬
કથા સાંભળતાં રે, 'હરે હરે' કહી બોલે,
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે. ૭
ભાન કથામાં રે, બીજી ક્રિયા માંહે,
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાયે. ૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની,

થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બેની. ૯
એમ હરિ નિત નિત રે, આનંદ રસ વરસાવે,
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે. ૧૦

પદ : ૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મુરારી,
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી. ૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા,
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા. ૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ,
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ. ૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિત,
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે. ૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી,
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી. ૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને,
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને. ૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી,
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી. ૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ,
છાતી માંહે રે, ચરણકમળ દે નાથ. ૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરિધારી,
ક્યારેક આપે રે, અંગનાં વસ્ત્ર ઉતારી. ૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ,
પ્રેમાનંદ કહે રે, ભક્ત તણા પ્રતિપાળ. ૧૦

પદ : ૬

એવાં કરે રે, ચરિત્ર પાવનકારી,
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી. ૧

ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે,
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે. ૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને,
છીંક ખાયે રે, મુખ પર આડો દઈને. ૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ,
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ. ૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ,
છેડે રૂમાલને રે, વળ દીધાની ટેવ. ૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો,
પરદુઃખહારી રે, વારી બહુનામીનો. ૬
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાયે,
દયા આણી રે, અતિ આકળા થાયે. ૭
અન્ન, ધન, વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે,
કરુણાદૃષ્ટિ રે, દેખી વાન જ વાળે. ૮
ડાબે ખભે રે, ખેસ આડસોડે નાખી,
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી. ૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી,
ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી. ૧૦

પદ : ૭

નિત નિત નૌતમ રે, લીલા કરે હરિરાય,
ગાતાં સૂણતાં રે, હરિજન રાજી થાય. ૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે,
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે. ૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે,
ક્યારેક સંતને રે, પીરસવા પધારે. ૩
ત્યારે ડાબે રે, ખભે ખેસને આણી,
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી. ૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ,

જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ. ૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ,
સંત હરિજનને રે, પીરસવાને કાજ. ૬
શ્રદ્ધાભક્તિ રે, અતિ ઘણી પીરસતાં,
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં. ૭
પાછલી રાત્રિ રે, ચાર ઘડી રહે જ્યારે,
દાતણ કરવા રે, ઊઠે હરિ તે વારે. ૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી,
કર લઈ કળશો રે, જળ ઢોળે વનમાળી. ૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે,
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે. ૧૦

પદ : ૮

રૂડા શોભે રે, નાહીને ઊભા હોયે,
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે. ૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણિ,
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી. ૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વહાલે,
આવે જમવા રે, ચાખડીએ ચઢી ચાલે. ૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા,
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા. ૪
જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી,
તે પર ડાબો રે, કર મેલે વનમાળી. ૫
જમણા પગને રે, રાખી ઊભો શ્યામ,
તે પર જમણો રે, કર મેલે સુખધામ. ૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ,
વારે વારે રે, પાણી પીધાની ટેવ. ૭
જણસ સ્વાદું રે, જણાય જમતાં જમતાં,
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા. ૮

તેમને આપી રે, પછી પોતે જમે,
જમતાં જીવન રે, હરિજનને મન ગમે. ૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ,
ઓડકાર ખાયે રે, પ્રેમાનંદનો નાથ. ૧૦

પદ : ૯

ચળું કરે રે, મોહન તૃપ્ત થઈને,
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને. ૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે,
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે. ૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો,
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો. ૩
વર્ષા ઋતુને રે, શરદ ઋતુને જાણી,
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી. ૪
સંત હરિજનને રે, સાથે લઈને શ્યામ.
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ. ૫
બહુ જળક્રીડા રે, કરતાં જળમાં ન્હાય,
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય. ૬
ન્હાઈને બારે રે, નીસરી વસ્ત્ર પહેરી,
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી. ૭
પાવન યશને રે, હરિજન ગાતાં આવે,
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે. ૮
ગઢપુરવાસી રે, જોઈને જગ આધાર,
સુફળ કરે છે રે, નેણાં વારંવાર. ૯
આવી બિરાજે રે, ઓસરીએ બહુનામી,
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી. ૧૦

પદ : ૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ,

પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ. ૧
ફળિયામાંહી રે, સભા કરી બિરાજે,
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે. ૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને,
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને. ૩
બે આંગળીએ રે, તિલક કર્યાની પેરે,
ભાલ વચ્ચે રે, ઊભી રાખી ફેરે. ૪
સૂતાં સૂતાં રે, માળા માગી લઈને,
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને. ૫
ભૂલ ન પડે રે, કે'દી એવું નિયમ,
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ. ૬
ભરનિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય,
કોઈ અજાણે રે, લગાર અડી જાય. ૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ,
'કોણ છે ?' પૂછે રે, સેવકને સુખધામ. ૮
એવી લીલા રે, હરિની અનંત અપાર,
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર. ૯
જે કોઈ પ્રીતે રે, શીખશે સૂણશે ગાશે,
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે. ૧૦

રાગ : ધોળ

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વ્હાલા.
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વ્હાલા. ૧
ચિહ્ન અનુપમ અંગો અંગનાં, સૂરતે સંભારું વ્હાલા.
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વ્હાલા. ૨
અરુણ કમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વ્હાલા.
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વ્હાલા. ૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વ્હાલા.
ઊર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા. ૪

અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વ્હાલા.
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વ્હાલા. ૫
જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા.
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વ્હાલા. ૬
અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ જવ વ્હાલા.
વજ્ર, અંકુશ, કેતુ ને પદ્મ, જમણે પગે નવ વ્હાલા. ૭
ત્રિકોણ, કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વ્હાલા.
અર્ધચંદ્ર ને વ્યોમ સાત, છે ડાબે પગે ચિહ્ન વ્હાલા. ૮
જમણા પગના અંગૂઠાના નખમાંહી ચિહ્ન વ્હાલા.
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા. ૯
એ જ અંગૂઠાને પાસે, તિલ એક નૌતમ ધારું વ્હાલા.
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વ્હાલા. ૧૦

રાગ : ગરબી

પદ : ૧

હવે મારા વહાલાને નહીં રે વિસારું રે,
શ્વાસ ઉચ્છ્વાસે તે નિત્ય સંભારું રે. ૧
પડ્યું મારે સહજાનંદજીશું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે. ૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે,
એ વર ન મળે ખરચે નાણું રે. ૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે. ૪
દુરીજન મન રે માને તેમ કહેજ્યો રે,
સ્વામી મારા હૃદયાની ભીતર રહેજ્યો રે. ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી રે. ૬

પદ : ૨

હવે મારા વહાલાનાં દર્શન સારુ,
હરિજન આવે હજારે હજારું. ૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી. ૨
સભામધ્યે બેઠાં મુનિનાં વૃંદ,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર. ૩
દુર્ગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ ને બ્રહ્મચારી. ૪
તાળી પડે ઊપડતી અતિ સારી,
ધૂન્ય થાય ચૌદ લોક થકી ન્યારી. ૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે. ૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ અક્ષરધામના વાસી. ૭
ભાંગી મારી જન્મોજન્મની ખામી,
મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી. ૮

(આ પછી પાંચ મિનિટ ધ્યાનમાં ભગવાન અને સંતને સંભારવા અને પછી તેમને પોઢાડવા.)

રાગ : બિહાગ

પોઢે પ્રભુ સકલ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્યમૂર્તિ, સંતનકે વિશ્રામ. પોઢે. ૧
અક્ષર પર આનંદઘન પ્રભુ, કિયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા, લહત અક્ષરધામ. પોઢે. ૨
શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી, હોત જન નિષ્કામ. પોઢે. ૩
પ્રેમકે પર્યંક પર પ્રભુ કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરણઢિગ ગુન, ગાવત આઠું જામ. પોઢે. ૪

રાગ : ગરબી

રે શ્યામ તમે સાચું નાણું,
બીજું સર્વે દુઃખદાયક જાણું...રે શ્યામ. ટેક
રે તમ વિના સુખ સંપત કહાવે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે,
અંતે એમાં કામ કોઈ ના'વે...રે શ્યામ. ૧
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી,
તેથી મારી મનવૃત્તિ અટકી...રે શ્યામ. ૨
રે અખંડ અલૌકિક સુખ સારું, રે જોઈ જોઈ મન મોહ્યું મારું,
ધરા ધન તમ ઉપર વારું...રે શ્યામ. ૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું,
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું...રે શ્યામ. ૪

૨૧. નિયમ

'શિક્ષાપત્રી', 'ધર્મામૃત' અને 'નિષ્કામશુદ્ધિ'માં શ્રીજીમહારાજે ગૃહસ્થ હરિભક્તો તથા ત્યાગીઓ માટેના નિયમો લખ્યા છે. 'શિક્ષાપત્રી'માં લખેલા નિયમોનું યથાર્થ પાલન કરવું તથા ત્યાગીઓએ પણ 'ધર્મામૃત' અને 'નિષ્કામશુદ્ધિ'માં લખેલા નિયમોનું પાલન કરવું એ શ્રીજીમહારાજની આજ્ઞા છે. નિયમના પાલન સિવાય તો ઋષિઓ અને દેવતાઓને પણ દેશકાળને યોગે કરીને વિઘ્ન આવ્યાં. માટે મોટાપુરુષની બાંધેલી જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી. માટે ત્યાગી તથા ગૃહસ્થ સર્વેએ પોતપોતાના ધર્મમાં રહેવું જોઈએ. જો નિયમ-પાલનમાં અતિરેક કરે અથવા ઓછું વર્તે તો પણ તેમને સુખ ન થાય; પરંતુ દૃઢતાપૂર્વક નિયમ-પાલન કરે તો વૈરાગ્ય ન હોય તો પણ વૈરાગ્ય આવે છે અને પંચવિષય પણ જીતી શકાય છે. નિયમરૂપી જે ધર્મમર્યાદા તેના પાલનમાં જે શિથિલ હોય તે શ્રીજીમહારાજને ગમતો નથી. મોટાપુરુષની આજ્ઞામાં જે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે એવું 'વચનામૃત'માં શ્રીજીમહારાજનું વચન છે. જે નિયમ પાળે છે તેનો પાયો સત્સંગમાં અચળ છે. માટે નિયમ પાળવાનો આગ્રહ શિર સાટે રાખવો.

ત્યાગીઓએ નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માન – એ

પાંચ વર્તમાન ‘શિક્ષાપત્રી’, ‘ધર્મામૃત’ અને ‘નિષ્કામશુદ્ધિ’ પ્રમાણે પાળવાનાં હોય છે. ગૃહસ્થ સત્સંગીઓએ દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર તથા વટલવું-વટલાવવું નહીં – આ પંચ વર્તમાન તથા નીચેના અગિયાર નિયમો મુખ્યપણે પાળવાના હોય છે :

(૧) કોઈ જીવની હિંસા ન કરવી, (૨) પરસ્ત્રીના સંગનો ત્યાગ કરવો, (૩) માંસ ન ખાવું, (૪) દારૂ ન પીવો, (૫) વિધવા સ્ત્રીનો સ્પર્શ ન કરવો, (૬) આત્મહત્યા ન કરવી, (૭) ચોરી ન કરવી, (૮) કોઈને માથે જૂઠું કલંક ન નાખવું, (૯) કોઈ દેવની નિંદા ન કરવી, (૧૦) જેનું ખપતું ન હોય તે ખાવું -પીવું નહીં, (૧૧) વિમુખના મુખથી ભગવાનની કથા ન સાંભળવી.

નિશ્ચય

આપણને આપણું નામ, આપણી જ્ઞાતિ, આપણું ગામ વગેરેનું જ્ઞાન, જેવી રીતે દૃઢ થયું છે અને કોઈ પણ સંજોગોમાં ભુલાતું નથી, તેવી જ રીતે આપણા ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામી અનંત કોટિ બ્રહ્માંડના આધાર, અક્ષરધામના અધિપતિ, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ અને સર્વોપરી છે અને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર – શ્રીજીમહારાજને રહેવાનું ધામ છે, એમ જે દૃઢપણે સમજવું તેનું નામ નિશ્ચય.

ભગવાન પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા અને પોતાનું સુખ આપવા આ પૃથ્વી પર મનુષ્યરૂપે પધારે છે. એમનું આ મનુષ્યસ્વરૂપ અને એમની ક્રિયાઓ અન્ય મનુષ્ય જેવી હોય છે, છતાં એ દિવ્ય છે, કલ્યાણકારી છે; એમ સમજવું એ નિશ્ચય.

એ મનુષ્યરૂપમાં તથા અક્ષરધામમાં બિરાજતા દિવ્ય સ્વરૂપમાં કોઈ પણ ભેદ નથી, બંને એક જ છે, એમ સમજવું એ નિશ્ચય.

એ પરમાત્મા આ પૃથ્વી ઉપર પ્રત્યક્ષ ન હોય ત્યારે તેમના ધારક પરમ એકાંતિક સંત જેમના દ્વારા તેઓ આ પૃથ્વી ઉપર અખંડ વિચરે છે, તે સ્વરૂપને ઓળખીને તેમાં સદા દિવ્યભાવ રાખવો, એ નિશ્ચય.

આ પ્રમાણે નિશ્ચયની દૃઢતા થતાં છેલ્લી કોટીનો એટલે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય થાય છે ત્યારે અષ્ટ આવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું પુરુષોત્તમ નારાયણનું

ધામરૂપ જે અક્ષર તે રૂપે પોતે થાય છે અને પુરુષોત્તમની ઉપાસના કરે છે, એટલે કે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના કરવી એ જ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કહેવાય.


પક્ષ

આપણા ઈષ્ટદેવ શ્રીજીમહારાજ તથા તેઓને અખંડ ધારી રહેલા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશ્રિત સત્સંગી વૈષ્ણવનો માથા સાટે દૃઢ પક્ષ રાખવો એ પાકા હરિભક્ત માટે જરૂરી અંગ છે. ભગવાનના ભક્તનો પક્ષ રાખનાર ઘણા ભક્તોનું શ્રીજીમહારાજે આત્યંતિક કલ્યાણ કર્યું છે. પક્ષ રાખતાં આબરૂ વધે કે ઘટે, દેહ જીવે કે મરે અથવા માન થાય કે અપમાન થાય તો પણ ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહીં. ભગવાનના ભક્તનો પક્ષ રાખવાથી ભગવાનની ખૂબ જ પ્રસન્નતા થાય છે. જેવી રીતે આપણા સગાં-સંબંધીઓ દોષે યુક્ત હોય છે છતાં આપણે તેમનો પક્ષ રાખીએ છીએ, તેવી જ રીતે ભગવાનના ભક્તના દૈહિક સ્વભાવના દોષ ન જોતાં, તેમને ભગવાનનો આશરો છે – એ જ એક વાત મુખ્ય રાખી, તેમનો પક્ષ રાખવાથી ભગવાન પ્રસન્ન થાય છે.

૨૨. ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત

ગુંદાળી ગામને પાદર સ્વામિનારાયણના સાધુ ભિક્ષા માગવા આવ્યા હતા. બપોરનો વખત હતો, પણ બંનેની ઝોળી ખાલી હતી. કાઠી મેરામણ અને મામૈયાની આઈ રાણદેબાઈને પિયરનો સત્સંગ હતો. તેણે સાધુને જોયા એટલે કોઈના મારફત ઘેર બોલાવ્યા, ઉતારો આપ્યો અને ખીચડીનું સીધું આપ્યું. મેરામણ અને મામૈયો બંને ખેતરે ગયા હતા. આઈ છેટે બેસી સાધુનાં દર્શન કરતાં હતાં.

તેવામાં ત્યાં જેમ હોળીના ઘેરૈયા છૂટે તેમ દરબારના કુંવર ને તેના સાગરીતો દોડતાં આવ્યા. સાધુને રસોઈ કરતા જોઈ એક જણે એક સાધુના વાંસામાં કડિયાળી ડાંગ ઠબકારી. સાધુ તો ત્યાં ને ત્યાં જ પડી ગયા. બીજાએ પણ બીજા સાધુની ચોટલી પકડીને હવામાં પથરો ફેંકે તેમ જોરથી આમતેમ હલાવી ફેંક્યા, તે દૂર જઈને પડ્યા. સામે બેઠેલી આઈ તો આ જોઈ ધ્રૂજી



ઊઠી. એણે સાદ પાડ્યા : 'એ બાપા ! મારશો નહીં અમારા સાધુને.'

પણ તેનું કોણ સાંભળે ? ખીચડીના તપેલાને ઊંધું પાડી, ગોકીરો કરતું હસતું હસતું, જાણે ભારે કામ કર્યું હોય તેવા ગર્વમાં ટોળું સંતોને ગામબહાર કાઢતું ત્યાંથી ચાલ્યું ગયું. આઈ તો હીબકાં ભરીને રોવા માંડી.

ખેતરેથી મેરામણ તથા મામૈયો બપોરે ઘેર જમવા માટે આવ્યા. ત્યાં તો આઈને રોતાં જોયાં. ફળિયામાં ખીચડીનું તપેલું ઊંધું પડેલું જોયું. કંઠીના ને માળાના પારા વેરાયેલા જોયા. બંને ભાઈઓ આઈ પાસે આવ્યા. તેનું માથું ઊંચું કરીને પૂછ્યું : 'આઈ ! શું થયું ? કેમ રુવો છો ?'

આઈએ ઊંચું જોયું. મેરામણ ને મામૈયાને જોયા. તેના મોંમાંથી શબ્દો સરી પડ્યા : 'મામાના સાધુને મારીને કાઢ્યા.'

બંને ભાઈઓ કાંઈ સમજ્યા નહીં. ફરી પૂછ્યું : 'આઈ! કોણ આવ્યું'તું ? શું થયું ? કાંઈ માંડીને વાત તો કરો.'

આઈએ આંખો લૂછતાં બધી વાત કરી. જેમ આઈ બોલતાં ગયાં, તેમ બંનેનું લોહી ઊકળતું ગયું. બંનેનાં અંગ ધ્રૂજવા લાગ્યાં. કમર ઉપરની તલવાર ઉપર બંનેનો હાથ ગયો : 'આઈ ! હવે તો એનાં માથાં ઉડાડીને પછી જ દાણો મોંમાં મૂકશું.'

ત્યારે મામૈયે કહ્યું : 'પણ પહેલાં ઉચાળા ભરીને આઈને ગઢડા રવાના કરીએ, નહીં તો દરબાર વેર લીધા વિના રહેશે નહીં.'

આ વાત મેરામણને વાજબી લાગી. ગાડું તૈયાર કર્યું ને ઘરવખરી અંદર ભરી બંને ભાઈઓ આઈને ગઢડાના માર્ગે મૂકવા ગયા. ગઢડાને કેડે આઈને સાબદાં કરીને બંને ભાઈઓએ કહ્યું : 'આઈ ! જો સાજા નરવા રહ્યા તો ગઢડામાં મહારાજની હજૂરમાં મળશું, નહીં તો ધામમાં ભેગા થાશું.'

આઈએ પણ છેલ્લા 'જય સ્વામિનારાયણ' કીધા અને મામાના સાધુનું વેર લેવા, માથાં હોમી દેવાં, દીકરાને ઝાઝા જુહાર કર્યા.

ઘેર આવીને બંને ભાઈઓ નાહ્યા. બંને ઘોડેસવારો કેડ ઉપરની તલવાર ઢીલી કરી, દરબારની ડેલીએ ગયા અને પડકાર ફેંક્યો : 'મામાના સાધુને કોણે માર્યા ?'

ડાયરામાં ભંગ પડ્યો. જુવાનિયા થંભી ગયા. પછી તરત જ દરબારના કુંવરે પૂછ્યું : 'સ્વામિનારાયણના મૂંડિયાને ?'

'હા, હા, અમારા મામાના સાધુને.'

'મેં માર્યા, મેં', એમ કહેતાં તો તે જુવાને પોતાની છાતીએ હાથ દીધો.

કાઠીના હાથમાં ઉઘાડી બરછી નાગણની જીભ જેમ લબકારા લે તેમ ધ્રૂજતી હતી. તેનો હાથ તરત જ ઊપડ્યો. 'તો લે તું હવે,' એમ કહેતાં તો



તેની બરછીએ કુંવરના પ્રાણ લઈ લીધા. ડાયરામાં હાહાકાર થઈ ગયો. આ કાઠી જુવાનોને બીજા પકડવા આવતા હતા ત્યાં બીજા જુવાને પણ તેની તલવાર વીંઝી અને બીજાનું ડોકું ઉતારી લીધું. 'પકડો, મારો' એમ રીડિયારા થયા, પણ ત્યાં તો આ કાઠી જુવાનો ત્યાંથી નાઠા.

દરબારના કુંવરને મારીને બંને કાઠીઓ ત્યાંથી ભાગ્યા. દરબારના ખેતરનો ઊભો મોલ તલવારે કરીને ઝૂડવા માંડ્યો. થોડી વારમાં તો આખું ખેતર ખલાસ કર્યું. ત્યાં વાર આવતી દેખી. બંને શૂરવીરોએ વારની સામા થઈ, 'જય સ્વામિનારાયણ' કરી તલવાર વીંઝી, પણ મોલનાં ડૂંડાં કાપવાથી તલવાર બૂઠી થઈ ગઈ હતી. તોય કેટલાયનાં માથાં કાપી બંને ભાઈઓ ત્યાં મરાયા. મામાના સાધુના અપમાનનો બદલો લીધો.

આ વાતની જ્યારે ગઢડામાં શ્રીહરિને ખબર પડી, ત્યારે શ્રીહરિ બોલ્યા: 'જે આવી રીતે સાધુનો પક્ષ રાખી મરાયા તેને ધન્ય છે! લડાઈમાં મરીને મરનારને જો સ્વર્ગની પ્રાપ્તિ થાય છે તો આ બે ભાઈઓ તો મારા માટે મરાણા, માટે તેમને અક્ષરધામની પ્રાપ્તિ થઈ ગઈ. તેમનું કલ્યાણ મુક્તાનંદ સ્વામી જેવું કરીશું.'

આ પ્રમાણે પોતાના મામાના સાધુ જાણી, કેવળ પક્ષ રાખવાથી આ કાઠી ભાઈઓ મરાયા, તેથી શ્રીજીમહારાજે તેમને અક્ષરધામ બક્ષિસ આપ્યું.

પક્ષનો આ પ્રતાપ છે !

૨૩. પરમચૈતન્યાનંદ સ્વામી

પરમચૈતન્યાનંદ સ્વામી, રામાનંદ સ્વામી પાસે દીક્ષા લઈ સાધુ થયા હતા. ત્યારબાદ વિદ્યાભ્યાસ કરી વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી. શ્રીજીમહારાજે તેમને સદ્ગુરુ બનાવી તેમના મંડળમાં પચાસ સાધુ આપ્યા હતા. રામાનંદ સ્વામીના સમયના આ વૃદ્ધ પરમચૈતન્યાનંદ સ્વામીને શ્રીજીમહારાજ ખૂબ જ આદર આપતા. હરિભક્તો પણ તેમને બહુ માન આપતા. કોઈ પણ હરિભક્ત શ્રીજીમહારાજને કંઈપણ પદાર્થ ભેટ ધરવા આવે ત્યારે પહેલાં પરમચૈતન્યાનંદ સ્વામી પાસે લાવે ને પછી શ્રીજીમહારાજ પાસે જાય.

તે વખતે મોડા ગામના એક ક્ષત્રિય હરિભક્ત ત્યાગી થવા વરતાલ આવ્યા, પરંતુ શ્રીજીમહારાજે તેમને આજ્ઞા કરી કે 'બોચાસણના કાશીદાસનું

હળ હાંકો.' શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર તેમણે કાશીદાસનું હળ ત્રણ વરસ હાંક્યું. તેથી શ્રીજીમહારાજ તેમના ઉપર ઘણા જ રાજી થયા. પછી તેમને ત્યાગીની દીક્ષા આપી અને 'અક્ષરાનંદ' નામ પાડ્યું. તેમની આવી સેવાથી રાજી થઈ શ્રીજીમહારાજે તેમને વરતાલના મહંત બનાવ્યા.[3]

પરમચૈતન્યાનંદ સ્વામી જૂના હોવા છતાં પણ નવા અક્ષરાનંદ સ્વામીને મહંત કર્યા તેથી માનભંગ થવાથી તેમને ખોટું લાગ્યું. તેમને થયું કે 'કાલે સવારે સાધુ કર્યા ને આજે મહંત કર્યા !' તેઓ રિસાઈને ચાલી નીકળ્યા.

તે વખતે તેમના મંડળના પચાસ સાધુ પણ તેમની સાથે જવા તૈયાર થયા. ત્યારે સ્વામીએ તેમને પૂછ્યું : 'તમે બધા કેમ નીકળ્યા ?'

એટલે તેમણે કહ્યું : 'જ્યાં અમારા ગુરુ ત્યાં અમે.'

તે સાંભળી સ્વામીએ કહ્યું : 'હું તો માનખંડન થવાથી નીકળ્યો છું, પણ ભજન તો તેમનું જ કરું છું. મહારાજ ભગવાન છે, કલ્યાણના દાતા છે. માટે તમે સૌ પાછા જાઓ ને આ નિશ્ચય દૃઢ રાખજો ને અખંડ ભજન કરજો.'

સૌ પાછા ફર્યા. તે વાત સાંભળી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા : 'જે ગયા તે ભક્ત છે ને આ પાછા આવ્યા તેમને ગમ જ નથી. પરમચૈતન્યાનંદ સ્વામીને અમારો એવો ને એવો જ મહિમા છે. તેઓ બહાર નીકળ્યા છે છતાં સત્સંગમાં જ છે.'

પરમચૈતન્યાનંદ સ્વામી ફરતાં ફરતાં ધરમપુર આવ્યા. ત્યાંનાં રાણી કુશળકુંવરબા મુમુક્ષુ હતાં ને બ્રાહ્મણ પાસે કથા વંચાવતાં હતાં.

કથા પૂરી થયા બાદ બધા બાવાના પગ ધોઈને ચરણામૃત પીતાં. તે પ્રમાણે પરમચૈતન્યાનંદ સ્વામીના પગ ધોવા ગયાં ત્યારે સ્વામી એકદમ આઘા ખસી ગયા. જ્યારે કુશળકુંવરબાએ જાણ્યું કે આ સંત તો સ્ત્રી-ધનના ત્યાગી છે, ત્યારે રાણીને તેમનો ઘણો મહિમા સમજાયો. તેમના અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ !

ત્યારબાદ કુશળકુંવરબા તેમના પુત્ર પાસે સ્વામીની રોજ પૂજા કરાવતાં

---

૩. સંપ્રદાયના ગ્રંથોમાં અક્ષરાનંદ સ્વામીના આખ્યાન જેવું જ આખ્યાન એ જ નામથી અગતરાઈ પાસેના ખોરાસા ગામના રાજાભાઈ માટે પણ પ્રાપ્ત થાય છે. બંને આખ્યાનો સત્ય હકીકત હોવા છતાં, અલગ અલગ ગ્રંથોમાં નામોમાં ભેળસેળ થઈ હોવાથી તેને અલગ તારવવાનું અસંભવિત બન્યું છે.



અને પડદો નંખાવીને સ્વામીની વાતો રોજ સાંભળતાં. ભગવાન સ્વામિનારાયણના અદ્‌ભુત ઐશ્વર્ય-પ્રતાપની પરમચૈતન્યાનંદ સ્વામીએ વાતો કરી, તેથી રાણીને સત્સંગનો રંગ લાગ્યો. તેઓ સ્વામિનારાયણના આશ્રિત થયાં અને તેમનું ભજન કરવા લાગ્યાં. તેઓ ઘણી વાર સ્વામીને હાથી ઉપર બેસાડી પોતાના નગરમાં ફેરવતાં. આવો અતિ અપાર મહિમા શ્રીજીમહારાજનાં સંતનો સમજતાં.

ગઢપુરમાં શ્રીજીમહારાજને આ વાતની ખબર પડી. તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું : ‘હાથી ખૂંત્યો હોય તે હાથીથી જ બહાર નીકળે. પરમચૈતન્યાનંદ સ્વામી તમારા થકી પાછા આવશે. માટે તમો ધરમપુર જાઓ.’

શ્રીજીમહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી ધરમપુર આવ્યા. પરમચૈતન્યાનંદ સ્વામી તે વખતે હાથીની સવારી ઉપર નીકળ્યા હતા. તેમની દૃષ્ટિ મુક્તાનંદ સ્વામી ઉપર પડી. તરત જ હાથી ઉપરથી તેઓ ઊતરી ગયા ને મુક્તાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કરી બોલ્યા : ‘મહારાજની શી આજ્ઞા છે ?’

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ‘મહારાજે તમને બોલાવ્યા છે !’

તરત જ ત્યાંથી તેઓ પાછા વળ્યા ને મુક્તાનંદ સ્વામીને કહ્યું : ‘બાઈ બહુ મુમુક્ષુ છે. તો તમો અહીં રહી તેને વાતો કરજો.’

પછી તેઓ ગઢપુર શ્રીજીમહારાજ પાસે આવ્યા.

પરમચૈતન્યાનંદ સ્વામી બુદ્ધિશાળી ને ચિકિત્સાવૃત્તિવાળા હતા, પણ શ્રીજીમહારાજના સર્વોપરીપણાની વાતો તેમને રુચતી નહીં. ગોપાળાનંદ સ્વામી શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની વાતો કરતા ત્યારે પરમચૈતન્યાનંદ સ્વામી તેમને કહેતા : 'છોકરા ! ભગવાનને તોલ મા.'

એક વખત ગઢડામાં જળઝીલણી મહોત્સવ ઉપર રઘુવીરજી મહારાજ પધાર્યા હતા. સૌ ઘેલા નદીએ ઠાકોરજીને જળ ઝીલાવવા ગયા પરંતુ પરમ-ચૈતન્યાનંદ સ્વામીને સાથે લઈ જવાનું ભૂલી ગયા. તેથી તેમને એમ થયું કે 'આપણને કોઈએ સંભાર્યા નહીં.'

આ સાંભળી ગોપાળાનંદ સ્વામીના સાધુ જે તેમની સેવામાં હતા, તે બાળમુકુંદાનંદ સ્વામીએ તેમને કહ્યું : 'આપણે ક્યાં માન મેળવવા માટે સત્સંગી થયા છીએ ?'

પરમચૈતન્યાનંદ સ્વામીને એકદમ અંતર્દૃષ્ટિ થઈ. તેમણે કહ્યું : 'છોકરા ! આ જ્ઞાન કોની પાસેથી તું શીખ્યો ?'

ત્યારે તેમણે કહ્યું : 'મારા ગુરુ ગોપાળાનંદ સ્વામી પાસેથી.'

તે સાંભળી પરમચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું : 'કાલે ગોપાળ સ્વામીને બોલાવજે.'

બીજે દિવસે ગોપાળાનંદ સ્વામી પરમચૈતન્યાનંદ સ્વામીને આસને આવ્યા. તેઓ ઢોલિયા ઉપર બેઠા હતા ને ગોપાળાનંદ સ્વામી નીચે સાદડી ઉપર બેઠા હતા. ગોપાળાનંદ સ્વામીએ સત્સંગના મહિમાની ને શ્રીજી-મહારાજના સર્વોપરીપણાની અદ્ભુત વાતો કરી. તે સાંભળી તેમનું અંતર ટાઢું થઈ ગયું. તેથી તેમણે કહ્યું : 'કાલે ફરી આવજે.'

બીજે દહાડે તેમણે ઢોલિયો કાઢી નાખ્યો ને સામસામી સરખી ગાદી નાખી બેઠા. ગોપાળાનંદ સ્વામીની વાતોથી તેઓ મુગ્ધ થઈ ગયા.

ત્રીજે દિવસે પણ તેમણે ગોપાળાનંદ સ્વામીને બોલાવ્યા, પણ આ વખતે ગોપાળાનંદ સ્વામીને ઢોલિયા ઉપર બેસાડ્યા ને પોતે નીચે બેઠા.

ગોપાળાનંદ સ્વામીની વાતોથી તેમને અંતરમાં શાંતિ થઈ. તેઓ સ્વામીનાં ચરણોમાં આળોટ્યા ને બોલ્યા : 'બાર વરસ ગુરુ રહ્યો ને બાર વરસ સદ્ગુરુ રહ્યો પણ સત્સંગી તો આજ થયો.'

બાળમુકુંદાનંદ તથા ગોપાળાનંદ સ્વામી ન મળ્યા હોત તો તેમને ખોટ રહી જાત.

'હે મહારાજ! તમારા સાધુ ઓળખાવજો.' એમ તેઓ ઘણી વાર પ્રાર્થના કરતા. ગોપાળાનંદ સ્વામીના સમાગમથી પરમચૈતન્યાનંદ સ્વામી નિર્માનીપણું ગ્રહણ કરી સાચા સંત બન્યા !

૨૪. કીર્તન

રાગ : ખમાચ

રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે... રૂડા
જરકસીઓ જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી,
ગૂંઢો રેંટો ઓઢી મન લલચાવતા રે... રૂડા
હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે,
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે... રૂડા
કનક છડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને,
ચિત્તડું ચોરી મીઠું મીઠું ગાવતા રે... રૂડા
પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી,
હેતે શું બોલાવી તાપ શમાવતા રે... રૂડા

૨૫. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો

[૧]

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી :

'કલ્યાણનો ખપ કેવો રાખવો જોઈએ જે, અગણોતરા કાળમાં ભીમનાથના રાંકા માગવા આવતાં ને કરગરતા ને તેને ધક્કા મારે તો પણ જાય નહીં, એવો ખપ રાખવો જોઈએ.'

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી જે, કલ્યાણનો કેવો ખપ રાખવો જોઈએ ? તો ભીમનાથના રાંકા જેવો.

અગણોતેરા કાળમાં કાઠિયાવાડમાં ધંધુકા પાસે ભીમનાથ મહાદેવના બારણે કડછો થૂલું આપવામાં આવતું. તે દુષ્કાળને લીધે લોકો ત્યાં આવતા ને

થૂલા માટે લાંબી કતારમાં ઊભા રહેતા. તેઓ એકદમ ધસારો કરતા તેથી થૂલું આપનારો હડસેલો મારતો અને તેઓ બધા નીલકા નદીની રેતીમાં પડતા. પણ પાછા ઊભા થઈ ફરી આવતા, કારણ કે કડછો થૂલું ત્યાં જ મળવાનું હતું. કલ્યાણનો આવો ખપ રાખવો જોઈએ.

શ્રીજીમહારાજ વાત કરતા :

એક ગુરુ હતા. તે વનમાં તપ કરતા હતા. તેમની પાસે એક મુમુક્ષુ ગયો અને સેવા માટે ત્યાં રહેવા દેવાની માંગણી કરી. ત્યારે તે ગુરુએ કહ્યું : 'અહીં મારે માટે રોજના એક શેર ચોખા આવે છે. તે રાંધીને ખાઉં છું. બીજું કાંઈ નથી.'

મુમુક્ષુ અતિશય ખપવાળો હતો. તેણે કહ્યું : 'ભાતનું ઓસામણ હશે તે પીને સમાગમ કરીશ.' આ સાંભળી ગુરુએ તેને ત્યાં રહેવાની રજા આપી.

થોડા વખત પછી બીજો મુમુક્ષુ આવ્યો. તેણે પણ ગુરુનો સમાગમ કરવા માટે ત્યાં રહેવા દેવાની માગણી કરી. ત્યારે ગુરુએ પરિસ્થિતિ જણાવી કે ભોજનની કાંઈ વ્યવસ્થા નથી. ત્યારે ચેલાએ પૂછ્યું : 'આ ચેલો શેનાથી નિર્વાહ કરે છે ?'

ત્યારે ગુરુ કહે : 'તે તો ભાતનું ઓસામણ પીવે છે.'

એટલે તે ચેલાએ કહ્યું : 'ભાતની હાંડલીમાં જે વધ્યું હશે તેનું ધોવાણ પીને હું સમાગમ કરીશ.'

તેનો ઈશક જોઈને તેને પણ રહેવા દેવાની ગુરુએ હા પાડી.

થોડા દહાડા પછી ત્રીજો સેવક આવ્યો. ગુરુએ તેની આગળ ઉપરની હકીકત રજૂ કરી, ત્યારે તેણે કહ્યું : 'આપની થાળીમાં ચળું કર્યાં પછી જે ધોવાણ રહેશે તે પીને હું સમાગમ કરીશ.'

તેનો પણ ખપ જોઈને ગુરુ બહુ રાજી થયા ને રહેવાની રજા આપી.

ક્યારેક શ્રીજીમહારાજ આ ત્રણ શિષ્યો ઉપરાંત ચોથા શિષ્યની પણ વાત કરતા કે થોડા દહાડા પછી ચોથો શિષ્ય સમાગમ કરવા આવ્યો ને તેને ગુરુએ કહ્યું કે 'હવે તેના જીવનનિર્વાહ માટે કશું જ નથી, કારણ કે ઓસામણ તથા તપેલાનું અને થાળીનું પાણી ત્રણ સેવક પી જાય છે.'

ત્યારે તે મુમુક્ષુએ કહ્યું : 'ચોખા સાફ કરતી વખતે ઝાટકશો ને જે ટુકડા-દાણા બહાર પડશે તે વીણીને ખાઈશ ને તે દ્વારા દેહનો નિર્વાહ કરીશ.'

છેવટે તેને પણ ઉત્કૃષ્ટ મુમુક્ષુ જાણીને ગુરુએ રહેવા માટે હા પાડી.

આ શિષ્યોએ ગુરુનો સાચો મહિમા જાણ્યો હતો ને મોક્ષનો ખપ હતો તો ઓસામણ ને પાણી ઉપર રહીને પણ સમાગમ કરવા તેઓ તૈયાર થયા.

જેને મોક્ષનો આવો ખપ હોય તે દિવસ દિવસ પ્રત્યે સત્સંગમાં વધતો જાય છે.

[૨]

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી :

'હીરો કોઈ રીતે ફૂટે નહીં પણ માકડના લોહીથી ફૂટે. તેમ વાસના કોઈ રીતે ટળે નહીં, પણ મોટાપુરુષ કહે તેમ કરે, તેનો ગુણ આવે ને તેની ક્રિયા ગમે તો વાસના ટળે, નીકર સાધન તો સૌભરી આદિકનાં કેવાં ? પણ વાસના ટળી નહીં.'

વાસના એટલે ઇચ્છા-તૃષ્ણા. તે ટળવી બહુ જ કઠણ છે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે વાસના તપથી કે પોતાના પુરુષાર્થથી ટળતી નથી.

જૂનાગઢમાં એક નાગર બ્રાહ્મણ રહેતા હતા. બહુ જ સ્વાદિયા. સારામાં સારું ભોજન જમવા જોઈએ. રસોઇયો રસોઈ બનાવે પણ ભોજનના સ્વાદમાં કાંઈક ફેર પડ્યો હોય તો થાળી પછાડે, ગુસ્સો કરે અને ઘરમાં સૌને વઢે. તેમનાં કુટુંબીઓ તેમની આ ટેવથી ત્રાસી ગયાં હતાં. તે જમી ન રહેતા ત્યાં સુધી સૌનાં મન ઊંચાં જ રહેતાં.

આ નાગર હરિભક્ત દરરોજ મંદિરે દર્શને જતા પણ કથાવાર્તા સાંભળવા બેસતા નહીં. દૂરથી જ પગે લાગી ચાલ્યા જાય. તેમના ત્રાસથી કંટાળીને તેમની માતાએ બીજા હરિભક્ત મારફત ગુણાતીતાનંદ સ્વામીને પોતાનું દુઃખ કહેવડાવ્યું. બીજા દિવસે જ્યારે તે હરિભક્ત દર્શન કરીને પાછા જતા હતા, ત્યારે સ્વામીએ તેમને બોલાવ્યા ને કથામાં બેસાર્યા.

કથા પૂરી થયા પછી સ્વામી જમવા પધાર્યા. 'સ્વામી શું જમતા હશે ?' એવી ઉત્સુકતાથી આ હરિભક્ત તે વખતે ભંડારમાં જોવા ગયા. તેમને મનમાં હતું કે આવા મોટા મંદિરના મહંત છે, તેથી જરૂર દરરોજ મિષ્ટાન્ન ને સારાં પકવાન જમતા હશે. દૂરથી પોતે દર્શન કરતા હતા. સ્વામીના પત્તરમાં બાળમુકુંદ સ્વામીએ રોટલાનો ભૂકો પીરસ્યો ને તેની ઉપર છાશ રેડી. આ હરિભક્તને મનમાં થયું કે 'દૂધપાક કે દૂધ હશે !' અંતર્યામીપણે તેનો સંકલ્પ જાણીને

સ્વામીએ તુંબડીમાંથી થોડું પાણી પત્તરમાં રેડ્યું ને સ્વામી જમવા લાગ્યા.

આ જોઈને તે હરિભક્તની ભ્રાંતિ ભાંગી ગઈ. પાસે આવીને, પગે લાગીને બેઠા ને સ્વામીને પૂછ્યું : 'આપ શું જમો છો ?'

ત્યારે સ્વામીએ કહ્યું : 'અમે ખુરમા (રોટલાનો ભૂકો) અને છાશ જમીએ છીએ.'

નાગર હરિભક્તને અપાર આશ્ચર્ય થયું : 'અહોહો ! આવા મોટા મંદિરના મહંત રોટલો ને છાશ જ જમે છે ! સ્વામી નિઃસ્વાદી છે.' એમ બહુ જ ગુણ આવ્યો. આ ગુણ લેવાથી તેના અંતરનું પરિવર્તન થઈ ગયું.

ઘેર જમવાનું મોડું થયું હતું. સૌ ગભરાતાં હતાં કે આજ વઢશે. પરંતુ પીરસેલી થાળીમાં જે હતું તે કાંઈ પણ બોલ્યા વગર જમી ગયા. રસાસ્વાદ ટળી ગયો ને પાકા સત્સંગી થઈ ગયા.

તેથી જ શ્રીજીમહારાજે કહ્યું છે કે કૂતરા જેવો કામી હોય ને આ સંતને નિષ્કામી જાણે તો પોતે પણ નિષ્કામી થઈ જાય. આ સંતને નિર્દોષ સમજીએ તો આપણે નિર્દોષ થઈ જઈએ. મોટાપુરુષનો ગુણ આવે ને તેની ક્રિયા ગમે તો વાસના તરત જ ટળી જાય છે. સૌભરી વગેરે ઋષિમુનિઓ સાધન કરીને સૂકાઈ ગયા પણ તેમની વાસના ટળી નહીં. એટલે વાસના ટાળવામાં સાધન કરતાં સત્પુરુષનો સંગ એ જ શ્રેષ્ઠ છે.

[3]

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી :

'આપણે તપાસ કરવો જે, હજાર રૂપિયા મળે તેનું શું ફળ છે, લાખ રૂપિયા મળે તેનું શું ફળ છે ને કરોડ રૂપિયા મળે તેનું શું ફળ છે ? કેમ જે, રોટલાથી તો વધારે ખવાતું નથી. માટે તપાસ કરવો ને પાછા વળતાં શીખવું.'

આ વાતમાં સ્વામીએ સમજાવ્યું કે ગમે તેટલા રૂપિયા મળે તેનું ફળ શું છે ? તેનો નિરંતર તપાસ કરવો; કારણ કે, દેહ મૂકીને જઈશું ત્યારે કશું જ સાથે આવવાનું નથી.

વસોના વાઘજીભાઈ ગુણાતીતાનંદ સ્વામીના અનન્ય શિષ્ય. તેમને અંતરે અખંડ શાંતિ વર્ત્યા કરે. તેમના પિતા તુલસીભાઈને તમાકુનો મોટો વેપાર, એટલે નવરાશ મેળવી જૂનાગઢ જઈ ન શકે.

તેથી સ્વામીને તેમણે વસો તેડાવ્યા. સ્વામીને તેઓ વારંવાર કહેતા : 'હે સ્વામી ! બેના ચાર દી' રહો, ચારના આઠ દી' રહો, પણ મારા દીકરા વાઘજીના જેવું મારા અંતરમાં ટાઢું કરો.' પરંતુ તુલસીભાઈ વેપારમાંથી નવરા થાય જ નહીં. સવારે દર્શન કરી દુકાને જાય તે ઠેઠ સાંજે આવે. વેપારની લગની એવી હતી કે સ્વામી પાસે આવીને બેસી શકાય નહીં.

ત્રણ દિવસ વીતી ગયા, પરંતુ તુલસીભાઈ સ્વામીના સમાગમનો કે કથાવાર્તાનો લાભ લઈ શક્યા નહીં. છતાં 'ટાઢું કરો, ટાઢું કરો' એમ સ્વામીને કહ્યા કરે. ચોથે દિવસે તેમને સ્વામીએ બેસાડ્યા ને વાત કરી કે 'જેમ લાખ મણ લોઢાની લોઢી તપાવીને લાલચોળ કરી હોય, તેના ઉપર એક-બે પાણીના ઘડા નાખીએ તો તે ટાઢી થાય ખરી ?'

ત્યારે તુલસીભાઈ કહે : 'ના સ્વામી !'

ત્યારે સ્વામીએ કહ્યું : 'તેને તો ગંગા નદીના ધરામાં નાખીએ ત્યારે પંદર દિવસ સુધી તો હવેલી જેવી છોળ્યો ઊછળે - ત્યારબાદ ટાઢી પડે. તેવી રીતે આટલાં વર્ષો સુધી તમે વહેવાર કર્યો છે તેના તાપે કરીને તમારું અંતર તપી ગયું છે. તે વાતોના કે દર્શનના બે છાંટાથી ઘડીમાં ટાઢું ન થાય. આપણે લાખ રૂપિયા ખર્ચ કરીએ પણ અંતઃકરણનું અજ્ઞાન ન જાય. તે તો જ્યારે આવા સાધુનો સમાગમ કરીએ તો જ જાય.' એ પ્રમાણે સ્વામીએ ખૂબ બળની વાતો કરી.

પછી તુલસીભાઈ જૂનાગઢ જતા અને સ્વામીનો સમાગમ કરતા. સમાગમથી તેમના અંતરમાં શાંતિ થઈ ગઈ. માટે સંત-સમાગમ કરી અંતરમાં પાછા વળતાં શીખીએ તો અંતરમાં ટાઢું થાય.

[૪]

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી :

'જેમ ગાય છે તે વાછડા સારુ પારસો મૂકે છે, તેમ જે શિષ્ય હોય તે ગુરુને મન સોંપે તો અંતઃકરણનું અજ્ઞાન ટાળી નાખે, પણ તે વિના ટળે નહીં.'

સત્યકામ જાબાલિ જ્ઞાન મેળવવા ગુરુ પાસે ગયો. તે વખતે ગુરુએ તેને ગોત્ર, કુળ વગેરે પૂછ્યું. તેણે કહ્યું : 'મને ખબર નથી.'

પછી માને પૂછવા ગયો. ત્યારે તેની મા કહે : 'તારા પિતા નથી.'

ત્યારબાદ જાબાલિએ આશ્રમમાં આવીને સાચી વાત ગુરુને કરી. ત્યારે

ગુરુ કહે : 'તેં મારાથી કાંઈ છુપાવ્યું નથી. માટે તું બ્રાહ્મણ જ છે.' એમ કહી પોતાના આશ્રમમાં રહેવા માટે રજા આપી.

એક વખત ગુરુએ કહ્યું : 'આ ગાયો ચરાવવા કોણ જશે ? ચારસો ગાયમાંથી હજાર ગાય થાય ત્યાં સુધી ચરાવવાની છે. પછી હું તેને જ્ઞાન આપીશ.'

આ સાંભળી બીજા શિષ્યો તો 'અમે જ્ઞાન મેળવવા આવ્યા છીએ, પણ ગાયો ચરાવવા આવ્યા નથી.' એમ કહી દૂર ખસી ગયા. પણ સત્યકામ જાબાલિ ગુરુ આજ્ઞા માથે ચડાવીને ગાયો ચરાવવા ગયો.

ગુરુની આજ્ઞા અનુસાર તે ગાયોની સેવા કરવા લાગ્યો. દરરોજ સવારે ગાયોને ચરાવવા લઈ જાય, પાણી પીવડાવે, ઘાસ નાખે, એમ સારી રીતે સેવા કરે. ગાયોની સંખ્યા વધતી ગઈ. સેવા કરતાં કરતાં ઝાડ, પાન, પશુ, પંખી દરેકમાંથી તે અનુભવ મેળવવા લાગ્યો. હજાર ગાય થતાં તે ગુરુ પાસે આવ્યો ત્યારે તેના ચહેરા પર જ્ઞાનનું તેજ પ્રકાશી રહ્યું હતું.

ગુરુએ તેના તરફ કૃપાદૃષ્ટિ કરી કહ્યું : 'તું બધું જ જ્ઞાન શીખી ચૂક્યો છે, આજથી બધું જ્ઞાન તને સિદ્ધ છે.' એમ કહી અંતઃકરણના આશીર્વાદ આપ્યા. ગુરુના આશીર્વાદથી બ્રહ્મજ્ઞાન તેને સિદ્ધ થઈ ગયું.

સ્વામી કહે છે કે આવી વાતો પારસો વળે ત્યારે જ થાય. જેમ ગાય છે



તે વાછરડા સારુ પારસો મૂકે છે અર્થાત્ વાછરડાને જોઈ ગાયનાં આંચળમાંથી દૂધની ધારા છૂટે છે, કારણ કે માતાને પોતાનું વાછરડું અતિશય વહાલું છે; તેમ જે સંશય રહિત થઈને પોતાનું મન સોંપીને ગુરુવચન અદ્ધર ઝીલે છે, ત્યારે ગુરુ તેનું અજ્ઞાન દૂર કરી નાખે છે. ગુરુની કૃપાદૃષ્ટિના અધિકારી થયા પછી શાસ્ત્રજ્ઞાનની જરૂર રહેતી નથી.

[૫]

સ્વામિનારાયણ હરે સ્વામી એ વાત કરી :

'વિષયને માર્ગે આંધળા થવું, બહેરા થવું, લૂલા થવું પણ આસક્ત ન થવું.'

સ્વામીએ વાત કરી કે વિષયનો માર્ગ જ દુઃખરૂપ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય જીવને અનાદિ કાળથી વળગ્યા છે. એક-એક વિષયમાં એક-એક પ્રાણીનું મૃત્યુ થાય છે.

(૧) શબ્દ : પારધી હરણને મારવા માટે વાંસળી વગાડે છે. તેને સાંભળવામાં હરણ તલ્લીન થઈને ઊભું રહે છે. તે વખતે પારધી તેને બાણથી વીંધી નાખે છે. (૨) સ્પર્શ : હાથીને પકડવા માટે મોટો ખાડો ખોદી તેના ઉપર થોડી ડાળીઓ રાખી બનાવટી હાથણી સામે ઊભી રાખવામાં આવે છે. સ્પર્શના લોભે કરીને હાથી ત્યાં દોડી આવે છે અને ખાડામાં પડી જાય છે. (૩) રૂપ : પતંગિયું દીવાના તેજ પ્રત્યે આકર્ષાય છે અને તેમાં જ બળી મરે છે. (૪) રસ : માછલીને પકડવા માટે માછીમાર કાંટામાં રોટલાના ટુકડા ભરાવે છે. માછલી આ ટુકડાઓ તરફ આકર્ષાઈને કાંટામાં ફસાઈ મરે છે. (૫) ગંધ : ગમે તેવા કઠણ લાકડાને કોરી ખાનારો ભમરો કમળની ગંધમાં આસક્ત થાય છે ને કમળ બીડાઈ જાય ત્યાં સુધી નીકળતો નથી. પછી એ કમળને હાથી પોતાની સૂંઢ વતે તોડીને પગ નીચે કચરી નાખે છે અને ભમરો મૃત્યુ પામે છે.

તેવી રીતે દરેક વિષયમાં એક-એક પ્રાણીનું આસક્તિએ કરીને મૃત્યુ થાય છે. તો પછી મનુષ્યદેહે કરીને આપણને પાંચેય વિષયો વળગ્યા છે, તો તે બંધન કેમ ન કરે ? જરૂર બંધન કરે જ.

એટલા માટે સ્વામી આપણને પંચવિષયને માર્ગે આંધળા, બહેરા, લૂલા થવાનું કહે છે. એટલે પંચવિષયમાંથી આપણી ઇન્દ્રિયોની વૃત્તિ ખેંચી લેવી. જગતનું રૂપ દેખાય તો આંખની વૃત્તિ ખેંચી લેવી. તેવી જ રીતે શબ્દમાંથી

કાનની, સ્વાદમાંથી જીભની, એમ બધી ઇન્દ્રિયોની વૃત્તિ ખેંચી લેવી. નેત્રે કરીને બીજું રૂપ જોવું તે હરામ છે, મને કરીને બીજો સંકલ્પ કરવો તે હરામ છે. આવી રીતે સાવધાન થઈને ઇન્દ્રિયોના આરામ હરામ કરે ત્યારે બ્રહ્મ-સ્થિતિ થાય છે અને પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે.

૨૬. સ્વરૂપાનંદ સ્વામી

શ્રીજીમહારાજની સંતમંડળીમાં ઉત્તર હિંદુસ્તાનના આ એક પ્રભાવશાળી સંત હતા. 'પશ્ચિમ દેશમાં જીવનમુક્ત પ્રગટ થયા છે' એવું સાંભળીને તેમને અંતરમાં અપાર શાંતિ થઈ. ગુજરાતમાં આવી શ્રીજીમહારાજને મળ્યા. દીક્ષા લઈ 'સ્વરૂપાનંદ સ્વામી' નામ ધારણ કરીને રહ્યા.

સ્વરૂપાનંદ સ્વામીને માંગરોળમાં શ્રીજીમહારાજે સમાધિ કરાવી. તેઓ અક્ષરધામમાં ગયા ને ત્યાં દિવ્ય સિંહાસન ઉપર અતિશય દિવ્ય સ્વરૂપે શ્રીજી-મહારાજને અનંત કોટિ મુક્તોથી વીંટાયેલા તેમણે જોયા. સમાધિમાં શ્રીજી-મહારાજનો આવો અદ્‌ભુત પ્રતાપ જોઈને તેમને નિશ્ચય થયો કે આ શ્રીજીમહારાજ છે તે સર્વોપરી, સર્વ અવતારના અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે.'

સ્વરૂપાનંદ સ્વામીને શ્રીજીમહારાજનો આવો દૃઢ નિશ્ચય થયા પછી તેમની સ્થિતિ પલટાઈ ગઈ. દેહનો અનાદર, આત્મનિષ્ઠા, પંચવિષયમાં વૈરાગ્ય વગેરે ગુણો તેમણે કેળવ્યા હતા.

એક વાર મંદવાડમાં શ્રીજીમહારાજે તેમને પૂછ્યું : 'દુઃખ બહુ થયું ?'

ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજ ! ટટ્ટુ દૂબળા હૈ, અસવાર તાજા હૈ.' એવી આત્મનિષ્ઠાની દૃઢતાવાળા હતા. તેમનામાં દેહનો ભાવ જણાતો નહીં, કારણ કે તેઓ સદા દેહભાવથી પર વર્તતા હતા.

એક વાર સ્વરૂપાનંદ સ્વામી ગામડે ફરીને આવ્યા. પછી શ્રીજીમહારાજે તેમને પૂછ્યું : 'દેશમાં મનુષ્ય કેવા છે ?' ત્યારે તેમણે કહ્યું : 'મનુષ્ય તો લીંબડી કે નીચે દેખા હૈ. બીજે મનુષ્ય નહીં હૈ.'

ત્યારે બીજા સંતો સમજ્યા નહીં ને પૂછ્યું કે 'મનુષ્ય દેખ્યા નહીં તો કલ્યાણ કોનાં કર્યાં ?'

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : 'બીજા તો નિયમ ધરાવીને, વર્તમાન પળાવીને

કલ્યાણ કરે, જ્યારે સ્વરૂપાનંદ સ્વામીને દર્શને કરીને કલ્યાણ થાય છે.'

સ્વરૂપાનંદ સ્વામીએ એક વખત શ્રીજીમહારાજને પૂછ્યું : 'આજ સત્સંગીકા કૈસા કલ્યાણ હોતા હૈ ?'

એટલે શ્રીજીમહારાજે તેમને કહ્યું : 'જૈસા બડા બડા અવતારોંકા કલ્યાણ હોતા હૈ, વૈસા સત્સંગીકા કલ્યાણ હોતા હૈ.'

ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા : 'તબ તો ગુરુ સાહેબ ! બહોત બડા કલ્યાણ હોતા હૈ.' એવી શ્રીજીમહારાજની સર્વોપરીપણાની દૃઢ નિષ્ઠાવાળા તે હતા. શ્રીજીમહારાજ સર્વોપરીપણાની વાતો તેમની પાસે કરતાં કદી અચકાતા નહીં.

એક વાર શ્રીજીમહારાજે સ્વરૂપાનંદ સ્વામીને વાત કરી કે 'જ્યારે નવો રાજા ગાદીએ બેસે ત્યારે તમામ બંદીવાનને છોડી મૂકે, તેમ અમારે અસંખ્ય જીવોનાં કલ્યાણ કરવાં છે, તે નરકના કુંડના જીવોને મુક્ત કરો.'

શ્રીજીમહારાજની આજ્ઞાથી સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાં ધર્મરાજા પાસે ગયા. ધર્મરાજાએ બહુ સ્તુતિ કરી પોતાના સિંહાસન ઉપર સ્વામીને બેસાડ્યા.



પછી સ્વરૂપાનંદ સ્વામીએ ધર્મરાજાને કહ્યું : 'નરકના કુંડ દેખાડો.'

ત્યારે નરકના કુંડ જોતાં જોતાં કુંભીપાક નરક આવ્યું. ત્યાં જીવનો અતિશય કકળાટ સાંભળી સ્વરૂપાનંદ સ્વામીને દયા આવી ને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એમ ધૂન કરવા લાગ્યા. 'સ્વામિનારાયણ' શબ્દના પ્રતાપે કરીને સર્વ જીવો ચતુર્ભુજ દેહ ધરી ભૂમાપુરુષના લોકમાં ગયા.

સત્સંગ પ્રચારાર્થે શ્રીજીમહારાજે સંતોને જુદી જુદી જગ્યાએ ફરવા મોકલ્યા હતા. તે વખતે સ્વરૂપાનંદ સ્વામી જગન્નાથપુરી સુધી ગયા. માર્ગમાં મુમુક્ષુઓ આગળ સત્સંગની વાત કરતા. જગન્નાથપુરી આગળ એક બ્રાહ્મણ તેનો એકનો એક ગુણવાન દીકરો મરી જવાથી તેના મૃતદેહ પાસે બેસી રડતો હતો. તેને દેખીને સ્વરૂપાનંદ સ્વામીને દયા આવી. 'તમે આટલું બધું શા માટે રડો છો ? તમારો પુત્ર ક્યાં મર્યો છે ?' એમ કહી શ્રીજીમહારાજના પ્રતાપથી સ્વરૂપાનંદ સ્વામીએ તેને સજીવન કર્યો. આથી, તે બ્રાહ્મણ આશ્ચર્ય પામ્યો. તેણે નગરના રાજાને વાત કરી, પરંતુ સ્વરૂપાનંદ સ્વામી તો તરત છાનામાના ત્યાંથી ચાલ્યા જ ગયા.

સ્વરૂપાનંદ સ્વામી શ્રીજીમહારાજની મૂર્તિ અખંડ દેખતા. ત્રણ દેહ ને ત્રણ અવસ્થાથી પર વર્તતા હતા, છતાં પણ જ્યારે દેહમાં મંદવાડ આવ્યો ત્યારે અંતરમાં અશાંતિ રહેવા લાગી. પછી શ્રીજીમહારાજે તેમને કહ્યું : 'પર્વતભાઈ પાસે જાવ. શાંતિ થઈ જશે.'

તેઓ અગત્રાઈ ગયા. પછી ત્યાં બે દિવસ રહી પર્વતભાઈને વાતો કરી પાછા ગઢપુર આવ્યા પણ શાંતિ ન થઈ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : 'તમને વાતો કરવા નો'તા મોકલ્યા પણ વાતો સાંભળવા મોકલ્યા હતા.'

પછી સ્વરૂપાનંદ સ્વામી અગત્રાઈ આવ્યા ને નિર્માનીપણે પર્વતભાઈને વાતો કરવાનું કહ્યું. ત્યારે પર્વતભાઈએ કહ્યું : 'દાદાખાચરનાં નળિયાંનું ધ્યાન કરો.' પછી પોતાની ભૂલ સમજાઈ. પોતે અખંડ મૂર્તિ દેખતા તેણે કરીને પ્રગટ મૂર્તિ - શ્રીજીમહારાજનાં દર્શન-સ્પર્શની જે ખેંચ રહેવી જોઈએ તે નહોતી. કારણ, મૂર્તિ અખંડ દેખતા હોય તો પણ પ્રગટ ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ કરવી અને તેનાં લીલાચરિત્રનું ગાન કરવું – એ જ્ઞાનનું ને અખંડ મૂર્તિ દેખ્યાનું ફળ છે. જ્યારે સ્વરૂપાનંદ સ્વામીએ આ વાતને અંતરમાં ધારી ત્યારે તેમને શાંતિ થઈ ગઈ.

૨૭. ધર્મ

'શિક્ષાપત્રી'માં શ્રીજીમહારાજે કહ્યું છે કે 'શ્રુતિ-સ્મૃતિ તેણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો.'

શ્રુતિ અને સ્મૃતિમાં મનુષ્યમાત્રને કરવા યોગ્ય એટલે વિધેય અને ન કરવા યોગ્ય એટલે નિષેધ; એ બંને માર્ગ બતાવ્યા છે. એ પ્રમાણે રહેવાથી અને પોતાના વર્ણ અને આશ્રમના ધર્મો પ્રમાણે ચાલવાથી મનુષ્યને આ લોકમાં સુખ, વૈભવ, કીર્તિ યશ મળે છે અને દેહ મૂકીને દેવલોકની પ્રાપ્તિ થાય છે.

પરંતુ આથી તેનો મોક્ષ થતો નથી. એટલે કે તેને જન્મ-મરણના ફેરા મટતા નથી, કારણ કે પુણ્ય ખૂટી પડતાં દેવલોકમાંથી પણ પાછું આવવું પડે છે.

તો પછી મોક્ષ આપે તે ધર્મ કયો ?

આ ધર્મનો વિશેષ અર્થ 'વચનામૃત'માંથી મળે છે. સદાચાર એટલે ધર્મ. સત્ એટલે પરબ્રહ્મ, સત્ એટલે બ્રહ્મ. બ્રહ્મ અને પરબ્રહ્મના આચારને અનુસરવું એટલે સદાચાર અને તે જ ધર્મ. શ્રીજીમહારાજનાં વચન એ મોટો ધર્મ છે. પરબ્રહ્મ પરમાત્માના ધારક ભગવત્સ્વરૂપ સંત પૃથ્વી પર વિચરતા હોય, તેમના આચરણને અનુસરવું એ પણ ધર્મ. તેમના આચરણને અનુસરવાથી મોક્ષ થાય છે. તેમનું જીવન 'શિક્ષાપત્રી'ના નિયમ પ્રમાણે અને શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે જ હોય છે, તેથી આપણે પણ 'શિક્ષાપત્રી'ની આજ્ઞાઓનું પાલન કરવું. તેમ કરવાથી અંતરમાંથી અધર્મના સંકલ્પો બધા જ નાશ પામી જાય છે અને ધર્મને માર્ગે ચલાય છે.

જ્ઞાન

જ્ઞાન એટલે જાણવું. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મનાં સ્વરૂપને રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. દેહ અને આત્મા જુદા સમજવા એ જ્ઞાનનો પાયો છે. દેહ અને આત્માના ગુણો જુદા જુદા છે. દેહ જડ, મિથ્યા, દુઃખરૂપ અને નાશવંત છે. આત્મા ચૈતન્ય, સત્ય, સુખરૂપ અને અવિનાશી છે. દેહના ગુણ આત્માને વિષે ન માનવા અને આત્માના ગુણ દેહને વિષે ન માનવા. દેહથી પૃથક્ આત્મારૂપે વર્તાય ત્યારે માન-અપમાન, હર્ષ-શોક, ભૂખ-તરસ વગેરે દેહના ભાવો ટળી જાય છે. જ્ઞાનીનું આ પાયાનું લક્ષણ છે.

વળી, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ – એ પાંચ ભેદનું સ્વરૂપ યથાર્થ ઓળખવાની પણ જરૂર છે. જીવ અલ્પજ્ઞ, અણુ સરખો સૂક્ષ્મ, ચૈતન્યરૂપ ને સમગ્ર દેહને વિષે વ્યાપીને રહેલો છે. અહં-મમત્વરૂપી માયા, જડ ને સત્ત્વ, રજ તથા તમ એ ત્રણ ગુણે યુક્ત, અંધકારરૂપ છે ને ભગવાનના ભજનમાં અંતરાય કરનારી છે. ઈશ્વર સર્વજ્ઞ, ચૈતન્યરૂપ ને મહત્ છે. ઈશ્વરને મહામાયાનું આવરણ છે. ઈશ્વર અનંત છે. અક્ષરબ્રહ્મ નિર્વિકાર કહેતાં વિકાર રહિત અને કૂટસ્થ કહેતાં સ્થિર, એક અને અદ્વિતીય છે. આ અક્ષરબ્રહ્મ સાકાર સ્વરૂપે પુરુષોત્તમ નારાયણની સેવામાં અખંડ રહે છે. તે જ અક્ષરબ્રહ્મ ધામરૂપે અતિશય તેજસ્વી, જીવ, ઈશ્વર અને માયાના પ્રકાશક, આધાર અને પ્રેરક છે. તે અક્ષરધામમાં ભગવાન પુરુષોત્તમ તથા અનંત કોટિ મુક્તો નિવાસ કરીને રહે છે. પરબ્રહ્મ પુરુષોત્તમ જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મના નિયામક ને આધાર છે. તે સર્વે દોષે રહિત ને અનંત કલ્યાણકારી ગુણોએ યુક્ત છે. એવી રીતે શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી, સર્વોપરી સમજવા એ જ્ઞાન છે. પોતાના આત્માને ત્રણ દેહ, ત્રણ અવસ્થા ને ત્રણ શરીરથી જુદો બ્રહ્મરૂપ માની પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરવી એ જ્ઞાનનું ફળ છે.

વૈરાગ્ય

ભગવાન વિના બીજી કોઈ પણ વસ્તુમાં પ્રીતિ ન થાય તે વૈરાગ્ય. આ મૃત્યુલોકથી છેક પ્રકૃતિ પુરુષના લોક સુધી જેટલા વૈભવ છે, ભોગ છે, સુખ છે, તેમાં ક્યાંય આસક્તિ ન થાય તે વૈરાગ્ય. આપણો દેહ, દેહનાં સગાં-સંબંધી તથા જગતના બધા જ વિષયો, તેમાં જ્યારે દોષ દેખાય ત્યારે તેની સહેજે જ અરુચિ થાય છે. તેનો દૃઢ અભાવ થાય ત્યારે વૈરાગ્ય દૃઢ થયો કહેવાય.

આ દેહ તથા જગત નાશવંત છે, દુઃખરૂપ છે, તેથી તેમાં ક્યાંય મોહ ન થાય એવું જ્ઞાન થાય ત્યારે વૈરાગ્ય ઊપજે છે. વૈરાગ્ય થતાં સર્વ પદાર્થમાંથી પ્રીતિ તૂટી જાય છે અને ભગવાનમાં દૃઢ સ્નેહ બંધાય છે. મોક્ષ મેળવવા માટે વૈરાગ્ય એ જરૂરી સાધન છે.

ભક્તિ

શ્રીજીમહારાજ અનંત દિવ્ય કલ્યાણકારી ગુણોનો ભંડાર છે અને અનંત

ઐશ્વર્ય યુક્ત તેમના સ્વરૂપમાં માહાત્મ્યજ્ઞાને (મહિમાપૂર્વકનું જ્ઞાન) સહિત સ્નેહ એટલે ભક્તિ. ભક્તિના નવ પ્રકાર ભાગવતમાં વર્ણવ્યા છે.

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं सख्यं दास्यमात्मनिवेदनम् ॥

– કથા સંભળવી, કીર્તન ગાવવાં, સ્મરણ કરવું, ભગવાનનાં ચરણકમળની સેવા કરવી, અર્ચન કરવું, વંદન કરવું, દાસભાવે સેવા કરવી, સખાભાવે સ્નેહ કરવો અને આત્મસમર્પણ કરવું – એ નવ પ્રકારની ભક્તિ કહી છે.

આપણો ભક્તિ સંપ્રદાય છે. ભક્તિ એ જ એક એવું સાધન છે જેનું આચરણ સહેલાઈથી થઈ શકે છે. જ્ઞાન, વૈરાગ્ય, તપ, યોગ, યજ્ઞ, યાગાદિ વગેરે વર્તમાન સમયમાં સિદ્ધ થવાં ઘણાં કઠણ છે. જેમ આંબો વાવ્યો હોય તેનું ઝાડ થાય ત્યારે છાંયો આપે, લાકડું આપે વગેરે અનેક ઉપયોગ આંબાના થઈ શકે પણ આંબાની પૂર્ણતા તો જ્યારે કેરીરૂપી ફળ આવે ત્યારે જ થાય છે, તેમ બીજા બધા ગુણો હોય પણ ભક્તિ ન હોય તો મોક્ષ થતો નથી. શ્રીજી-મહારાજ અક્ષરધામમાં દિવ્ય ઐશ્વર્ય સહિત બિરાજે છે. તે જ ભગવાન પોતાની ઇચ્છાથી આ લોકમાં પોતાના દિવ્ય પાર્ષદ, મુક્ત અને ઐશ્વર્ય સાથે પધાર્યા અને મનુષ્યરૂપે પ્રગટ થયા. તેમના આ સ્વરૂપનો મહિમા સમજી, તેમના મનુષ્યરૂપને દિવ્ય સમજી, તેમને નવ પ્રકારે પ્રીતિપૂર્વક ભજવા તે ભક્તિ. તેમજ તેમને અખંડ ધારી રહેલા એવા ગુણાતીત સત્પુરુષને પ્રીતિપૂર્વક પ્રગટપણે ભજવા તે ભક્તિ. આ ભક્તિથી મોક્ષ થાય છે.

૨૮. સુભાષિત

आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत्पशुभिर्नराणाम् ।
धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः ॥ १ ॥

આહાર, નિદ્રા, ભય અને મૈથુન અર્થાત્ સ્ત્રી-સંગ – આ ચાર લક્ષણ તો મનુષ્ય અને પશુ બંનેમાં સમાન છે. કેવળ ધર્મ જ મનુષ્યોમાં એક વિશેષ લક્ષણ છે. એટલા માટે ધર્મ વગરનો મનુષ્ય પશુતુલ્ય જ કહેવાય છે. (૧)

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥ २ ॥

અન્ય સ્થળોએ જે પાપ કર્યું હોય તે તીર્થમાં જઈને સ્નાન, પૂજા કે

પ્રાયશ્ચિત્ત કરીને નાશ કરી શકાય છે, પરંતુ તીર્થમાં જઈને જે પાપ કરે છે તે તો વજ્રલેપ થાય છે. શ્રીજીમહારાજ કહે છે કે અન્ય સ્થળને વિષે જે પાપ કર્યાં હોય તે સંતને સંગે કરીને જાય છે અને સંતને વિષે જે પાપ કરે છે તે તો વજ્રલેપ થાય છે અર્થાત્ સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતાં નથી. (૨) (સ્કન્દપુરાણ)

यस्यात्मबुद्धिः कुणपे त्रिधातुके स्वधीः कलत्रादिषु भौम इज्यधीः ।
यत्तीर्थबुद्धिः सलीले न कर्हिचिज्जनेष्वभिज्ञेषु स एव गोखरः ॥३॥

જે પુરુષને વાત, પિત્ત અને કફના દેહમાં આત્મબુદ્ધિ છે અને સ્ત્રી-પુત્રાદિકમાં મમત્વપણાની બુદ્ધિ છે અને ભૂમિના વિકારભૂત પ્રતિમા વગેરેમાં પૂજ્યબુદ્ધિ છે તથા જળમાં તીર્થબુદ્ધિ છે, તે પુરુષને આ પ્રકારની આત્મબુદ્ધિ ભગવાનના પરમ એકાંતિક સંતમાં નથી, તો તેને બળદિયો અથવા તો પશુઓમાં કનિષ્ઠ એવો ગધેડો જાણવો. (૩) (શ્રીમદ્ભાગવત : ૧૦-૮૪-૧૩)

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते ॥४॥
क्रोधाद् भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥५॥

વિષયોનું ધ્યાન કરનારા પુરુષને ફરીથી પણ વિષયોમાં સંગ અતિશય વૃદ્ધિ પામે છે, સંગથી કામ ઉત્પન્ન થાય છે. પુરુષ જે દશાને પામીને વિષયોને ભોગવ્યા વિના રહી શકે નહીં તે કામ કહેવાય. કામમાંથી ક્રોધ થાય છે, ક્રોધથી સંમોહ – 'આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી' એવા વિવેકની શૂન્યતા થાય છે, તેથી ન કરવાનાં પાપકર્મ કરે છે. સંમોહથી સ્મૃતિનો નાશ થાય છે, ને સ્મૃતિ-નાશ થવાથી બુદ્ધિનો અર્થાત્ આત્મજ્ઞાન સંપાદન કરવાનો જે પ્રયત્ન કર્યો હતો તેનો નાશ થાય છે, ને બુદ્ધિ નાશ પામે છે તેથી તેની મુક્તિનો માર્ગ નાશ પામે છે અર્થાત્ ફરીથી સંસારમાં ચોંટે છે. (૪,૫) (ગીતા : ૨/૬૨-૬૩)

निर्मानमोहा जितसङ्गदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥६॥

જે મનુષ્યો માન અને મોહથી રહિત છે, જેમણે આસક્તિરૂપ દોષને જીત્યો છે, જેઓ કામનાઓ છોડીને નિત્ય આત્મસ્વરૂપના ચિંતનમાં રહે છે,

જેઓ સુખ-દુઃખ વગેરે દ્વંદ્વોથી પર થયેલ છે, તેવા વિવેકીજનો તે અવિનાશી પદને - અક્ષરધામને પામે છે. (૬) (ગીતા : ૧૫/૧૫)

धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः ।
माहात्म्यज्ञानयुग्भूरि स्नेहो भक्तिश्च माधवे ॥ ७ ॥

શ્રુતિ-સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. (૭) (શિક્ષાપત્રી : ૧૦૩)

वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।
ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम् ॥ ८ ॥

અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહીં તે વૈરાગ્ય જાણવો. અને જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. (૮) (શિક્ષાપત્રી : ૧૦૪)

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥ ९ ॥

વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું; કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી અને સત્સંગ કરવો અને એમ ભક્તિ અને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. (૯) (શિક્ષાપત્રી : ૧૧૪)

૨૯. ગોરધનભાઈ

એક વાર ગોરધનભાઈ ઘેરથી નીકળી તળાવે કપડાં ધોવા જતા હતા. તેઓ હંમેશાં શ્રીજીમહારાજમાં વૃત્તિ રાખતા હતા. તે કપડાં લેવાને બદલે નાનો છોકરો સૂતો હતો તેને પગેથી પકડી ખભે નાંખ્યો. એમને મનમાં એમ કે ખભે લૂગડાં નાખ્યાં છે. ગોરધનભાઈ તો 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરતાં બજારમાંથી ચાલ્યા જતા હતા. છોકરો રોવા માંડ્યો પણ તેમને ખબર પડી નહીં. ત્યારે કોઈએ કહ્યું : 'અલ્યા ગોરધન ગાંડા ! આ શું કર્યું છે ? ખભે છોકરું ઊંધું ઉપાડ્યું છે તે રૂવે છે, માટે મૂકી દે.' ત્યારે ગોરધનભાઈને ખબર પડી, પોતાની ભૂલ સમજાઈ.

તેમણે દીકરાને નીચે ઉતારતાં કહ્યું : 'મેં જાણ્યું જે, લૂગડું છે.'



આવી જ્ઞાનની સ્થિતિ ગોરધનભાઈને હતી.

ગામ માંગરોળના આ ભક્તરાજ શ્રીજીમહારાજના પરમ કૃપાપાત્ર હતા. રામાનંદ સ્વામીના ધામમાં ગયા પછી સદાવ્રત આપવાની શરૂઆત શ્રીજીમહારાજે માંગરોળથી કરી હતી. ગોરધનભાઈની પ્રસાદીની હવેલી હજી પણ તેવી જ સ્થિતિમાં છે, જે જોતાં ગોરધનભાઈની શ્રીમંત સ્થિતિનો ખ્યાલ આવે છે.

શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણીરૂપે માંગરોળ પધાર્યા અને ડોસા વાવ ઉપર વિરાજમાન થયા હતા. તે સમયે ગોરધનભાઈ ત્યાં આવ્યા ને વર્ણી સ્વરૂપ શ્રીહરિની અલૌકિક મૂર્તિ જોઈને તેમની અંતર્વૃત્તિઓ શ્રીહરિના સ્વરૂપમાં ખેંચાઈ ગઈ. તેમણે હાથ જોડી જમવાનું પૂછ્યું.

'જે તૈયાર હોય તે લાવો,' એમ વર્ણીએ કહ્યું. ગોરધનભાઈ તો તરત જ સાટા, જલેબી વગેરે લઈ આવ્યા. તેથી નીલકંઠ વર્ણી આશ્ચર્ય પામ્યા.

ગોરધનભાઈએ કહ્યું કે 'આજે મારી ફોઈ પૂતલીબાઈનું કારજ છે, તેથી ઘરમાં રસોઈ તૈયાર હતી. અમારી ફોઈ રામાનંદ સ્વામીનાં ભક્ત હતાં.'

ત્યારે નીલકંઠ વર્ણીએ કહ્યું : 'તારી ફોઈ તો નરકમાં ગઈ છે. રામાનંદ સ્વામીએ સાચવવા આપેલું સોનું તેણે કપટ કરી લઈ લીધું હતું.'

એમ કહી નીલકંઠ વર્ણીએ ગોરધનભાઈને સમાધિ કરાવી ને તેની ફોઈને નરકમાં પડેલી દેખાડી. સમાધિમાંથી જાગ્યા પછી શેઠે વિનંતી કરી, ત્યારે શ્રીજીમહારાજે પૂતલીબાઈનો મોક્ષ કર્યો. ગોરધનભાઈને શ્રીજીમહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો.

એક વખત શ્રીજીમહારાજ ગોરધનભાઈની હવેલીમાં સભા કરીને બિરાજ્યા હતા. તે વખતે એક હરિભક્તે પગે લાગી પેંડાનો થાળ ધર્યો. શ્રીજી-મહારાજે ગોરધનભાઈને કહ્યું : 'અમને જમાડો.' ત્યારે શેઠ તો પોતે પેંડા જમવા લાગ્યા. તે થોડી વારમાં બધા જમી ગયા.

પાસે બેઠેલા હરિભક્તને શંકા થઈ કે 'મહારાજને જમાડવા પેંડા લાવ્યા તે ન જમ્યા ને ગોરધનભાઈ જમી ગયા.'

ત્યારે શ્રીજીમહારાજે તેમની શંકા દૂર કરતાં કહ્યું કે 'આ ગોરધનભાઈ તો અમને અંતરમાં ધારીને જમ્યા છે, તે અમે જમ્યા બરાબર છે. જેમ દુર્વાસા ઋષિ ભગવાનને સંભારીને ગોપીઓના સોળ હજાર એકસો ને આઠ થાળ

જમી ગયા તો પણ ઉપવાસી કહેવાયા. તેમ શેઠ ત્રણેય અવસ્થામાં પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને અમારું અખંડ ભજન કરે છે અને સમદૃષ્ટિવાળા છે, તેમને સાકર ને મીઠું સરખાં થઈ ગયાં છે.'

શ્રીજીમહારાજે સંતોને કહેલું કે 'અમારા ખરેખરા સત્સંગી તો ગોરધનભાઈ ને પર્વતભાઈ છે.'

પછી તો ગાંધીને ત્યાંથી સાકર ને મીઠું લાવીને જુદી જુદી થાળીમાં ગોરધનભાઈને આપ્યાં. ત્યારે બંનેને સાકર જાણી તેઓ જમી ગયા. તે જોઈને બિનસત્સંગી બોલ્યા કે 'ગોરધનભાઈની સ્થિતિ અલૌકિક છે, કારણ કે તેમને આ લોકની ગણતરી જ નથી.'

એક વાર માંગરોળમાં મુક્તાનંદ સ્વામી વગેરે સંતો સાથે શ્રીજીમહારાજ સમુદ્રસ્નાન કરવા પધાર્યા હતા. તે વખતે શ્રીજીમહારાજે ગોરધનભાઈને જોસથી ધક્કો મારીને સમુદ્રમાં નાંખ્યા અને જળની અંદર સમાધિમાં મોકલ્યા. મુક્તાનંદ સ્વામી વગેરે બહુ શોક કરવા લાગ્યા કે 'ગોરધનભાઈ ડૂબી ગયા. હવે ઘેર શો જવાબ આપીશું ?' એમ ઘણી વાર સુધી શ્રીજીમહારાજે તેમને સમાધિ અવસ્થામાં રાખ્યા ને વરુણ લોકની રચના બતાવી. પછી શ્રીજી-મહારાજે ચપટી વગાડી ત્યાં ગોરધનભાઈ સમુદ્રમાંથી બહાર આવ્યા.

માંગરોળના બીજા હરિભક્ત આણંદજીભાઈએ મુક્તાનંદ સ્વામીને વાત કરી કે 'ગોરધનભાઈએ ચાર હજાર રૂપિયાનો માલ લાવીને વેપાર શરૂ કર્યો છે, તેમાં કોઈ માલ લેવા આવે તેને માલ આપીને 'હસ્તે સ્વામિનારાયણ' લખે છે. એમના નામાનો ચોપડો જોયો તેમાં બધે 'હસ્તે સ્વામિનારાયણ' લખ્યું હતું.'

આથી, મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું કે 'આ ગોરધનભાઈનો વેપાર બહુ બગડી ગયો છે ને બધું 'હસ્તે સ્વામિનારાયણ' કરીને આપે છે. તેમાં આપણી આબરૂ જશે.'

ત્યારે શ્રીજીમહારાજ કહે : 'અરેરે ! એ તો બહુ ખોટું થયું. 'समलोष्ठाश्म-काञ्चनः' એમ બધું એમને સરખું થઈ ગયું છે.'

ત્યારે મુક્તાનંદ સ્વામી સમજ્યા કે શ્રીજીમહારાજે તો ઊલટાં ગોરધનભાઈનાં વખાણ કર્યાં.